

નૃત્યમૂર્તિ
શિલ્પી
શકુન્તલા દીવાનજી
ફોટો · જગન મહેતા
[જુઓ આ અંકમાં લેખ : કલાપ્રકાર]

કુમાર

૨૯૯
આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક
સંસ્થાપક રવિશંકર રાવળ · વર્ષ ૨૫ અંક ૧૧ · નવેમ્બર ૧૯૪૮
તંત્રી · બચુભાઈ રાવત




ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.



લોઢું અને પોલાદના વિવિધ ઉપયોગો

બીડ લોખંડ અને પોલાદમાં રહેલા કાર્બનના અંશ અનુસાર તેની સખ્તાઈ ચિકાશ આદિના પ્રમાણમાં બનતી રોજિંદા વપરાશની ચીજોનો આલેખ

આપણે રોજના વ્યવહારમાં લોઢાની બનેલી જે અસંખ્ય વસ્તુઓ જોઈએ છીએ તે બધી એક જ જાતના લોખંડમાંથી બનાવવામાં આવતી નથી. તે દરેકમાં વિવિધ પ્રકારનું લોઢું ઉપયોગમાં લેવાય છે. લોઢામાં અતિ અલ્પ પ્રમાણમાં કાર્બન(કોલસો) હોય છે જ. પરંતુ તે કાર્બનના એટલા અલ્પ પ્રમાણમાં યે સ્હેજસાજ વધારો થતાં પણ લોઢાના ગુણધર્મમાં ફરક પડી જાય છે એ એક આશ્ચર્યની વાત છે. ૧૦૦ ટકા પરિશુદ્ધ લોઢું બનાવવામાં તો વૈજ્ઞાનિકો હજુ સુધી સફળ બન્યા નથી.

લોખંડમાંથી બનાવવામાં આવતી અસંખ્યાત ચીજોમાં, તેના માટે જરૂરી ચિકાશ, મજબૂતાઈ, ટકાઉપણું, મુલાયમતા, કાટ-રહિતતા આદિ ગુણો જે જે પ્રમાણમાં જોઈએ તે તે પ્રમાણમાં તેમાંનું કાર્બનનું તત્ત્વ વધુ-ઓછું હોવું જોઈએ છે. બીજા શબ્દોમાં કહીએ તો, લોખંડમાં રહેલા કાર્બનના અંશના પ્રમાણની વધઘટ અનુસાર જ નાના પ્રકારના ઘસારાવાળી ચીજો બનાવી શકાય છે. તેનો જે માર્ગદર્શક આલેખ ઉપર આપ્યો છે તેમાં ડાબી બાજુને મથાળેથી ઊતરતાં અને જમણી તરફને મથાળે ચડતાં કુંડાળાંમાં કાર્બનના ટકાનું પ્રમાણ દર્શાવતા અંક છે, અને તે તે પ્રમાણવાળા કાર્બનયુક્ત લોખંડમાંથી કઇકઇ ચીજો બને છે તેની આકૃતિઓ તરફ તીરવાળી લીટીઓ એ અંકમાંથી દોરી બતાવી છે. ડાબી તરફને મથાળે પહેલું કુંડાળું શૂન્ય અંશનું છે અને પછી તે $\frac{૧}{૧૦}$, $\frac{૨}{૧૦}$, $\frac{૩}{૧૦}$ એમ ક્રમશઃ વધતું જઇ $\frac{૯}{૧૦}$ ટકા સુધી નીચે પહોંચે છે અને ૧ ટકાથી જમણી તરફ ચડવું શરૂ કરી ૪ ટકાના આંકે ટોચે પહોંચે છે. જ્યાં એ ટકા અપૂર્ણાંક રૂપે હોય છે ત્યાં તીરની લીટી બે અંકોની વચ્ચે દર્શાવી છે. દાખલા તરીકે સાંકળો માટેનું પ્રમાણ ૦.૦ અને ૦.૧ની અધવચ્ચે છે, એટલે તે .૧થી અર્ધું એટલે કે .૦૫ જ ($\frac{૫}{૧૦૦}=\frac{૧}{૨૦}$) સમજવાનું છે. એ જ પ્રમાણે રેલના સલેપાટ માટેનો આંક $\frac{૪}{૧૦}$ અને $\frac{૫}{૧૦}$ની વચ્ચે હોઈ $\frac{૫૫}{૧૦૦}$ ટકા દર્શાવે છે, અને તેના પકડ માટેનો આંક ૩ અને ૪ ટકાની વચ્ચે એટલે કે ૩$\frac{૧}{૨}$ ટકા દર્શાવે છે. એ બધા આંક હવે ક્રમવાર જોઈએ: ડાબી બાજુને મથાળેથી શરૂ કરતાં .૦૫ ($\frac{૫}{૧૦૦}$) ટકા કાર્બનવાળા લોઢામાંથી સાંકળ જેવી (વાળવી પડે તેવી અને ખૂબ ઘસારો તથા તાણ સહન કરી શકે એવી) ચીકણી વસ્તુઓ બનાવાય છે. તે જ રીતે .૧ ટકા કાર્બનવાળા લોઢામાંથી પ્યાલા આદિ વસ્તુઓ અને .૨ ટકા કાર્બનવાળા લોઢામાંથી આગબોટોનું બહારનું પડ બનાવાય છે. .૨૫ ટકા કાર્બન-પૂલ માટેનાં ગડેરો; .૪ કાર્બન રોલર-પૈડાં આદિ; .૫૫ ટકા કાર્બન-રેલવેના પાટા; .૭ ટકા કાર્બન-ફરસી, રંદા આદિ સુથારી ઓજારો; .૮ ટકા કાર્બન-ત્રીકમ, પાવડા, કોદાળી તથા સોય જેવા પદાર્થો; .૯ ટકા કાર્બન-કરવત આદિ તીક્ષ્ણ પદાર્થો; ૧ ટકો કાર્બન-કુહાડી વગેરે; ૧.૩ ટકા કાર્બન-કાનસ જેવા સખત પદાર્થો; ૧.૪ ટકા કાર્બન-કાતર, ચપ્પુ આદિ; ૩.૫ ટકા કાર્બન: રેલ્વેના પાટાના મજબૂત ગ્રિપર (પકડ); ને ૪ ટકા કાર્બનયુક્ત લોઢા યા બીડમાંથી તાર ટપાલ તથા વીજળીના થાંભલાઓ બનાવી શકાય છે.

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

નવેમ્બર · ૧૯૪૮

મોડી રાતે મયૂર

· પૃથ્વી ·

રચાઇ જગ પે હતી ધવલ રાતની રાવટી.
પડી ઉપડતો ઘડી પવન પાછલા પ્હોરનો
સુમંદ, અતિ મંદમંદ ફરકી રહ્યો શીતલ.
ગુલાલમય ઘેનનાં પડ પરે પડો જામતાં:
અકેક પડ ઘેનનું, સપનનું વળી એક, ને
મુલાયમ વીંટાય વેષ્ટન શરીરને સામટાં.
અજંપ ઉરના દબાઈ તળિયે જતા છેક જ,
બધું ય કબજે પડે સુખદ વિસ્મૃતિ–દાબડે.

સમગ્ર અવકાશનું સ્થિર બન્યું છ ચાંચલ્ય શું !
કણેકણ ધરા તણો ય વળી સ્થૈર્ય ધારી રહ્યો.
સુઘટ્ટ સઘળું સુવેષ્ટ જ્યમ બાંધતો પારદ.
અચાનક ક્યહીંયથી, મધુર દૂરની કુંજથી
ઘુંટાયલ ગળે ગહેકી ઉઠતો જ કો મોરલો–
પ્રસુપ્તિ મહીં શું પ્રજાગ્રત ટહૂકતી ચેતના ?

બાલમુકુન્દ દવે

મીઠાં પાણી

· મંદાક્રાન્તા ·

"રે, થંભી જા સરિત મધુરી! નિર્મળાં નીર તારાં
વ્હેતાં જાતાં કલકલ થતાં, લાગતાં શાં જ પ્યારાં!
ને, આ તારી લલિત વહતી, પાતળી, સ્વચ્છ કાયા:
—બન્ને તીરે તરુવર કશાં ઢાળતાં સ્નિગ્ધ છાયા!—

સીધી જાતી સમદર ભણી! સિન્ધુનાં ક્ષારવારિ
ઘ્હેળાંમાંહીં ક્યહિં શમી જશે મીઠડી સેર તારી!
ડૂબી જાશે ગરજનમહીં મંજુ મંજુ સિતારી!
રે, થંભી જા મધુરી, ઘડીમાં સિન્ધુ ખારો થનારી!"

"મારા મીઠા તટજન, કશી વાત રે, થોભવાની!
આવે વેળા વળી જ વળી, આગે જ આગે જવાની!
ને, થાવાનું ઉદધિમય?—શી વાત તારી રૂપાળી!
દ્હાડે—રાતે, પલ પલ રહી વાટ એની નિહાળી!"

સિન્ધુહૈયે શમી, નભ ચડી, વર્ષી, પાછાં વહેતાં,
મીઠાં પાણી કલબલ વહે ગૂઢ કૈં વાત કહેતાં!

પ્રજારામ રાવળ

ફોટોગ્રાફીનું કલાતત્ત્વ

[રવિશંકર રાવળ]

મૂલ્યવાન કલાકૃતિઓનો સર્જનાર જાણે છે કે કલાદેવી, ભાગ્યદેવીની જેમ, સહેજમાં અકસ્માત દર્શન આપી વરદાન દેતી નથી. સતત પ્રયત્ન, નિષ્ફળતાઓ અને કસોટી-ભર્યા પ્રયોગોથી જ કલાકારો પોતાના મનોભાવો ને સ્વરૂપોને ચિત્ર ઉપર ઉતારી શકયા છે. ફોટો–ચિત્રકળા પણ વ્યક્તિના એવા વિશેષ સર્જનનું એક સ્વરૂપ બની છે.

ફોટોગ્રાફીનો જન્મ ઇ. ૧૮૩૯માં થયો, એટલે આજે એને સો વર્ષ પૂરાં થઈ ગયાં. એમ તો બીજી ઘણી શોધોથી તેનું વય નાનું છે, છતાં તેણે માનવજાતની પાર વિનાની સેવા કરી છે. ગમે તેવી અટપટી રચના કે દશ્યને અથવા ચાલુ પ્રસંગને એક જ ચમકારે ઝડપી લેવાનું તે અજબ સાધન બન્યું છે, અને દુનિયાની દરેક પ્રવૃત્તિમાં આજે અનિવાર્ય ઉપયોગી અંગ બની ગયું છે. કૅમેરાએ સંસારની આપ-લેના સાર્વભૌમ વ્યવહારમાં ખૂબ જ અગત્યનો ફાળો આપ્યો છે.

બીજી તરફ તેણે માનવીના મનોભાવો ને પ્રત્યક્ષ અનુભવોને, શબ્દથી અશકય પણ ચક્ષુને શકય હોય એવાં રૂપોમાં ઉતારવાની તક આપી છે અને આજે બીજી કળા જેવી જ કક્ષાએ તેની ગણત્રી થવા લાગી છે.

ફોટોગ્રાફીમાં ચિત્રનીવ્યાખ્યા જુદાજુદા માણસો જુદીજુદી કરે છે. પણ એક વાત નક્કી છે કે બીજાને રસપૂર્વક જોવાનું મન થાય તેવું કાંઈક તેમાં હોય ત્યારે જ ફોટોગ્રાફ 'ચિત્ર' બને છે. કોઇ ને કોઈ મારા ચિત્રને જોવા ઊભું રહે એવી આશા ચિત્ર બનાવનારની હોય જ. પણ એવું ચિત્ર તો કોઇક જ વાર થાય કે જે આજ અને ભવિષ્યમાં સૌને જોવાલાયક બને. સેંકડો નાસિપાસી પછી જ એવું એકાદ ચિત્ર હાથમાં આવે, જે ઘણાંમાં ઘણાં આકર્ષણ ધરાવતું હોય, ને પરીક્ષકોનો પણ તે પર વિવાદ થાય. જે ચિત્રો કાળનો ઝપાટો સહન કરી ટકી રહ્યાં છે તે બધાંમાં એવું કોઇ સર્વદેશીય આકર્ષણ અને ખૂબી રહેલાં હોય છે, જેથી તે કીર્તિ પામે છે.

પણ તેથી કલા માટે કોઇ મર્યાદા આંકી ન શકાય. કલાનું કામ છે નિત્ય નવીનતાઓ ઉપજાવવાનું. પ્રત્યેક નવો કલાકાર નવીનવી શૈલીમાં કલાસર્જન કરે છે, ને તેવા દરેક પ્રસંગે કલાસ્વરૂપની વ્યાખ્યા બદલાતી રહે છે. પણ આપણે કેટલાક સામાન્ય (જુઓ પૃ. ૩૩૪)



સાહિત્ય અને શીલ

બલવન્તરાય
કલ્યાણરાય
ઠાકોર

અનુભવવૃદ્ધ વિદ્વાન બ. ક. ઠાકોરનું

માણસના જીવનપ્રવાહ વિપુલ બને છે કે કુંઠિત, લાંબા કાળ લગી ચાલ્યા કરે છે કે અલ્પ, વહે છે તે દરમિયાન પણ તેનાં રૂપ રંગ ઉપયોગિતા લોકોપકારકતા કેવાં રહે છે, તેમ નાયકને પોતાને તે પ્રધાનપણે સુખદ હોય છે કે દુઃખરૂપ, વગેરેનો આધાર મોટે ભાગે માણસના શીલ પર રહે છે. જીવનપ્રવાહનાં નિર્ણાયક કારણોમાં મુખ્ય તેનું પોતાનું શીલ હોય છે.

The style is the man; The man himself is no other than his character વગેરે કહેવત જેવાં થઈ ગએલ સૂત્રો, લોકોના ઘણા મોટા ભાગની સાદી સમજે આ બાબત વિશે શી ગાંઠ વાળી છે તે દર્શાવે છે. Style, manner એટલે રીતભાત, ચલન-વલન, સક્રિયતા--નિષ્ક્રિયતા (activity-inactivity), રુચિઅરુચિ, રાગદ્વેષ (likes and dislikes). એટલે એક જ શબ્દે કહીએં તો તેનું ચારિત્ર, શીલ, તેની પ્રકૃતિ; તેનાં વિશિષ્ટ લક્ષણો, તેના વ્યાવર્તક ગુણદોષ. ન્યાયની પરિભાષામાં તેનો મ્હેરોમ્હોરો તેના આકારડોળ એ જેવો માણસનો બાહ્ય differentia, તેવો એનું ચારિત્ર એનો અંતરસ્થ differentia.

ઘણા માણસો અનુભવે તારવી આપેલી આ વ્યાપ્તિ (generalization) સામે વારંવાર આખડેબાખડે છે. ને એ હકીકત એટલી તો મહત્ત્વની ને આપણા વિષયમાં એવી તો ભ્રામક છે, કે તેના કેટલાક દાખલા પ્રથમ જ જોઇ લેવા પ્રાપ્ત થાય છે.

ઘણા માણસો ઢચુપચુ મનના અને ભિન્નભિન્ન લાગણીઓથી ઘડી એક બાજુ તો ઘડી બીજી બાજુ ને વળી થોડીવારે ત્રીજી બાજુએ ઠેલાતાં હોય છે. આચારમાં તેઓ એક મહાપુરુષનું અનુકરણ કરતાં વળી બીજા કોઈ મહાપુરુષના મોહમાં પડી તેનું અનુકરણ આદરે, અને કોઈક મોટો બનાવ બની જતાં વળી કોઈ ત્રીજાને મહાપુરુષપદે સ્થાપી તેની પગલીઓ સેવવા જાય, એમ જોવામાં આવે છે. જ્ઞાન મેળવવાની ક્રિયામાં પણ કોઇક વિષય પાછળ એકાગ્રતા ન થતાં એકને મૂકી બીજા વિષય ભણી ને ત્યાંથી વળી ત્રીજાની દિશામાં વળે છે. આવાં વલખાંને પરિણામે તે બધામાં જ કાચો રહી જાય છે, એકે વિષયમાં તલસ્પર્શી દૃષ્ટિપરિપાક એને લાભતો નથી, બહુબહુ તો (એટલેકે બુદ્ધિ ને સ્મૃતિ સારાં હોય તો જ) માત્ર બહુશ્રુત બની રહે છે. આવો માણસ ફૂલણજી હોય તો વળી પોતાની મર્યાદાઓનું ભાન ખોઈ બેસે છે, પોતે અનેક વિદ્યાઓમાં વિશારદ છે એમ જ માની બેસે છે, અને પોતાના જ ફૂલણજીવેડાને પોતે જ પોષતો રહે છે. આવા માણસ પોતાના જ એવા તો ખુશામતિયા અને પીઠ-થાબડિયા બની જાય છે કે એ કાર્ય માટે એમના જીવનમાં બીજા માણસોની જરૂર જ પડતી નથી. દગલબાજ કે સ્વાર્થસાધુ મળી જાય, તો આ, જે જાતે ફુક્કો છે તે, ઘડીના છઠ્ઠા ભાગમાં પણ ફાટી પડે છે. અને આવાઆવા દાખલા આપણે ઘણાઘણા પ્રત્યક્ષ કરીએ છીએ, તેથી સુસ્પષ્ટ થઇ જાય છે કે અત્યારની દુનિયામાં ફૂલણજીવેડા અને આપવડાઈ (vanity)નો સડો સારી પેઠે ફેલાઇ ગયો છે.

સુભાગ્યે આપણામાં સમાજના દરેક પગથિયે નરી નિખાલસતા અને નિર્ભેળ ભોળપણના નમૂના પણ પાકયા કરે છે. આસપાસના લોકો આમને એટલા તો અવગણે છે કે તેમને મૂર્ખા જ ગણે છે. પણ આ બાળક જેવા ભોળિયા નિખાલસોને તે કશું ખૂંચતું પણ નથી. પોતાની જન્મસિદ્ધ ભોળી અને એકમાર્ગી પ્રકૃતિમાં જ તેઓ મગ્ન રહે છે, પોતાનો લીલામય જીવનપ્રવાહ વહાવ્યે જાય છે, હડસેલાય ત્યાંથી ખસી જાય છે, આકર્ષાય ત્યાં પોતાનો સમાસ કરી લે છે, અને પ્રવાહપ્રાપ્ત જે કંઈ ઉપર પોતાની આંખ પડે, તેનાથી

"સદા રાજી રાજી હૃદયમાં રહે છે."

એમની જન્મસિદ્ધ લીલામયતા જ એમનું શીલ છે અને એ શીલની દૃઢતા પણ અવિકારી ને અજોડ છે. તેમને નથી મહત્ત્વાકાંક્ષા, નથી ખેદ, નથી આશાનિરાશા, નથી અગમચેતી કે તેની અછતનું દુઃખ, નથી ભૂતમાંથી વળગણ રૂપ કોઇ પશ્ચાત્તાપ કે આત્મસંતોષ. કેવળ વર્તમાન ફલક પર જીવન ગુજારી રહેતા આ બુદ્બુદો વિષે શીલ કે તેની દૃઢતા-શિથિલતાને લગતા કોઈ પણ સવાલ અસ્થાને છે. અને આમને પશુ ગણવાં કે માનવી એવાએવા કટાક્ષગર્ભ સવાલ પણ વ્યર્થ છે; કેમ કે કુદરત આપણી યોનિનાં જ આવાં બંધુભગિની પેઢીપેઢીએ ઉપજાવતી રહે છે. સાહિત્ય આ ભોળી નિખાલસતાને આલેખવાનું સાહસ ખેડે, તો તે એણે સમભાવની વૃત્તિએ કરવું ઘટે, કેમકે આ વ્યક્તિઓ બીજાઓને ઓછામાં ઓછી ભારરૂપ બને છે, એટલું જ નહિ પણ જાણ્યેઅજાણ્યે ઘણાની સેવા બજાવે છે, ઘણાને સુખ વિતરે છે.

પણ આપણામાંનાં ઘણાં શીલની દૃષ્ટિએ મોટે ભાગે અડુકદડુકિયાં, કે બેસણી વિનાના દડિયા, કે લંબગોળ દડાં જેવા નીવડીએ છ, એ વિષે કોઇને પણ શંકા હોવી ના જોઇએ. જે ભાવનાવાદી આ હકીકતને જોતાંજોતાં પણ તેના અખાડા કરી પોતાના ભાવનાવાદને વળગી રહે છે તેને ભાવનાવાદી (idealist) ગણાય જ નહિ. એ તો છે ભોઠ; એના મત, એની વાણી, એની વાક્છટા, એની વિતંડા (sophistry)ને વજન જ દેવું ના હોય.

બાળક ઉછરી તો આવે, મોટું તો થઈ જાય, પણ શીલમાં પદ્માસનસ્થ યોગીના જેવી દૃઢતાવાળું ભલે નહીં તથાપિ કંઈકંઈ યે દૃઢતા વિનાનું રહે, મોટપણે ય બેસણી વિનાનો દડિયો કે લંબગોળ દડું જ હોય, એ તો મહામોટો પરાજય ગણાવાને પાત્ર. શિથિલ ચારિત્ર તે એ વ્યક્તિનો પોતાનો પરાજય, એના કુટુંબી-વડીલો-સંબંધી-સોબતીઓનો પરાજય, એની કેળવણીનો પરાજય, જે વાતાવરણમાં જે સંગતમાં એ ઉછરીને મોટો થયો તેમનો પણ પરાજય ગણાવો ઘટે છે. કેમકે બાળક નાનપણથી ઉછરીને મોટો માણસ થાય તે દરમિયાન ચારિત્ર ઘડાય છે અને તેના ઘડતરમાં મુખ્ય કારણ વ્યક્તિ પોતે છે; બીજે નંબરે કારણ એની કેળવણી છે જેની જવાબ-

ચારિત્ર્યઘડતરની ચર્ચા કરતું અને પુરુષાર્થને પ્રબોધતું એક પ્રવચન

હારી એના વડીલો-કુટુંબીઓ-શાળાઓ-ગોઠિયાઓની છે; ત્રીજે નંબરે કારણ ઝમાનાની સામાન્ય પરિસ્થિતિ, તેમાંનાં વિચારાચારવલણો, તેમાંના ધંધાઓની નીતિઅનીતિ, તેમાંથી મેળવવાના ભરણપોષણ માટે આચરવી પ્રાપ્ત થતી નીતિઅનીતિ, અને એ વ્યવહાર તથા ભરણપોષણની યાત્રાયાતનામાં એને જે સાથીસોબતી ચોતર્ફ વીંટી વળે છે તેમનાં આચરણોમાંની એવી નીતિઅનીતિ;— એટલાં કારણ આપણે એકઠાં ને એકબીજાથી અલગ ગણાવી શકીએ. સાહિત્ય એના વાંચવામાં આવે તેની કારણતા અથવા ચારિત્ર ઉપર અસર ઉપજાવવાની શક્તિ તો કેળવણી, વાતાવરણ અને સોબતસંગત રૂપ કારણોના પેટામાં ઉપકારણ રૂપે સમાવેશ પામે છે. આખી બાબત જરા ગુંચવાયલી દોરીના દડા જેવી છે, પરંતુ ધીરજ રાખીએ તો એમાં ન ઉકલે એવી ગૂંચ એકે નથી.

સોઽહં

મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો :

Man is man and master of his fate.
The mind is its own place and can make
A Heaven or Hell, a Hell or Heaven.
Not failure but low aim is crime.
Stand upright 'fore God and Man.
સમઝ સમઝ સાંઈ મેરા,
તૂ હિ કિશ્તી તૂ હિ હલેસા તેરા :
આપ તરેગા આપ હિ ડુબેગા
તારક કો ન, ન ડુબાડનારા તેરા :—સમઝ૦

વગેરે વગેરે મહાવાક્યો એક જ હાકલ સંભળાવે છે, એક જ સાદ પૂરે છે; જીવનપ્રવાહ અને કર્તવ્યબજાવણી, જનતાસેવા ને સદાચરણનો બધો આધાર દૃઢ શીલ પર છે. અને શીલની દૃઢતા સાધનાર મુખ્ય કારણ વ્યક્તિ પોતે છે. શીલની દૃઢતામાં જેટલી કચાશ રહે તેટલો તે વ્યક્તિનો પોતાનો પરાભવ છે, એટલી એની પોતાની જ નામર્દાઈ— એનું જ અપુરુષાતન છે. અને જે સાહિત્ય આ વિચારજૂથ અને વૃત્તિવલણને પોષે છે તે જ સાહિત્ય સમુત્ક્રાંતિસાધક અને પ્રગતિશીલ ગણાવું ઘટે; જે નર્યું ઊર્મિલ છે, કરુણતા ગ્લાનિ વિષાદ આદિને બહેલાવવામાં શબ્દશક્તિનાં પ્રદર્શનો કરી આનંદે છે, અને વાચક કને વખાણ અનુકરણ આદિ સારુ હાથ લંબાવે છે, તેને રોતલ અને ભિખારચોટ ગણવું ઉચિત છે.

વ્યક્તિના જીવનપ્રવાહના જયપરાજય, વ્યક્તિના જીવનપ્રવાહથી જે સમષ્ટિનું તે અંગ હોય તેના લાભાલાભ, વગેરેનો આધાર મુખ્યત્વે શીલદૃઢતા ઉપર છે, એ આપણે જોયું. કુટુંબપરંપરા, વડીલો, કેળવણી, સોબતસાથી, વાતાવરણ આદિ આનુષંગી કારણો પ્રવર્ત્તે છે ખરાં, પરંતુ મુકાબલે ગૌણ ગણાય એવાં જ છે. તોપણ ઘણાખરા માણસ પોતે પોતાના જય-પરાજયો, ચડ-પડો, ઉન્નતિ-અધોગતિ-આડગતિ આદિ વિષે પોતે સિંહાવલોકને ભૂતાનુભવો પર દૃષ્ટિ નાખતા હોય છે, ત્યારે એ અનુભવોને કેવાકેવા રંગે રંગવા રસી લેવા મથે છે, તે હવે જુઓ. એ અનુભવોમાંથી જે વિજયો ગણાય એવા હોય છે, તેને આપણો બંધુ, આ માનવ જંતુ, પોતાની શીલદૃઢતા અને પોતાની શક્તિઓને જમા આપી દે છે. મનુષ્યમાં ગુણજ્ઞતા, અનુગ્રહસ્વીકાર (gratitude) આદિ ઓછાં જ છે તેનો માનસશાસ્ત્રીય (psychological) ખુલાસો આ છે. અરે એના વિજયમાં એના પોતાપણાનો કશો આવિર્ભાવ ના થયો હોય, શતરંજ રમનારા પ્યાદાં ચલાવે છે તેમ જ એનું બીજી કોઇ વ્યક્તિ કે મંડળી કે સંસ્થાને હાથે તેની ઈચ્છાનુસાર તથા તેના આશયો પ્રમાણે ચલનવલન થયું હોય અને એ વિજય પોતાને પ્રાપ્ત થઈ ગયો હોય, ઝાડ પરનું પરિપક્વ ફળ વાયુએ હાલતાં કે પંખીએ ટોચતાં ડાળી પરથી ખરીને ખોળામાં આવી પડ્યું હોય, તો પણ આપણો જંતુ તો વિજયનો બધો જશ પોતાને ફાળે નોંધે છે; ઉપલી પરિસ્થિતિ તેના મગજમાં ઝાંખી થતીથતી ભુલાઈ પણ જાય છે, એમ એની સ્મૃતિ સત્યસેવિકા લેખે નહિ પણ એના ગુમાનની લોંડી હોય તેમ હાજીહા ભણે છે.

પણ સામી બાજુએ, પરાજયના અનુભવોને વાગોળતાં આપણો જંતુ શું કરે છે? તેમાં પણ પોતાની શિથિલતા, અનાવડત, શરતચૂક આદિને કારણ ગણીને પશ્ચાત્તાપે તપતો તપતો એ પોતાની નબળાઇઓને ઓછી કરવાને પ્રયત્નશીલ બને છે ખરો? છેક અસંભવિત નથી. મનુષ્યજાતિના બહોળા સમુદાયને સમગ્રે લેતાં, થોડાએક એવા દાખલા પણ મળી આવે છે ખરા, જેઓ ઘણું ખરું ભૂતકાળ આ રીતે વાગોળતા રહે છે, જેમના અંતરમાં પશ્ચાત્તાપની શગડી બુઝાતી જ નથી, અરે વારંવાર વારંવાર ભડકા પર ભડકા ઉછાળે છે, જે આસપાસના સંબંધી આદિને દેખાય છે એટલું જ નહિ, ઓછાવત્તા પ્રજાળે પણ છે. અને આ જંતુઓ, આપણા આ બંધુઓ જ આગળ ચાલતાં શીલદૃઢતા ખાટે છે, શક્તિઓ સાધે છે, સેવાપ્રસંગો અનાયાસે મેળવી લે છે, અને જાતે આત્મશ્રદ્ધા (Self-confidence) રળે છે તથા સમાજમાં મોખરે તરી આવે છે. (જે સાહિત્ય–જીવનચરિત, નવલ, નાટકનાટિકા,–આવાં પાત્રોના બાહ્યાભ્યંતર અનુભવોને સમભાવે આલેખે છે તે શીલપોષક સાહિત્યમાં ઉચ્ચ ગણનાને પાત્ર છે.) પરંતુ આવી વ્યક્તિઓ તો બહુ જ ઓછી. આપણે ઘણાખરા આપણી પોતાની ગઇગુજરીને સંભારતાં સંભારતાં જુદે માર્ગે જ ચાલીએ છીએ. એક તો એ પરાભવની માત્રા આપણે બનતાં લગી ઓછી આંકવા મથીએ છીએ; જો બની શકે તો એ બનાવને, નહિ પરાજય ને નહિ વિજયમાં, અથવા તો વિગતોને જરાતરા મચડીમરડીને આપણા વિજયોમાં જ ગણી લઇએ છીએ. વારુ; એવા યત્નમાં ના જ ફાવીએ, એને જો આપણે પરાજય લેખે સ્વીકારવો જ પડે છે, તો તેને આપણે બનતાં લગી નાનો નજીવો ન જેવો બનાવી લઈએ છીએ. ખરેખાત ઊંટ હોય તેને શ્રી ગજાનનના વાહન (mount) જેવો ગણી લઈએ છ. અને એ માટે પણ જવાબદાર આપણે કોને ગણીશું? આપણા શીલાભાવને? આપણી કોઇ અશક્તિને કે ભૂલને? ના રે ના. આપણે તો એ પરાભવની ગાંસડી કોઈ બીજાને જ ભાળવી દેવા મથવાના. કોઇ વ્યક્તિની મહેચ્છા, કોઈની અદેખાઈ, કોઇનું છલકપટ, કોઇની નીચતા, એવુંએવું કારણ આપણે શોધી લઇશું; વસ્તુસ્થિતિમાં ન જડે તો તેવું કંઈક કલ્પવા–જોડી કહાડવામાં પણ આપણને મુશ્કેલી નથી પડતી. અને વળી ધારો કે આ બીજા પ્રકારે આપણા મનને ભરમાવવા આપણે ન ફાવીએ, તો આપણી હિંદુ સંસ્કૃતિમાં આપણને વારસે મળેલા, સૈંકડો વર્ષના પરિશીલનથી આપણે કોઠે જરી ગએલા ત્રીજા ચોથા પ્રકાર પણ ક્યાં સુલભ નથી? આપણી ચડતીપડતી, સુખદુઃખ આદિના કારણ રૂપ આપણે આકાશમાંના કે ન જાને ક્યાંના એક બે નહિ ખાસ્સા નવ 'ગ્રહો' ને આપણે ક્યાં શોધવા કે ઓળખવા પડે એમ છે? ખમ્મા આપણા જોષી મહારાજોને, (અનુસંધાન પૃષ્ઠ ૩૩૯મે)

સમર્થ પત્રકાર અને અભિજાત નાટ્યકાર

કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકર

જે પાંચ-છ સમર્થ પત્રકારોએ મરાઠી પત્રકારત્વને ઘડીને આજની ઊંચી કક્ષા પ્રાપ્ત કરાવી આપી છે તે પૈકી એક કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકરના ગઈ તા. ૨૬મી ઑગસ્ટે થએલા મૃત્યુથી હિંદુસ્તાને એક સમર્થ લડવૈયો પત્રકાર, ઉગ્ર દેશસેવક અને નિષ્કલંક ચારિત્ર્યશીલ પુરુષ ગુમાવ્યો છે. માત્ર ૨૫ વર્ષની યુવાન વયે પત્રકારત્વના વિકટ ક્ષેત્રમાં ઝંપલાવીને સતત અરધી સદી તેને ધંધા તરીકે નહિ પણ સ્વરાજ્ય માટે ઝૂઝનારા વીરના ધર્મ તરીકે ગણીને તેમણે જીવન ગાળ્યું. એ ધર્મને આચરવામાં જરૂરી એવી સ્વાર્થની નિરપેક્ષતા, ત્યાગની તત્પરતા, નિશ્ચયની નિષ્ઠુરતા, ચારિત્ર્યની વિશુદ્ધતા અને માથે લીધેલા કાર્ય માટેની અચળ નિષ્ઠા તેમનામાં એવાં ઠાંસીને ભરેલાં હતાં કે ૫૦ વર્ષની પોતાની કર્તવ્યરત કારકિર્દીમાં તે કદી પણ પોતાના સ્વીકૃત ધ્યેયથી ચળ્યા નહોતા. પારતંત્ર્યની કાળછાયા જ્યારે દેશ પર અતિ ઘેરી હતી ને જ્યારે સરકાર સામે કંઇ લખવું એ રાજદ્રોહ ગણાતો, ત્યારે પણ પોતાની તલવારની ધાર જેવી તેજ કલમથી સરકારનાં અન્યાયી કૃત્યો પર નિર્ભયતાથી પ્રહાર કરી લોકજાગૃતિ કરનાર આ યુયુત્સુ પત્રકાર માટે કર્ણનું પેલું પ્રખ્યાત વચન 'धृतायुधो यावदहम् तावदन्यैः किमायुधैः' તદ્દન સાચું હતું. પોતાની ધારદાર કલમના આયુધ વડે તેમણે સરકારને ત્રાહિ ત્રાહિ પોકરાવેલી. વીરરસ એ તો એમની કલમનો સ્વાભાવિક રસ હતો.

અને તેઓ કેવળ પત્રકાર પણ નહોતા. નાટ્યકલાના ક્ષેત્રમાં પણ સમર્થરીતે તેમણે પ્રવેશ કરીને તે ક્ષેત્રને એવું તો સમૃદ્ધ કર્યું કે મહારાષ્ટ્રના 'નાટ્યાચાર્ય'નું પદ તેમને મળેલું અને નાટકનો ઉપયોગ પણ તેમણે લોકજાગૃતિ તથા દેશોન્નતિ માટે જ કરેલો. સરકાર સામે ઝૂઝતા રાષ્ટ્રીય પક્ષે છાપાં કબજે કર્યાં હતાં અને વ્યાસપીઠ પણ ધમધમાવી મૂકી હતી; બાકી રહી હતી રંગભૂમિ. તે ખાડિલકરે દેશપ્રેમથી છલકતાં નાટકો લખીને કબજે કરી. જ્યારથી તેમણે જાહેર જીવન અંગીકાર્યું ત્યારથી દેશહિતની મશાલ પોતાના હાથમાં લઈ તેમણે વિકટ માર્ગ પર કૂચ આરંભી અને સામાન્ય માણસને ચગદી નાંખે એવાં સંકટો વારંવાર આવી પડતાં હોવા છતાં આયુષ્યના અંત સુધી એ મશાલ ન તો બુઝાવા દીધી કે ન તો ઝાંખી પડવા દીધી. પોતાની સર્વ ઉપજત બુદ્ધિ, મેળવેલી વિદ્યા, અભિજાત કલા તથા સર્વસ્વ દેશના ચરણે અર્પણ કરનાર આ મહાન ચારિત્ર્યશીલ પુરુષનું જીવન ભાવી પેઢીઓને હમેશાં માર્ગદર્શક અને સ્ફૂર્તિદાયક બની રહે એવું છે.

કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકરનો જન્મ ઇ. ૧૮૭૨ની ૨૩મી નવેમ્બરે સાંગલી ગામે થયો હતો. તેમનું મૂળ વતન તો રત્નાગિરિ જિલ્લામાં જવળમરિંગે; પણ તેમના પિતાજી ત્યાંથી સાંગલી આવેલા અને દરબારમાં મોટી પદવીવાળી નોકરીએ ચડેલા. કૃષ્ણાજી ઉપર જન્મથી જ આપત્તિઓ આવવા લાગી. તેમના જન્મથી ૪ મહિના પહેલાં જ પિતા મૃત્યુ પામ્યા. ઘરની સ્થિતિ પણ તે વખતે સારી નહિ હોવાથી બાળક કૃષ્ણાજી ગરીબીમાં દિવસો કાઢવા લાગ્યા. પણ એ સાંપત્તિક ગરીબીના કાળમાં માતા તરફથી તેમને એક બીજી મોટી સંપત્તિ મળી. એ સંપત્તિ તે રામાયણ મહાભારત તથા પુરાણોની અનેક વાર્તાઓ. આ વાર્તાઓએ તેમના મન ઉપર એવી તો સજ્જડ પકડ લીધેલી કે તેમને પાછલા જીવનમાં પોતાનાં પ્રખ્યાત પૌરાણિક નાટકો લખવામાં પણ આ જ સંપત્તિ ઘણી ઉપયોગી થઇ પડેલી. વિદ્યાર્થી દશામાં મહારાષ્ટ્રીય સ્વભાવ અનુસાર તેમને કસરતનો ખૂબ શોખ હતો. એ શોખને કારણે એક વખત તેમના પગનું હાડકું તૂટી ગયું, જેની ખોડ છેક મૃત્યુ સુધી રહેલી.

૧૮૮૯માં ૧૭મે વર્ષે મૅટ્રિકની પરીક્ષા પાસ કરીને તે પૂનાની કૉલેજમાં દાખલ થયા અને તત્ત્વજ્ઞાનનો વિષય લઇ ૧૮૯૨માં બી.એ. થયા. આગળ ભણવાની તીવ્ર ઈચ્છા તેમને કુટુંબની આર્થિક સ્થિતિને લીધે દાબી દેવી પડી અને સંસારના વિષમ ગાડે જોડાવા માટે સાંગલી પાછા જઇને તે હાઈસ્કૂલમાં શિક્ષક થયા. પણ ત્યાં એ સ્વમાની યુવાનનું કંઈક અપમાન થતાં રાજીનામું આપી દઈ તે એલએલ.બી.ના અભ્યાસ માટે મુંબાઈ ચાલ્યા ગયા.

એ કાળે લોકમાન્ય ટિળકના નેતૃત્વ હેઠળ મહારાષ્ટ્રનો અને હિંદનો નવો ઇતિહાસ ઘડાતો હતો. પારતંત્ર્યની મૃત્યુ શી નિદ્રામાં પોઢેલી જનતાને ટિળકનું 'કેસરી' જાગૃત કરીને સ્વરાજ્યનો મંત્ર આપતું હતું. જબરદસ્ત બ્રિટિશ સલ્તનતથી જરા પણ ડર્યા વગર જે નિર્ભય વિચારસરણી 'કેસરી' દ્વારા ટિળક રજૂ કરતા તેણે અનેક જુવાનોને આકર્ષ્યા. સ્વાતંત્ર્ય-ભાવનાથી પ્રેરાએલા કૃષ્ણાજીને પણ 'કેસરી' તરફ મમત્વ ઉત્પન્ન થાય એમાં આશ્ચર્ય નહોતું. 'કેસરી' કાર્યાલયમાં દાખલ થઈ પોતે પણ રાષ્ટ્રઘડતરમાં હિસ્સો આપે એવી તેમને તીવ્ર ઈચ્છા ઉત્પન્ન થઈ. એલએલ.બી.નો અભ્યાસ ચાલતો હતો એ કાળમાં જ તેમણે પોતાનું 'માનાપમાન' નામનું પહેલું નાટક લખ્યું. 'વિવિધજ્ઞાનવિસ્તાર'માં પ્રકટ થએલા એ નાટકે લો૦ ટિળકના એક મિત્ર શ્રી નારાયણ કાનેટકરને આકર્ષ્યા. એ ઉપરાંત એ જ માસિકમાં તેમણે 'બ્રાહ્મણ અને તેમની વિદ્યા' એ ગ્રંથ પર સુંદર ટીકાત્મક લેખ પણ લખેલો. તે લેખે કૃષ્ણાજીની કલમનું સામર્થ્ય ને તેજ બતાવી આપ્યાં, ને તે વાંચતાં જ કાનેટકરે કૃષ્ણાજીને 'કેસરી'માં ઉપસંપાદક તરીકે જોડાવા માટે પ્રયત્ન કરવાનો આગ્રહ કર્યો. કૃષ્ણાજીપંતને તો 'ભાવતું હતું ને વૈદે કહ્યું'. લો૦ ટિળકના હાથ નીચે કામ કરવાનો અલભ્ય લાભ મળતો હોય તો કોણ જવા દે? એટલે તે તો તરત 'કેસરી'માં જોડાયા. દાખલ થતાં જ તેમની કલમનો પ્રભાવ દેખાઈ આવ્યો. જે દિવસે તે ટિળકને મળવા ગયા તે જ દિવસે ટિળકે (કદાચ તેમની પરીક્ષા લેવા માટે) તેમને 'કેસરી' માટે 'રાષ્ટ્રીય ઉત્સવની અગત્ય' એ વિષય પર એક અગ્રલેખ લખી આપવાનું કહ્યું. આમ એકદમ આટલું મોટું કાર્ય ને જવાબદારી સોંપાવા છતાં આત્મવિશ્વાસ ને હિંમતથી તેમણે તે સ્વીકારી લીધું ને લેખ લખી આપ્યો. ટિળકને લેખ પસંદ પડ્યો અને તે 'કેસરી'માં છપાયો. ત્યાર પછી તો તેમની કલમની ઓજસ્વિતા, પ્રખરતા અને સચોટતા આદિ વિવિધ પાસાં વ્યક્ત કરતા અનેક લેખો પ્રકટ થવા લાગ્યા.

'કેસરી'માં દાખલ થતાં હવે તેમણે એલએલ.બી.નો અભ્યાસ છોડ્યો; પરંતુ જેણે પત્રકાર થવું હોય તેણે કાયદાનું જ્ઞાન અવશ્ય મેળવવું જોઇએ એમ લો૦ ટિળકને લાગતું હોવાથી ફરી અભ્યાસ ચાલુ કરી ૧૯૦૦માં તે પરીક્ષામાં બેઠા. પણ તેમાં સફળતા મળી નહિ એટલે પછી એ વિચાર પડતો જ મૂક્યો.

આમ કૃષ્ણાજીપંતે પત્રકારત્વમાં ઝંપલાવ્યું તો ખરું, પણ તે કાળે પત્રકારત્વ આજના જેવું લાભદાયક કે સરળ નહોતું. એ તો તે

તલવારની ધાર જેવી તેજ કલમથી સરકારના અન્યાયો પર નિર્ભય પ્રહારો કરી લોકજાગૃતિ આણનાર યુયુત્સુ પત્રકાર, ઉગ્ર દેશસેવક અને કર્તવ્યનિષ્ઠ ત્યાગતત્પર તથા નિષ્કલંક ચારિત્ર્યશીલ પુરુષ



વખતે એક વ્રત ગણાતું અને તે પણ અક્ષરશઃ પેટે પાટા બાંધીને ચલાવવાનું અસિધારાવ્રત હતું. એમાં વળી સરકારની અવકૃપાની તલવાર માથા પર લટકતી જ હોય. અને એવા વિકટ કાર્યમાં વળી લો૦ટિળકની પાસે રહીને કામ કરવામાં તો ઘણાં ધૈર્ય અને હિંમતની જરૂર રહેતી. ઢીલોપોચો માણસ તો ત્યાં નભી જ ન શકે. પણ કૃષ્ણાજીએ તો દેશહિત માટે ઉઘાડી આંખે આ જોખમકારક માર્ગ લીધો હતો. લો૦ટિળકે પણ એ હીરાને પારખી લઇ જવાબદારીભર્યાં કાર્યો સોંપવા માંડયાં અને પોતાની યોગ્યતાને કારણે થોડા જ વખતમાં તે ટિળકના અગ્રગણ્ય સહાયક બની ગયા. તે કાળે સ્વ. ન. ચિં. કેળકર પણ 'કેસરી'માં ઉપસંપાદક હતા. એ કેળકર અને ખાડિલકર ટિળકના ડાબા-જમણા હાથ ગણાતા. લો૦ ટિળકના સહવાસમાં તે સાર્વજનિક કાર્યોમાં ભાગ લઇ, લોકોમાં ભળી તેમનું હૃદય સમજી લેતા અને એમ અનુભવો મેળવી દેશકાર્યનું ગાડું આગળ ધપાવતા. ૧૮૯૬માં મહારાષ્ટ્રમાં પડેલા ભયંકર દુકાળ વખતે તેમણે જાતે તે વિભાગમાં ફરીને લોકસેવા કરેલી.

પણ ખાડિલકરની કલમનું ખરૂં તેજ તો પૂનાના પ્લેગ વખતે થએલા રૅન્ડના ખૂન વેળા પ્રકાશ્યું. એ વખતે 'કેસરી'એ મોટી હિંમત અને કુશળતાથી લોકોનો પક્ષ રજૂ કરેલો. એ વખતના ઘણાખરા તેજસ્વી લેખો ખાડિલકરના જ લખેલા છે. ઘણાને ખબર નહિ હોય કે જે લેખ માટે લો૦ ટિળક પર કેસ ચાલીને તેમને ૧॥ વર્ષ સખત મજૂરીની સજા થઈ હતી તે લેખ મૂળ તો ખાડિલકરનો જ લખેલો હતો. ટિળક જેલ જતાં 'કેસરી'ની બધી જવાબદારી ખાડિલકર પર આવી પડી. સરકારી દમનશાહીના એ કાળમાં 'કેસરી'નું તેજ રજમાત્ર ઓછું ન થવા દેતાં ચલાવવું એ કંઈ જેવીતેવી વાત નહોતી. પણ ખાડિલકરે કુશળતાથી એ જવાબદારી પાર પાડીને ઘણી લોકપ્રિયતા પ્રાપ્ત કરી. ટિળકની ગેરહાજરીમાં પણ એ જ નિર્ભયતાથી 'કેસરી' ચાલી શકે છે એ તેમણે બતાવી આપ્યું.

ખાડિલકરના જીવનમાં જો કોઇ અદ્‌ભુત પ્રકરણ હોય તો તે નેપાળમાં તેમણે શસ્ત્રાસ્ત્રો બનાવવાનું કારખાનું કાઢવાનો કરેલો સાહસિક પ્રયત્ન. નેપાળ તે વખતે સ્વતંત્ર રાજ્ય હતું. તેથી ત્યાં જઇ ત્યાંની સરકાર અને ગુરખાઓની મૈત્રી સંપાદન કરીને બંદૂકો ને દારૂગોળાનું કારખાનું શરુ કરવું તથા જાપાન જોડે સંબંધ બાંધવો એવો તેમનો વિચાર હતો. આ માટે તે ૧૯૦૧માં ખટમંડુ ગયા અને એક મંદિરના પૂજારીને ત્યાં રહી, કૃષ્ણરાવ ભટજી નામ ધારણ કરી, પોતાનું આ વિકટ કાર્ય આરંભ્યું. ત્યાંના રાજા, પ્રધાન તથા એન્જિનિયર સાથે તેમણે સંબંધ બાંધ્યા. આ કામમાં શ્રી હણમંતરાવ કુળકર્ણી નામના એક બીજા દેશપ્રેમી ગૃહસ્થ પણ શામેલ હતા. પ્રથમ તેમણે મૅંગલોરી નળિયાં બનાવવાનું કારખાનું કાઢવાનું ઠરાવ્યું અને તે માટેની પરવાનગી મેળવીને યુરોપથી યંત્રો મંગાવ્યાં. નળિયાં બનાવવાનાં એ યંત્રો સાથે બંદૂકો બનાવવાનાં યંત્રો પણ લાવવાનો આમાં તેમનો હેતુ હતો. વળી નેપાળ દ્વારા જાપાન સાથે સંબંધ સ્થાપવા માટે તેમણે કેટલાક વિદ્યાર્થીઓને ત્યાં મોકલવાનું ઠરાવ્યું. નેપાળ સરકારે ૧૭ જણને પસંદ કર્યાં, જેમાં ખાડિલકર પણ એક હતા. પણ તે ગયા નહોતા. દરમ્યાન પેલી યંત્રસામગ્રી કલકત્તા આવી પહોંચી. તે લેવા માટે ખાડિલકર કલકત્તા ગયા. પણ દૈવવશાત્ આ બધા કારસ્થાનની સરકારને ગંધ આવવાથી તેણે તપાસ શરુ કરી અને નેપાળ સરકારને તે બાબત લખ્યું. આમ આ સાહસિક પ્રયત્ન નિષ્ફળ ગયો. તે કાર્ય ખાડિલકરની હિંમત, દૂરદૃષ્ટિ તથા નિર્ભયતા બતાવી આપે છે. ત્યાંથી ખાડિલકરે પાછા ફરી પૂના આવીને 'કેસરી'માંનું પોતાનું સ્થાન સંભાળી લીધું.

એવામાં બંગભંગની લડત આવી પહોંચી. એથી ખાડિલકરની લડાયક કલમને ઓર તેજ ચઢયું. સ્વદેશી, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ અને સ્વરાજ્ય, એ લોકમાન્યની ચતુઃસૂત્રી પર તેમણે પ્રભાવશાળી લેખો લખવા માંડયા. હાથકંતાઇની ખાદી પર તેમણે એ કાળે વેદોના આધારે એક વિદ્વત્તાપૂર્ણ લેખ લખેલો. એટલી જૂની ખાદી પરની તેમની ભક્તિ હતી. બંગભંગ વેળાના સરકારના દમન વિરુદ્ધ તો 'કેસરી'એ વિરોધનો મોટો વંટોળ ઊભો કર્યો. એ વખતના ઘણાખરા લેખો ખાડિલકરની જ કલમે લખાએલા છે. ૧૯૦૮માં લો૦ ટિળક ઉપર રાજદ્રોહનો બીજો મુકદ્દમો જે લેખ માટે ચલાવવામાં આવેલો તે પણ ખાડિલકરનો જ લખેલો હતો. ટિળક સાથે તે એવા તો સમરસ થઇ ગયા હતા કે ટિળકે પણ એ લેખ પોતે જ લખ્યો હોય એ રીતે ઉત્સાહથી એ લેખનો બચાવ કરેલો. પણ છેવટે તેમને ૬ વર્ષ કાળાપાણીની સજા થઈ. ટિળક પછી 'કેસરી' ચલાવવાની સર્વ જવાબદારી ખાડિલકર પર આવી અને સંપાદક તરીકે તેમનું નામ 'કેસરી' પર આવવા લાગ્યું. હવે તો ટિળક હતા તે કરતાં પણ વધુ ઉગ્રતાથી 'કેસરી' ચાલવા લાગ્યું. ખાડિલકરની કલમનો આ પ્રતાપ નોકરશાહીથી જીરવાય તેમ ન હતું. આખરે સરકારે ખાડિલકર પર પણ પોતાનું શસ્ત્ર ઉગામવાનું નક્કી કર્યું. આ વાતની જાણ થતાં 'કેસરી'ને બચાવવા માટે તેનું ડેકલેરેશન બદલી

કેળકરને નામે કરવામાં આવ્યું. પણ ત્યાર પછી માનધન ખાડિલકર કેળકરના હાથ નીચે ઉપસંપાદક તરીકે કામ કરવા તૈયાર થાય એ અશક્ય હતું, તેથી આખરે તેમણે 'કેસરી' છોડયું.

પણ 'કેસરી' છોડવા છતાં તેમની પ્રિય લેખનપ્રવૃત્તિ બંધ થાય તેમ ન હતું. તે વખતે નવું છાપું શરૂ કરવું પણ અશક્ય હતું. એટલે તેમણે પોતાનું મન નાટકો લખવા પર કેન્દ્રિત કર્યું. નાટ્યસૃષ્ટિમાં તો તેમણે આ પહેલાં જ પ્રવેશ કરેલો હતો અને નવી ભાત પાડતાં તેમનાં નાટકો લોકોમાં ઘણાં પ્રિય થઈ પડયાં હતાં. કૉલેજમાં ભણતા ત્યારે 'વિવિધજ્ઞાનવિસ્તાર' માસિકમાં પ્રકટ થએલા 'સવાઇ માધવરાવનું મૃત્યુ' નામના પહેલા નાટક પછી તો એકબીજાથી ચડિયાતાં ઘણાં નાટકો તેમણે લખેલાં. ૧૮૯૮માં 'કાંચનગઢી મોહના' તથા ૧૯૦૭માં લખાએલા 'બાયકાંચે બંડ' અને 'કિચક વધ' પૈકી 'કિચક વધ' તો તેમની અનોખી નાટ્યપ્રતિભા સાથે નિ:સીમ દેશભક્તિનું દ્યોતક છે. તેમાં તેમણે પૌરાણિક પ્રસંગનો આધાર લઇ તત્કાલીન રાજકીય પરિસ્થિતિ આલેખીને જનતાને જાગૃત કરવાનો પ્રયત્ન કરેલો. કર્ઝનશાહી વિરુદ્ધ જનતાએ કરેલા પ્રબલ આંદોલનનું તેમાં ચિત્રણ છે. આવું ક્રાંતિકારી નાટક સરકારની નજરે ચડયા વગર રહે એ અશક્ય હતું. સરકારે તે જપ્ત કર્યું. ૧૯૦૯માં 'ભાઉબંદકી' લખાયું. આમ કુલ પાંચ નાટકો ગદ્યમાં લખ્યા બાદ નાટકને વધુ આકર્ષક બનાવવા તે સંગીતમય નાટકો લખવા લાગ્યા. તેમાં 'માનાપમાન', 'વિદ્યાહરણ', 'સત્ત્વપરીક્ષા', 'સ્વયંવર', 'દ્રૌપદી', 'મેનકા', 'સવતી-મત્સર', 'સાવિત્રી' આદિ મુખ્ય છે. તેમણે લખેલાં કુલ ૧૪ નાટકોમાં ૯ પૌરાણિક, ૩ ઐતિહાસિક, ૧ કાલ્પનિક અને ૧ રૂપાંતરિત છે.

પત્રકારત્વને તેમણે જેમ દેશસેવાના સાધન તરીકે અપનાવ્યું તેમ નાટ્યલેખન પણ પરદેશી શાસન તળે પીસાતી પ્રજામાં દેશપ્રેમની ભાવના જાગૃત કરવા જ તેમણે સ્વીકારેલું. ઇતિહાસ ને પુરાણના વિશિષ્ટ પ્રસંગો લઇ તેને જરા પણ હાનિ પહોંચાડયા વિના તેમાં દેશભક્તિની જે ભાવના તેમણે ગૂંથી તેથી તેમનાં નાટકો ખૂબ લોકપ્રિય થયાં. સ્વરાજ્ય ન હોવાનું દર્દ અને તે પ્રાપ્ત કરવા માટે પ્રયત્નવાદનો તરવરાટ એ તેમનાં નાટકોની પ્રેરક શક્તિ હતી.

અને તે માત્ર નાટક લખીને બેસી રહેતા નહિ, પણ તેને રંગભૂમિ પર યોગ્ય રીતે રજૂ કરવા માટે તાલીમ પણ આપતા ને સજાવટ પણ કરતા. અને તેથી જ મરાઠી રંગભૂમિને નવું સ્વરૂપ આપવામાં ખાડિલકરનો મોટો ફાળો ગણાય છે. 'પહેલો હું નાટકકાર છું, અને પછી પત્રકાર' એમ ગૌરવથી કહેનાર ખાડિલકરે મરાઠી નાટ્યસાહિત્યમાં એવું ચિરંજીવ ને સમૃદ્ધ સાહિત્ય નિર્માણ કર્યું કે તેમને 'નાટ્યાચાર્ય'ની પદવી આપવામાં આવેલી. ૧૯૦૭ ને ૧૯૧૭માં તે મરાઠી નાટ્યસંમેલનના પ્રમુખ ચુંટાયા હતા. મરાઠી નાટ્યસૃષ્ટિમાં આ સન્માન સૌથી મોટું ગણાય છે. ૧૯૩૩માં તો સમસ્ત મરાઠી સાહિત્યસંમેલનના પણ તે અધ્યક્ષ તરીકે વરાયા હતા.

માંડાલેથી ૧૯૧૪માં લો૦ ટિળક છૂટીને આવતાં ફરી ખાડિલકર 'કેસરી'માં જોડાયા. લોકમાન્યે શરૂ કરેલી હોમરૂલની ચળવળમાં પણ એ પૂરા ઉત્સાહથી કૂદી પડયા અને તેમાં ઘણું મહત્ત્વનું કાર્ય કરી બતાવ્યું. ૧૯૧૮માં વૅલેન્ટાઇન શિરૉલના કેસ નિમિત્તે લોકમાન્ય અને કેળકર બંને વિલાયત ગયા ત્યારે ફરી ખાડિલકર 'કેસરી'ના સંપાદક નિમાયા. ૧૯૧૮ થી ૧૯૨૦ના એ ગાળામાં હિંદના ઇતિહાસમાં ઘણા શકવર્તી બનાવો બની ગયા. એવા મહત્ત્વના કાળમાં ખાડિલકરની કલમે પણ જે પ્રતિભાયુક્ત સચોટ માર્ગદર્શન તથા કડક વિચારસરણી રજૂ કર્યાં તેથી તેમની ઘણી પ્રશંસા થઇ. તેમની પ્રખર કલમના પ્રહારો પ્રતિપક્ષને હેરાનહેરાન કરી મૂકતા. રૉલેટ ઍક્ટ, તેની વિરુદ્ધનો સત્યાગ્રહ, જલિયાંવાલા બાગ ઈત્યાદિ પ્રસંગો એ કાળમાં જ બનેલા. એ જ સમયે યુયુત્સુ વૃત્તિવાળા ખાડિલકરે જોઈ લીધું કે હવે ભવિષ્યનું હથિયાર ગાંધીજીનો સત્યાગ્રહ જ બનશે.

લોકમાન્ય ઇંગ્લંડથી પાછા આવીને થોડા દિવસોમાં અવસાન પામ્યા ને મૃત્યુ પહેલાં તે 'કેસરી'ના સંપાદક તરીકે કેળકરને નીમતા ગયા. એ જ અરસામાં મુંબાઇમાં 'લોકમાન્ય' નામનું દૈનિક કાઢવાનું ઠરાવીને એક લિમિટેડ સંસ્થા ઊભી કરવામાં આવી અને તેના તંત્રી ખાડિલકરને નીમવામાં આવ્યા. પૂનામાં ૨૫ વર્ષ પત્રકારત્વના ક્ષેત્રમાં પોતાનું હીર ઝળકાવીને ખાડિલકર મુંબાઈ આવ્યા અને બે વર્ષ તેમણે એ પત્રનું સમર્થરીતે સંચાલન કર્યું. પણ પછી કંપનીના મૅનેજિંગ એજંટ સાથે પત્રની નીતિ બાબતમાં મતભેદ થતાં સ્વાભિમાની સ્વભાવના ખાડિલકરે રાજીનામું આપી દીધું.

હવે તેમણે પોતાની જ હિંમત અને જવાબદારી ઉપર એક નવું દૈનિક કાઢવાનું ઠરાવીને ૧૯૨૩ની ૭મી માર્ચે 'નવા કાળ' દૈનિક શરુ કર્યું. આ પત્ર પર પણ ઘણી આપત્તિઓ આવી, પણ તે સર્વે સફળરીતે પાર કરીને ખાડિલકરે ૧૦ વર્ષમાં તો એને એવું સમૃદ્ધ અને લોકપ્રિય બનાવ્યું કે તે કૉંગ્રેસનું મુખપત્ર ગણાવા લાગ્યું. લો૦ ટિળકના મૃત્યુ પછી તેમણે જોઇ લીધું કે દેશને કોઇ સમર્થ રીતે દોરી શકે એમ હોય તો તે ગાંધીજી જ છે, એટલે તેમણે હૃદયપૂર્વક ગાંધીવાદનો સ્વીકાર કર્યો અને પોતાની સમર્થ કલમ વડે ગાંધીવાદનો પ્રખરરીતે પુરસ્કાર કર્યો. ખાદીભક્તિના તો શરૂથી જ તે પુરસ્કારક હતા. રોજ નિયમિતરીતે કાંતવાનું પણ તેમણે શરુ કર્યું. ૧૯૨૬માં સોલાપુરના ડી. એસ. પી. મૅકડોનલ્ડે બદનક્ષીની ફરિયાદ તેમના પર માંડેલી, જેને પરિણામે તેમનો ૧૦૦૦ રૂપિયા દંડ થએલો. ૧૯૨૯માં બીજા એક લેખ માટે સરકારે તેમના પર કેસ કરીને એક વર્ષની કેદની સજા કરી. આમાં યોગાનુયોગ એ હતો કે જે લેખ માટે તેમને સજા થઈ તે તેમનો પોતાનો લખેલો નહોતો, પણ તેમના સહ-સંપાદકનો હતો! પોતાના બે લેખને માટે અગાઉ લોકમાન્યને સજા થએલી અને હવે પોતાને બીજાના લેખ માટે સજા થાય છે, એ પરથી ખાડિલકર વિનોદમાં કહેતા કે એ અગાઉના પાપનું પ્રાયશ્ચિત્ત મળ્યું! તેમના જેલનિવાસ દરમ્યાન તેમના પુત્ર યશવંતરાવે 'નવાકાળ'નાં સૂત્રો સંભાળેલાં. છૂટીને આવ્યા પછી તેમણે 'નવા કાળ'ની બધી વ્યવસ્થા પાકી કરી અને દરેક ખાતા પર જાતે દેખરેખ રાખવા લાગ્યા. તેમનું આ કાર્ય છેક મૃત્યુ સુધી ચાલેલું.

ખાડિલકરનાં પાછલાં વર્ષો વાનપ્રસ્થાશ્રમમાં વેદાન્તના વિચારોમાં ગએલાં. તેમણે રાજકારણમાં ઘણાં વર્ષો કાઢેલાં, પણ તેમનો પિંડ તો અધ્યાત્મવાદનો જ બનેલો હતો; તેથી જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં તેમણે વેદાન્તનું વાચન અને લેખન હાથમાં લીધું. અને કોઇ પણ વિષય એકવાર હાથમાં લીધો એટલે પછી તેને આત્મસાત્ કરી નાખવાની તીવ્ર બુદ્ધિમત્તા અને મનની દૃઢતા તો ઇશ્વરે તેમને બક્ષેલાં જ હતાં. સંધ્યા, પુરુષસૂક્ત, રુદ્ર, ઇશાવાસ્યોપનિષદ, ઐતરેય ઉપનિષદ, જ્ઞાનેશ્વરી, એમ એક પછી એક વિષયો લઈ તેનો અભ્યાસ કર્યો, તેના પર પ્રવચનો આપ્યાં અને છાપીને પુસ્તકરૂપે પણ પ્રકટ કર્યાં. સાંગલી પાસે એક દત્તમંદિર સ્થાપી ત્યાં તે યોગાભ્યાસ પણ કરતા. 'ૐકારની ઉપાસના' એ પુસ્તકમાંના તેમના નીચેના વિચાર પરથી તેમનું આ પરિવર્તન જણાઇ આવશે:

જેને ખેડવા આજે જગતની મહાસત્તાઓ પરસ્પરની હોડે ચડી છે તે ભાવી મહત્ત્વાકાંક્ષાઓનો મુલક



હિંદ કરતાં ત્રણેક ગણા મોટા ઍન્ટાર્કટિકના કદનો ખ્યાલ આપવા તેના આ નકશામાં ઝીણાં ટપકાંથી હિંદનો નકશો મૂકી બતાવ્યો છે.

ઍન્ટાર્કટિક

દક્ષિણ ધ્રુવની આસપાસના એ નામે ઓળખાતા આ પ્રદેશ વિષે સાધારણ માહિતી તો શું પણ તેનું નામ પણ ઘણાના સાંભળવામાં નહિ આવ્યું હોય. પૃથ્વીના છેક દક્ષિણ છેડે આવેલા આ વિશાળ અજ્ઞાત પ્રદેશના સ્વામિત્વ માટે આજે ઇંગ્લંડ, અમેરિકા, રશિયા, ચિલી, નૉર્વે, આર્જેન્ટિના આદિ તેરતેર દેશો વચ્ચે સ્પર્ધા શરૂ થઈ છે, ને હાલ અમેરિકાએ એક જંગી કાફલો ત્યાં સંશોધન માટે મોકલવાથી જગત સમસ્તનું લક્ષ્ય તે અટૂલા પ્રદેશ પર કેન્દ્રિત થયું છે.


અને એ પ્રદેશ નાનોસૂનો પણ નથી. તેનું કુલ ક્ષેત્રફળ ૬૦ લાખ ચોરસ માઇલ છે, જે આખા અમેરિકા(U. S. A.)ને તથા રશિયા સિવાયના આખા યુરોપ ખંડને સહેલાઈથી સમાવી શકે. હિંદ કરતાં લગભગ ત્રણ ગણો મોટો એ આખો પ્રદેશ સમુદ્રની સપાટીથી ૬ હજાર ફૂટ ઊંચે આવેલો છે તથા તેમાં ઠેકઠેકાણે ૧૨,૦૦૦ ફૂટ જેટલા ઊંચા તો પર્વતો છે. વળી ખુદ દક્ષિણ ધ્રુવ આગળનો પ્રદેશ તો ૧૦ હજાર ફૂટ ઊંચાઇએ આવેલો છે. એ આખો પ્રદેશ બરફના જાડા થરથી છવાએલો હોવાથી ત્યાં મનુષ્યપ્રાણી તો શું પણ ઝાડપાન પણ મળવું મુશ્કેલ છે. બરફના એ થર કેટલેક ઠેકાણે તો ૪,૦૦૦ ફૂટ જેટલે ઊંડે સુધી જામેલા હોવાથી પ્રખર ઉનાળામાં પણ થોડાક સો ચોરસ માઇલ પ્રદેશ સિવાય ક્યાંયે એ બરફ પીગળી શકતો નથી. આવા આ બરફમય પ્રદેશનું ઉષ્ણતામાન શૂન્યની નીચે ૭૭ ડિગ્રી હોય છે અને ક્યારેક તો ૯૦ ડિગ્રી સુધી પહોંચી જાય છે. વળી અહીં કદીકદી ભયંકર ઝંઝાવાત તથા તોફાનો થાય છે અને કલાકના ૫૦થી ૨૦૦ માઈલના વેગે પવન ફુંકાય છે. અને આ વિશાળ ખંડની સરહદ પર એવા તો વિરાટ તરતા હિમખંડ(બરફના જંગી ટુકડા) આવેલા છે કે જેનાં ક્ષેત્રફળ નાનાં રાજ્યો જેવડાં છે. રૉસબૅરિયા નામના હિમખંડનું ક્ષેત્રફળ તો ફ્રાન્સ દેશ કરતાં પણ મોટું છે!

આવા આ વેરાન પ્રદેશમાં કેવી ગજબની ઠંડી પડે છે તે તો એ ઉપરથી જ સમજાય એવું છે કે પ્રખર ઉનાળાના દિવસોમાં પણ ત્યાંનું ઉષ્ણતામાન ભાગ્યે જ શૂન્ય ડિગ્રીથી ઉપર જાય છે. ત્યાં જમીન પરનું સૌથી મોટું પ્રાણી ફક્ત ૫ મિલિમીટર (૦| ઇંચથી પણ ઓછું) લાંબું અને પાંખો વગરનું એક જંતુ છે! જંતુઓથી ઉત્પન્ન થતા કોઇ રોગોનું ઍન્ટાર્કટિક પર અસ્તિત્વ જ નથી. પણ ઍન્ટાર્કટિકની આસપાસના જળમાં સૂક્ષ્મ કરચલાથી માંડી ૧૦૦ ફૂટ લાંબી વ્હેલ માછલી મળી આવે છે. વળી આ વિશાળ ખંડમાં કેટલેક ઠેકાણે ખનીજ તત્ત્વોથી સભર એવા ગરમ પાણીના ઝરા પણ નીકળે છે. આ ખંડમાથી બરફનાં જે વિશાળ ચોસલાં(Icebergs-હિમપર્વતો) છૂટા પડીને ઉત્તર તરફ ખેંચાઈ જાય છે તે આગબોટો માટે અકસ્માતના સતત ભય રૂપ હોય છે. ઍન્ટાર્કટિક અને પૃથ્વીના બીજા ખંડોની લગભગ મધ્યમાં ૬૦ રેખાંશ પર આ ખંડની ચોમેર ફરતી એક કુદરતી સીમા નિર્માણ થઈ છે જે 'ઍન્ટાર્કટિક કૉન્વર્જન્સ' કહેવાય છે. ૧૯૨૩માં મીનાર્ડસે (Meinardus) શોધેલી આ સીમારેખા આગળ હવામાનમાં એકદમ મોટો ફરક પડે છે, અને તે એવો સ્પષ્ટ છે કે પાણીનાં કેટલાંક જંતુઓ તથા માછલીઓ આ સીમા ઓળંગીને ઍન્ટાર્કટિકના પ્રદેશમાં જઈ શકતાં નથી.

જોકે આખા ઍન્ટાર્કટિક પર બરફનું અભેદ્ય પડ પથરાએલું છે તોપણ વિજ્ઞાનીઓ સંશોધન કરી શકે એવો કેટલોક બરફ વગરનો થોડોઘણો ખડકાળ પ્રદેશ ત્યાં છે ખરો. આ પ્રદેશ જ્વાળામુખીના લાવાનો બનેલો હોય એમ લાગે છે. ત્યાં રૉસ આઇલૅંડ પર એક માઉન્ટ ઇરેબસ(Erebus) નામનો જ્વાળામુખી પણ છે, જે રાતદિવસ ધુમાડાના ગોટેગોટ હવામાં છોડે છે.

ભૌતિકરીતે જોઇએ તો ઍન્ટાર્કટિક એ એક બરફનું રણ છે, જ્યાં હવા તદ્દન સૂકી છે અને જમીન ઠરી ગએલી છે. ત્યાંના બરફની ઘનતા ઊંડાણના પ્રમાણમાં વધતી જાય છે. પાંચ ફૂટ ઊંડે સુધીનો બરફ પાવડાથી ખોદી શકાય છે, પણ તેથી ઊંડેનો ખોદવો હોય તો સુરંગનો જ ઉપયોગ કરવો પડે છે. વળી જેમ ઉષ્ણતામાન નીચું જાય છે તેમતેમ બરફનું કઠણપણું વધતું જાય છે. આમ છતાં જ્યાંજ્યાં બરફ પીગળીને પાણીનું ખાબોચિયું થાય છે ત્યાંત્યાં તરત જીવસૃષ્ટિ ઉત્પન્ન થવા માંડે છે ને નાનાંનાનાં જંતુઓ દેખાય છે.

આવા આ હિમપ્રદેશ પર પંખીઓ ઘણા પ્રમાણમાં દેખાય છે એ એક કુદરતની અદ્ભુત લીલા ગણાય. પેંગ્વીન ને પેટ્રેલ એ પંખીઓ ઉપરાંત સીલ નામનું જળચર પ્રાણી પણ ત્યાં છે. આ પંખી તથા પ્રાણીઓની વિશિષ્ટતા એ છે કે તે માણસથી રજમાત્ર ડરતાં નથી. તેમનાં જાતભાઈઓ પૈકી કેટલાંકને તેમની સમક્ષ મારી નાખવા છતાં બાકીનાઓ એ જ તટસ્થવૃત્તિથી ત્યાં ઊભાં રહે છે અને નાસી જતાં નથી. ઍન્ટાર્કટિકનાં સીલ પ્રાણીઓ વિષે આશ્ચર્યની વાત એ છે કે જ્યારે તેમાંનું કોઈ ઘાયલ થાય છે અથવા તેનો મૃત્યુસમય પાસે આવે છે ત્યારે તે એ વિશાળ ખંડના અંતરાળમાં ૩૦ માઈલ જેટલું અથવા ૨,૦૦૦ ફૂટ ઊંચા કોઈ પર્વત પર ચાલ્યું જઈ એકાંતમાં



રૉસ સમુદ્રમાં બરફનો અફાટ વિસ્તાર: 'આઈસબ્રેકર' સ્ટીમરોએ ઉપલું પડ તોડીને પાડેલા ચીલા પર આગળ જતી સ્ટીમરો

ગૌરવપૂર્વક મૃત્યુ પામે છે. પેટ્રેલ નામનાં પંખીઓ તો ખાસ ઈંડાં મૂકવા જ અહીં આવે છે ને એપ્રિલમાં પાછાં ઉત્તરમાં દૂરદૂર ચાલ્યાં જાય છે. માત્ર પૅંગ્વીન અહીંનું કાયમી પંખી. તે વસંતઋતુ અથવા ઉનાળામાં ઈંડાં મૂકે છે. પણ તેની 'કિંગ પૅંગ્વીન' નામની જાત તો ખરા શિયાળામાં ઈંડાં મૂકે છે. તેનાં ઈંડાં મેળવવા માટે તો ત્રણ વૈજ્ઞાનિકો–વિલ્સન, બોવર્સ તથા ચેરીગૅરાર્ડ-એ પોતાના જાન કુરબાન કરેલા; કારણ કે તેમની એવી માન્યતા હતી કે પંખીઓ અને જમીન પર સરકનાર સાપ જેવાં પ્રાણીઓ વચ્ચેની જાતનો ખૂટતો અંકોડો પૅંગ્વિનનાં ઈંડાંમાંના અવિકસિત જીવમાંથી મળી આવે. તે મેળવવા માટે તદ્દન અંધારામાં, શૂન્યની નીચે ૬૦થી ૭૭ ડિગ્રી ઉષ્ણતામાનમાં પાંચ અઠવાડિયાં સુધી તેમને રહેવું પડેલું; પણ બરફના ભયંકર ઝંઝાવાતે તેમના તંબૂઓ ઉડાવી દેવાથી તેમનો અંત આવ્યો.

આવા આ પ્રદેશ પર સંશોધન કરવું એ કંઈ જેવીતેવી વાત નથી. ભયંકર ઠંડી, મોટાં તોફાનો અને સતત જોરદારરીતે ફુંકાતો પવન, એ બધાંથી રક્ષણ કરીને સંશોધન કરવાનું હોય છે. કો'ક દિવસ પવન ઓછો હોય તો વાદળાં અને ધુમ્મસ એવાં હોય કે કંઈ જ દેખાય નહિ. જ્યારે વાદળાં ન હોય ત્યારે પવન એવો સખત ફુંકાતો હોય કે બહાર જ નીકળી શકાય નહિ. આમ, કામ કરવા તથા વિમાન મારફત નિરીક્ષણ કરવા ઘણો જ ટૂંકો ગાળો રહે છે. મિનિટના બે માઈલની ગતિથી ફુંકાતો પવન તો ઠંડી કરતાં પણ વધારે ત્રાસદાયક હોય છે. જો ભોગજોગે ત્યાંનો બરફ તમારા શરીરના કોઈ ઉઘાડા અંગ પર પડ્યો તો જાણે ચામડીને બાળી નાખતો હોય એવો અનુભવ થાય છે. ઉષ્ણકટિબંધમાં શ્વાસોચ્છ્વાસ લેતી વખતે દિવસની ૫૪ કૅલરી ગરમી વપરાય છે, પણ અહીં તો તે ૨૭૦ કૅલરી જેટલી વપરાય છે; કારણ અહીંની હિમશીતળ હવા શરીરમાં લેતાં પહેલાં તેને ૩૦થી ૪૦ ડિગ્રી ગરમ કરવી પડે છે, એટલું જ નહિ પણ તેને થોડી ભેજવાળી પણ બનાવવી પડે છે.

શરીરની ગરમી સચવાઈ રહે એ રીતે ત્યાં કપડાં પહેરવાનું તથા તંબૂઓ બાંધવાનું રાખવું પડે છે. તંબૂઓની દીવાલ કાપડનાં બે પડોની બનાવેલી હોય છે, જેમની વચ્ચે ૬ ઇંચ હવાનું પડ હોય છે. હવા ઉષ્ણતાની મંદવાહક હોવાથી તંબૂને બહારની ઠંડીથી બચાવે છે અને અંદરની ગરમી સાચવી રાખે છે. ત્યાંના સખત પવન સામે ગરમ કપડાં તો કંઇ જ સંરક્ષણ આપી શકતાં નથી. તેને માટે ખાસ ઘટ્ટરીતે વણેલું કાપડ તૈયાર કરવામાં આવે છે, જે પવનને અટકાવવા સાથે શરીરમાંના પરસેવાની વરાળને બહાર કાઢી શકે છે કપડાં તથા બીજાં સાધનો તદ્દન સૂકાં વાપરવાનાં હોય છે કારણ અહીં શરીરમાંના પાણીના દરેક બિંદુનું તત્કાળ બરફમાં રૂપાંતર થાય છે. આ કારણસર રાતના સૂતી વખતે ખાસ જાતની બનાવેલી કોથળીમાં ભરાઇને સૂવાનું હોય છે. એમાં માથું એક વિશિષ્ટ જગ્યાએ ગોઠવવાનું હોય છે, જેથી નાકમાંથી નીકળેલા ઉચ્છ્વાસ ઘણે લાંબે સુધી નીકળ્યા પછી જ બરફમાં રૂપાંતર પામે. ખોરાક પણ એવો લેવાનો હોય છે જે શરીરને ખૂબ ગરમી આપે અને બધો જ પચી જાય.

આજથી ૧૦ કરોડ વર્ષ ઉપર આ પ્રદેશ હિમમય બન્યો તે અગાઉ ત્યાં ગરમી હોવી જોઇએ એમ શાસ્ત્રજ્ઞો માને છે. જો એમ હોય તો તે કાળની વનસ્પતિ તથા ખનીજ આદિ વસ્તુઓ બરફનાં તે પડની નીચે ઢંકાઈ રહી હોવી જોઇએ.

આવા આ નિર્મનુષ્ય પ્રદેશ પર પહોંચવાનો એક પ્રયત્ન બહુ પ્રાચીન કાળમાં થયો હતો. બીજો પ્રયત્ન ૧૬મી સદીમાં થએલો. પણ પ્રત્યક્ષ મનુષ્યે તે પ્રદેશ ઉપર પગ મૂક્યો હોય તો તે ૧૮મી સદીમાં. તે મનુષ્ય એટલે ઈંગ્લંડનો વિખ્યાત શોધસફરી કૅપ્ટન કૂક. ઈ. ૧૭૭૩ની ૧૭મી જાન્યુઆરીએ એ ત્યાં પહોંચેલો. ત્યાર બાદ ફેબિયન વ્હૉનબૅલિંગ શૉસેન ત્યાં ગએલો. ઈ. ૧૮૩૩માં લેફ્ટેનન્ટ

ચાર્લ્સ વિલ્કસ ત્યાં પહોંચ્યો. પછી તો કૅપ્ટન રૉસે ત્યાં જઈ ત્યાંના કેટલાક ભૂપ્રદેશનું નિરીક્ષણ કરી આવી તેને પોતાના 'પઝેશન આઈલૅન્ડ'નું નામ પણ આપી દીધું. ત્યાર બાદ આવ્યો સ્કૉટ, શૅકલ્ટન અને આમુંડસેનનો યુગ. સ્કૉટ અને શૅકલ્ટન તો બ્રિટનની રૉયલ નેવીના માણસો હતા. તેઓ આ ચડાઈ માટે ખાસ જહાજ બાંધીને ૧૯૦૦ની સાલમાં ઊપડેલા. ફરી ઈ.૧૯૦૮માં શૅકલ્ટન અને ૧૯૧૦માં સ્કૉટ જુદાજુદા ત્યાં ગએલા. ઈ. ૧૯૧૨માં આમુંડસન પણ ત્યાં જઈ આવેલો. (એની અત્યંત રસિક કથા તથા ચરિત્ર માટે જુઓ 'કુમાર' અંક ૫૭) પણ હવે તે યુગ પૂરો થયો છે. હવે તો વિમાનોનો યુગ આવ્યો છે. આ વિશાળ ખંડ શોધાયો ત્યારથી આજ સુધી કેવળ ૬૦૦ જ માણસોએ તેના કિનારે પગ મૂકેલો.

આવા આ પ્રદેશનું ભવિષ્યનું મહત્ત્વ ધ્યાનમાં લઇને દરેક દેશ ત્યાં સંશોધકો મોકલવાનું શરૂ કરે છે. આર્જેન્ટિનાએ દક્ષિણ અમેરિકાથી દક્ષિણ ધ્રુવ સુધી આવતા આ ખંડના પ્રદેશ પર પોતાનું સ્વામિત્વ જાહેર કર્યું છે. ચીલીનું પણ એ જ કહેવું છે અને તે માટે તે મોટી તૈયારી પણ કરી રહ્યું છે. પ્રો. હૅન્સ ઑલ્મૅનના નેતૃત્વ નીચે સ્વીડન પણ પોતાના શાસ્ત્રજ્ઞો ત્યાં મોકલાવી રહ્યું છે. ઑસ્ટ્રેલિયાએ એક કાયમી વેધશાળા ક્યારની ય તે પ્રદેશ પર શરૂ કરી દીધી છે. રશિયાએ તો ત્યાં માછલાં પકડવાની પ્રવૃત્તિ પણ આરંભી દીધી છે. ૧૯૪૩માં ઇંગ્લંડે એક મોટી બ્રિટિશ સંશોધકોની ટુકડી ત્યાં મોકલેલી. તેમણે ફૉકલૅન્ડ બેટ ઉપર રહી પાંચ ઠેકાણે સંશોધન કરેલું.

પણ ત્યાં વિશાળ પાયા પર સંશોધન અને ખેડાણ કરવાનું કાર્ય તો અમેરિકાએ કર્યું. ગયા વર્ષે ઍડમિરલ બાયર્ડના નેતૃત્વ નીચે ૧૩ મોટાં વહાણો સાથે ૪,૦૦૦ માણસોની એક ટુકડી ત્યાં ઉપડી હતી, જેમાં ૩૦૦ તો વૈજ્ઞાનિકો હતા. (એ બાયર્ડના પ્રેરક ચરિત્ર માટે જુઓ અંક ૧૪૮) આ ટુકડીએ આજ સુધી ત્યાં ઘણું મહત્ત્વનું સંશોધન કર્યું છે. વિમાનદ્વારા તેમણે હિંદુસ્તાનના કદના આજ સુધી અજાણ એવા પ્રદેશનું બારીક નિરીક્ષણ કર્યું છે, ૫૪૦૦ માઈલ લાંબો દરિયાકિનારો ખૂંદી વળી તેની સીમાઓ ઠરાવી છે,ને ૧૦ મોટી પર્વતમાળાઓ શોધી છે જેમાંની કેટલીક તો દુનિયામાં ઊંચામાં ઊંચી છે!

પણ આ નિર્જન બરફમય પ્રદેશ માટે જુદાજુદા દેશો આટઆટલી દોડધામ શા માટે કરી રહ્યા છે? શું કેવળ શુદ્ધ સંશોધન કરવું એ જ એમનો હેતુ છે? ના. સ્વાર્થ વગર મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી એવું એક શાસ્ત્રવચન છે. તે અનુસાર તે પ્રવૃત્તિ પાછળ તેમનો અનેક દૃષ્ટિથી સ્વાર્થ રહેલો છે. પહેલો તો એ, કે જેમ ઉત્તર ધ્રુવના પ્રદેશની શોધથી એક મહત્ત્વના લશ્કરી તેમજ બીજી દૃષ્ટિએ મોકાના સ્થળની શોધ થઈ, તેમ આ ઍન્ટાર્કટિકની શોધથી પણ એવું જ મહત્ત્વનું સ્થળ જગતના નકશા પર નિર્માણ થાય તો નવાઈ નહિ. એ દૃષ્ટિથી તેના પર જેમ બને તેમ વહેલા સ્વામિત્વ મેળવી લઇ અડ્ડો જમાવવાનો ઉદ્દેશ દરેક દેશનો હોય એ સ્વાભાવિક છે. બીજું કારણ છે ત્યાં મળી આવતી વ્હેલ માછલી. આ જંગી માછલીના શિકારમાંથી ઘણી મોટી આવક થાય છે. ગયે વર્ષે તેના તેલમાંથી જ ૬ કરોડ ડૉલર ઊપજેલા!

વળી ત્યાં કોલસો, લોઢું, તાંબુ, સોનું, આદિ ખનીજ દ્રવ્યોના પણ મોટમોટા ભંડાર હાથ લાગવાનો સંભવ છે. પણ તેમાં યે, જેને કારણે બીજા મહાયુદ્ધનો અંત આવ્યો અને ત્રીજું મહાયુદ્ધ જાગવાનો સંભવ છે તે ઍટમબૉમ્બ બનાવવામાં જરૂરી એવું જે યુરેનિયમ મેળવવાને દરેક દેશ આજે પ્રયત્ન કરી રહ્યો છે, તે યુરેનિયમ મોટા પ્રમાણમાં ત્યાં મળવાનો સંભવ હોવાથી દરેક દેશ તે માટે દોડાદોડી કરે એમાં આશ્ચર્ય શું? પણ ત્યાંથી યુરેનિયમ મળવું ઘણું મુશ્કેલ છે એમ ધ્રુવપ્રદેશ-સંશોધક-સંસ્થાના સ્થાપક પ્રો. ફ્રૅન્ક ફૅબેનહામનું કહેવું છે; કારણ ત્યાં બરફનું પડ જ એટલું જાડું છે કે ઍટમ બૉમ્બનો ત્યાં વરસાદ વરસાવવામાં આવે તો પણ તે ૧ માઇલ જાડું પડ ભેદી શકાય નહિ! આમ, ત્યાં કોઈ પણ ખનીજ માટે ખાણ ખોદવી કેવી રીતે એ એક મોટો પ્રશ્ન છે.

પણ કેવળ સંશોધનની દૃષ્ટિથી તે બરફાચ્છાદિત પ્રદેશનું ઘણું મહત્ત્વ છે. પૃથ્વીની ઉત્પત્તિ કેવી રીતે અને ક્યારે થઈ, તેના પર જીવન કેમ પાંગર્યું ઈત્યાદિ અનેક મહત્ત્વની બાબત પર આ પ્રદેશ પ્રકાશ નાખી શકશે. ત્યાંના બરફના જાડા પ્રદેશ નીચે કરોડો વર્ષથી દટાઇ રહેલો પ્રદેશ ભૂસ્તરશાસ્ત્રીઓને ઘણુંઘણું કહી શકશે અને તેમને માટે ભૂતકાળનું અવલોકન કરનાર એક દૂરદર્શક યંત્ર (Telescope)-ની ગરજ તે સારશે.

આમ, આજસુધી મનુષ્યજાતિને માટે અજ્ઞાત એવા આ પ્રદેશની સહાયથી ભૂતકાળનાં અનંત વર્ષોનો ભેદ ઉકેલાય તો નવાઈ નહિ.

૩૦૦મા અંકની તમારી નકલ સલામત મેળવવા માટેની યોજના પૃ. ૩૪૨ ઉપર વાંચો

નવાં પુસ્તકો

ચન્દ્ર: અનેક ચિત્રો તથા આકૃતિઓની સહાયથી ચન્દ્રને લગતી અભ્યાસપૂર્ણ વિસ્તૃત માહિતી આપવા સાથે અંતમાં ચન્દ્રલોકની કાલ્પનિક રોચક મુસાફરી આપી ગુજરાતના ખગોળ સાહિત્યમાં એક અગત્યનો અને મહત્ત્વનો ઉમેરો કરતું ઉપયોગી પુસ્તક: લે૦ છોટુભાઈ સુથાર: પ્ર૦ ખગોળવિદ્યાના પ્રચારનો સ્તુત્ય પ્રયાસ કરતું ગુજરાતનું એકમાત્ર તારક મંડળ, ચરોતર એજ્યુકેશન સોસાએટી, આણંદ, રૂ. ૩ **ગગનરાજ**: કલ્પનાપ્રિય કિશોરોના પ્રિય લેખક જુલે વર્નના 'Clipper of the Cloud'નામના રસિક પુસ્તકનો અનુવાદ, કરનાર: મૂળશંકર મો. ભટ્ટ, પ્ર૦ ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલા, સોનગઢ, મુખ્ય વિક્રેતા ભારતી સાહિત્ય સંઘ લિ. ૨-૦-૦; **ભાલણનાં પદ**: વાત્સલ્યરસમાં હિંદભરમાં અજોડ ગણાતા ગુજરાતના આદિ કવિ સમા ભાલણ ત્રવાડીનાં રામ તથા કૃષ્ણની બાળલીલાને લગતાં, વાત્સલ્યથી છલકતાં પદો. ટિપ્પણ તથા ભાલણના જીવન અને કવન પર ઉપયોગી નોંધ સાથે: સંપાદક-જેઠાલાલ નારાયણ ત્રિવેદી, પ્ર૦ જીવનલાલ અમરશી મહેતા, પીરમશા રોડ, અમદાવાદ, ૩-૦-૦; **લૂઈ પાશ્ચર**: ફ્રાન્સના જગવિખ્યાત વિજ્ઞાનીનું વાર્તા રૂપે લખાએલું રસમય ને પ્રેરક ચરિત્ર: લે૦ ડૉ. નરસિંહ મૂ. શાહ, પ્ર૦ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨-૦-૦; **પરદેશીના પગલે**: એક દ્વિઅંકી નાટક: લે૦ કિશોર વેદ, પ્ર૦ મોરબી સાહિત્ય કલા મંદિર, મોરબી, ૧-૪-૦; **કાનન-કલ્લોલ**: શેકસપિયરના વિખ્યાત નાટક 'ઍઝ યૂ લાઇક ઈટ'નું ગુજરાતી વાતાવરણમાં રૂપાંતર; પશ્ચિમનાં નાટકોના વિકાસ તથા શેકસપિયરની નાટ્યપ્રવૃત્તિને લગતા અભ્યાસપૂર્ણ લેખ સાથે: નિયોજક-આપાભાઇ મોતીભાઇ પટેલ, પ્ર૦ એમ. સી. કોઠારી બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ કોઠી-વડોદરા, ૨-૪-૦; **ગીતા ગુર્જરી**: શ્રીમદ ભગવદ્ગીતાનો સમશ્લોકી સરળ અનુવાદ: લે૦ શ્રી ચરણતીર્થ મહારાજ, પ્ર૦ રસશાળા ઔષધાશ્રમ, ગોંડલ, કાઠિયાવાડ.

માનવજાતની આજની જીવનધારક ને પ્રગતિસાધક ધાતુ લોઢું

આજે ઉદ્યોગોના દરેક ક્ષેત્રમાં લોઢાનો ઉપયોગ એટલો તો સર્વવ્યાપી છે કે જો ભગવાન શ્રીકૃષ્ણ ફરી ગીતા બોલે તો તેમાં 'ધાતુઓમાં હું લોઢું છું' એમ કહે તો ખોટું નહિ! દુનિયાનો એક પણ ઉદ્યોગ, એક પણ ક્ષેત્ર અને એક પણ વસ્તુ એવી નહિ હોય કે જેમાં સીધી યા આડકતરી રીતે લોઢાનો ઉપયોગ નહિ થતો હોય. આજની ભૌતિક સંસ્કૃતિનો પાયો જ લોઢું છે. હળ, પંપ ને ટ્રૅક્ટર ઇત્યાદિ ખેતીનાં સાધનો, મોટર, ઍરોપ્લેન ને આગબોટ વગેરે વાહનવ્યવહારનાં સાધનો, સોય, સીવવાનો સંચો ને ચપ્પુ જેવી રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ, અને જેના વિવિધ ઉપયોગને લીધે આ વીજળીયુગ કહેવાય છે તે વીજળીનાં સાધનો વગેરે માનવજાતના જે કાંઈ સેવકો ગણાય છે તે સર્વે લોઢાને આભારી છે.

માનવજાતે લોઢાનો ઉપયોગ ક્યારથી કરવા માંડ્યો એ હજુ ચોક્કસ નથી. પણ એટલું ખરું કે જ્યારે મનુષ્યો જંગલી અવસ્થામાં હતા ત્યારે પહેલાં પથ્થરનાં ઓજારો વાપરતા. ત્યાર પછી તેમણે જે ધાતુ ઉપયોગમાં આણી તે લોઢું. પણ લોઢાનો સહુ પહેલો વિપુલ ઉપયોગ જો ક્યાંય થયો હોય તો તે હિંદુસ્તાનમાં. પ્રાચીન કાળમાં વિજ્ઞાનની શાખા-ઉપશાખામાં હિંદ જ મોખરે હતું એ બીના તો અનેક વિદ્વાનોએ હવે સપ્રમાણ સિદ્ધ કરી છે. ઈજિપ્તના પીરામીડમાંથી મળી આવેલી તલવારો પણ હિંદની જ બનાવટની છે એ જ સાબિત કરે છે કે આજથી ૫૦૦૦ વર્ષ પહેલાં પણ હિંદમાં લોઢાનો ઉદ્યોગ પૂર્ણપણે ખીલ્યો હતો. દમાસ્કસની વિખ્યાત તલવારો પણ હિંદુસ્તાનમાં જ તૈયાર થએલા લોઢામાંથી બનાવવામાં આવતી. કુતુબમિનાર પાસેનો ઇ. ૩૩૦ની સાલમાં બનાવવામાં આવેલો, ૨૩ ફૂટ ૮ ઈંચ ઊંચો જાણીતો લોહસ્તંભ પણ હિંદના લોહઉદ્યોગની જ્વલંત સિદ્ધિનો સૂચક છે.

લોઢું શુદ્ધ રૂપમાં કુદરતમાં કદી મળી આવતું નથી એ જાણીને ઘણાને આશ્ચર્ય થશે. માત્ર આકાશમાંથી જે તારાઓ પૃથ્વી પર ખરી પડે છે તેમનામાં થોડું શુદ્ધ લોઢું મળી આવે છે. બાકી તો તે બીજા પદાર્થો જેવા કે ગંધક, કાર્બન, પ્રાણવાયુ ઈત્યાદિ સાથે સંયુક્ત અવસ્થામાં જ મળી આવે છે. આથી જે માટીમાં યા ખનીજ પદાર્થમાં લગભગ ૫૦ ટકા જેટલું લોઢું મળેલું હોય તેવી માટી ખોદી કાઢીને તેમાંથી લોઢું જુદું પાડવામાં આવે છે. શરૂઆતમાં આ ક્રિયા માટેનાં સાધનો અધૂરાં અને અવિકસિત હોવાથી લોઢાનું ઉત્પાદન ઘણું ઓછું થતું. પણ હાલ તો વિજ્ઞાને લોઢાના ઉત્પાદનનાં એવાં તો અદ્યયાવત્ સાધનો શોધ્યાં છે કે આજે રોજનું લાખો ટન લોઢું ઉત્પન્ન કરી શકાય છે. પૃથ્વી પર લોઢું વિપુલ પ્રમાણમાં મળી આવે છે તેનું કારણ એ છે કે પૃથ્વી જે પદાર્થોની બનેલી છે તેમાં લોઢાનો નંબર ચોથો આવે છે. પૃથ્વીમાં ૫.૦૬ ટકા લોઢું રહેલું છે.

લોહ-મિશ્રિત પદાર્થ(Iron oxide ore)માં પ્રાણવાયુ અશુદ્ધિ રૂપે રહેલો હોય છે. તેને દૂર કરવા પ્રથમ તો અશુદ્ધ લોઢાને કોલસા (coke)ની સાથે ગરમ કરવામાં આવે છે. આ ક્રિયા ૧૦૦ ફૂટ ઊંચી એક જંગી ભઠ્ઠી(Blast furnace)માં થાય છે. તે ભઠ્ઠીમાં અશુદ્ધ લોઢું (Iron ore), કોલસો (coke) અને ચૂનો નાખી ગરમ કરવામાં આવે છે. જ્યારે તે બધું ગરમ થતું હોય છે તે વખતે ભઠ્ઠીમાં ખૂબ જોસથી ગરમ હવા છોડવામાં આવે છે. આ ક્રિયાથી અશુદ્ધ લોઢામાં રહેલો પ્રાણવાયુ જુદો પડે છે, જ્યારે બીજી અશુદ્ધિઓને ચૂનો જુદી પાડે છે, ને સ્લૅગ નામનો પદાર્થ ઉત્પન્ન થાય છે. આ ક્રિયા વખતે ભઠ્ઠીમાં ૧૮૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ જેટલી ભયંકર ગરમી ઉત્પન્ન થતી હોવાથી લોઢું પ્રવાહી થઇને નીચેની બાજુએ ભેગું થાય છે, જ્યાંથી એક જુદી નળી દ્વારા તેને કાઢી લઇ તેના લંબગોળ ગઠ્ઠા ઢાળવામાં આવે છે. આ કાચું લોઢું (pig iron) પણ હજુ પૂરેપૂરું શુદ્ધ નથી હોતું; તેમાં ૩થી૪ ટકા જેટલી કાર્બનની અશુદ્ધિ હોય છે. એક ભઠ્ઠી આવું રોજનું ૧૦૦૦ ટન લોઢું ઉત્પન્ન કરી શકે છે. તે માટે સામાન્યરીતે ૨૦૦૦ ટન અશુદ્ધ લોઢાની માટી (Iron ore), ૮૦૦ ટન કોલસો, ૫૦૦ ટન ચૂનો ને ૪૦૦૦ ટન હવાની જરૂર પડે છે.

પણ આ કાચું લોઢું તેમાં રહેલી કાર્બનની અશુદ્ધિને કારણે ખૂબ બરડ હોય છે, તેથી આપણા ઉપયોગમાં આવી શકે તેમ હોતું નથી. તે અશુદ્ધિ ઓછી કરવા માટે લોઢાના તે ગઠ્ઠાઓને ફરીથી ઓગાળવામાં આવે છે, જેમ કરવાથી તેમાંની અશુદ્ધિ બળી જઇ માત્ર ૨ ટકા જેટલી અશુદ્ધિ રહે છે. આ સાફ કરેલા લોઢાને ઘડતર લોઢું (Cast iron) કહે છે. તેમાંથી જ મોટાં બીમ તથા ઍન્જિનોનાં સીલિન્ડર, વીજળીના થાંભલા, પાણીના નળ વગેરે બનાવાય છે.

પણ આપણા ઉદ્યોગો તથા રોજિંદા જીવનમાં જે ઘણા મોટા પ્રમાણમાં વપરાય છે તે તો આ ઘડતર લોઢું નહિ પણ ગજવેલ કે પોલાદ. એ બનાવવા માટે ઘડતર લોઢામાં જે ૨ ટકા જેટલી એ કાર્બનની અશુદ્ધિ હોય છે તે પણ દૂર કરવાની હોય છે. આ ક્રિયા માટે બે પદ્ધતિઓ પ્રચલિત છે: (૧) બેસેમર કન્વર્ટર પ્રોસેસ—Bessemer Converter Process; (૨) ઓપન હાર્થ પ્રોસેસ—Open Hearth Process. પહેલી પદ્ધતિમાં એક મોટા વાસણમાં ઘડતર લોઢાને ૧૬૦૦ ડિગ્રી ગરમીએ ગરમ કરી તેમાંથી પૂર જોસમાં હવા પસાર કરવામાં આવે છે. આથી લોઢામાંનો રહ્યોસહ્યો કાર્બન બળી જાય છે અને શુદ્ધ ગજવેલ (Steel) નિર્માણ થાય છે. આ ગજવેલ પણ સંપૂર્ણરીતે શુદ્ધ નથી હોતી; તેમાં ½ ટકા જેટલી કાર્બનની અશુદ્ધિ રહે છે જ. બીજી પદ્ધતિમાં મોટા તાવડાઓમાં ઘડતર લોઢાને લોઢાના જારેય (આયર્ન ઑક્સાઈડ) સાથે ગરમ વાયુઓ દ્વારા તપાવવામાં આવે છે. આ ક્રિયાથી પણ આયર્ન ઑક્સાઇડ ઘડતર-લોઢામાંના કાર્બનને દૂર કરે છે.

ગજવેલમાં પણ જે ½ ટકા જેટલી કાર્બનની અશુદ્ધિ હોય છે તેને પણ જો ઓછી કરવામાં આવે તો તેથી વધુ નરમ પ્રકારનું લોઢું wrought iron બને છે. હજી યે ૧૦૦ ટકા શુદ્ધ લોઢું બનાવવામાં તો વૈજ્ઞાનિકો સફળ થયા નથી. જો કે ૯૯.૯૯૫ ટકા જેટલું શુદ્ધ લોઢું તો તેમણે તૈયાર કર્યું છે. લોઢામાં કાર્બનની અશુદ્ધિ .૧ થી ૪ ટકા જેટલા અત્યંત જૂજ પ્રમાણમાં હોવા છતાં પણ તે લોઢાના ગુણધર્મમાં ફેરફાર કરવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે.

લોઢામાં સખ્તપણું ચિકાશ વગેરે આણવા તેમાં બીજી ધાતુઓનું મિશ્રણ મેળવવામાં આવે છે. તેને ખૂબ ચિકટ ને ટકાઉ બનાવવા તેમાં નિકલ અને ક્રોમિયમ ઉમેરવામાં આવે છે. આવું મિશ્ર લોઢું લશ્કરી જહાજોને બહારનું પડ ચડાવવામાં ઉપયોગી છે. લોઢામાં ૧૩ ટકા મૅંગેનીઝ ઉમેરવાથી એવી સખત મિશ્ર ધાતુ તૈયાર થાય છે કે

તેમાંથી ખડકને પણ તોડી નાખે તેવાં ઓજારો, રેલ્વેના પાટાનાં ક્રોસિંગ તથા સૈનિકોનાં બખ્તર અને ટોપ તૈયાર કરવામાં આવે છે.

લોઢાનો મોટામાં મોટો દુર્ગુણ કાટ. એ કાટ તેને કદી ન ચડે અને તે હમેશાં ચળકતું રહે એવું લોઢું (સ્ટેઈનલેસ સ્ટીલ) બનાવવું હોય તો લોખંડમાં ૧૪ ટકા ક્રોમિયમ ઉમેરાય છે. બીજી ધાતુઓને તથા ખુદ ગજવેલને પણ કાપે તેવાં ઓજારો બનાવવા માટે લોઢામાં ૧૪ ટકા ટંગસ્ટન અને ૬ ટકા ક્રોમિયમ મેળવવામાં આવે છે.

આજ તો લોઢાના એટલા વિવિધ પ્રકારો અસ્તિત્વમાં આવ્યા છે કે ૧ આનાનું ૧ શેર મળે એવો પણ લોઢાનો એક પ્રકાર છે, અને એક શેરના ૨૦,૦૦૦ રૂપિયા આપવા પડે એવું પણ લોઢું (કાંડા ઘડિયાળોની નાજુક સ્પ્રિંગનું) હોય છે. માનવજાત જુદીજુદી ધાતુઓનો જે કુલ જથ્થો વાપરે છે તેનો ૯૦ ટકા ભાગ તો એકલું લોઢું જ છે. લોઢાનો આવો સર્વોપરિ ઉપયોગ થવાનાં બે કારણો છે: એક તો એ કે દુનિયાના દરેક ભાગમાં તે ખૂબ વિપુલ પ્રમાણમાં મળી આવે છે; અને બીજું, તેનો જોઈએ તેવો ઘાટ ઘડી શકાય છે.

શુદ્ધ લોઢું ખૂબ ઊંચા ઉષ્ણતામાને—૧૫૨૫ ડિગ્રી સેન્ટિગ્રેડે—પીગળે છે. વળી રાસાયનિક વિકારોમાં પણ તે ખૂબ ત્વરિત છે. સ્હેજ ભેજવાળી હવામાં ખુલ્લું રહેતાં તરત તેને કાટ ચડી જાય છે, એટલે કે કાટમાં તેનું રૂપાંતર થાય છે. લોઢું અને તેજાબનો સંયોગ થતાં મોટા રાસાયનિક વિકાર થઈ હાઇડ્રોજન વાયુ છૂટો પાડે છે ને લોઢું તેજાબમાં ઓગળી જાય છે. આથી મોટા પાયા પર હાઇડ્રોજન વાયુ તૈયાર કરવાના ઉદ્યોગમાં ગંધકના તેજાબ સાથે લોઢાનો જ ઉપયોગ થાય છે. લોઢું લોહચુંબકથી આકર્ષાય છે એ તો સર્વવિદિત વાત છે. વળી લોઢાનું ય લોહચુંબકમાં રૂપાંતર થઈ શકે છે.

બીજાં ક્ષેત્રોની જેમ લોઢાના ઉત્પાદનમાં પણ આજે અમેરિકા જ જગતને મોખરે છે. જગતના કુલ ઉત્પાદનનો ૪૫ ટકા ભાગ એકલું અમેરિકા જ પેદા કરે છે. હિંદ પણ આ ઉદ્યોગમાં સાવ પછાત નથી. તે પણ દર વર્ષે ૧૮ લાખ ટન કાચું લોઢું અને ૧૦ લાખ ટન પોલાદ ઉત્પન્ન કરે છે. જમશેદપુર ખાતે આવેલું ટાટાનું લોખંડનું કારખાનું સમસ્ત એશિયામાં મોટામાં મોટું ગણાય છે, એટલું જ નહિ પણ લોઢાના ઉત્પાદનમાં સમસ્ત બ્રિટિશ સામ્રાજ્યમાં હિંદ યુનાઇટેડ કિંગ્ડમ પછી બીજે જ નંબરે આવે છે. અને ઊંચા પ્રકારના લોઢાવાળું ખનીજ દ્રવ્ય ધરાવવાની બાબતમાં તો તેનો જગતભરમાં પહેલો નંબર આવે છે. ગણત્રી કર્યાં મુજબ બિહારનો સિંગભૂમ જિલ્લો તથા પાસેનાં રાજ્યો આવું ૩૦ અબજ ટન ખનીજ દ્રવ્ય ધરાવે છે. એ સિવાય બસ્તર રાજ્યમાં તથા મધ્યપ્રાંત ને મ્હૈસુરમાં પણ સારા પ્રમાણમાં લોઢાની ખાણો છે. હિંદમાં લોઢું બનાવવાની પહેલી કંપની તાતાની હતી. તે ૧૯૧૧માં સ્થપાએલી. ત્યાર પછી આસનસોલ પાસે 'ઇન્ડિયન આયર્ન સ્ટીલ કંપની' તથા ભદ્રાવતી પાસે 'માઇસોર આયર્ન ઍન્ડ સ્ટીલ વર્કસ' સ્થાપન થયાં.

જગતના ઉદ્યોગ-ધંધાઓમાં મહત્વનો ભાગ ભજવતું લોઢું આપણા શરીરમાં પણ બહુ અગત્યનું સ્થાન ધરાવે છે. લોહીનો લાલ રંગ જેને આભારી છે તે 'હીમોગ્લોબીન' નામના તત્ત્વમાં લોઢું જ મુખ્યત્વે હોય છે. જોકે આપણા આખા શરીરમાં રહેલું લોઢું એકઠું કરવામાં આવે તો માંડ એક નાની ખીલી જેટલું થાય. પણ એટલું યે લોઢું એટલું બધું જરૂરી છે કે જો તે ન હોય તો માણસમાં ભયંકર રોગો ઉત્પન્ન થઇ તે મરણને શરણ થયા વગર રહે નહિ !

આમ, મનુષ્યજાતિ જીવતી રહે અને પ્રગતિ કરે તે માટે ખોરાક પછી જો બીજા નંબરે કોઈ વસ્તુ હોય તે લોઢું જ છે.

વિકસતું વિજ્ઞાન

ન્યૂમોનિયા જેવા કેટલાક રોગો પર રામબાણ ગણાતું પેનિસિલિન તો જાણીતું છે. પણ તેમાં એક મુશ્કેલી એ છે કે તે લોહીમાં વધારે વખત ટકી રહેતું નથી. થોડાક જ કલાકમાં તે ચાલ્યું જતું હોવાથી પેનિસિલિનનાં ઇન્જેક્શનો વારેવારે આપવાં પડે છે. પણ હવે વૈજ્ઞાનિકોએ 'ફ્લો-સિલિન' નામનું એક ઔષધ પેનિસિલિનમાંથી જ બનાવ્યું છે તે માણસના શરીરમાં ૩થી ૪ દિવસ રહે છે. રોગીને પહેલાં જે ઘણાં ઇન્જેક્શનો આપવાં પડતાં તેની હવે જરૂર નહિ રહે; 'ફ્લો-સિલિન'નું એક જ ઇન્જેક્શન ન્યૂમોનિયા મટાડી શકશે.

શહેરોમાં ધૂળ, કચરા તથા ધુમાડાનાં રજકણોથી કેટલા હેરાન થવાય છે એ શહેરમાં રહેનારા જાણે છે. ઘરમાંના એ ધૂળ આદિ રજકણો દૂર કરવાનું આજ સુધી કોઇ સાધન નહોતું. પણ હવે એ ધૂળને શોષી લેનારું એક યંત્ર શોધાયું છે. આ યંત્રની મદદથી ઓરડાની ૯૦ ટકા ધૂળ શોષાઈ જાય છે. એક જાળીવાળા કબાટમાં મુકાએલા આ યંત્રનું બટન દાબતાં જ ઓરડાની હવા ઍરકંડિશન યંત્ર મારફત શોષાઈ જઈ હવામાંના ધૂળ ધુમાડાનાં રજકણો વિદ્યુત્યુક્ત બની તે યંત્રમાં આકર્ષાય છે અને તે યંત્રની નળીઓમાં તે કચરો ભરાઇ જઈ શુદ્ધ થએલી હવા બહાર નીકળે છે.

કુદરતમાં જે અનેક રૂપસુંદર આકર્ષક ફૂલો ખીલે છે તે થોડા જ દિવસમાં કરમાઇ જઇ નાશ પામે છે. પણ હવે એક એવી પદ્ધતિ શોધાઈ છે કે જેના વડે પૂર્ણ રીતે ખીલેલા ફૂલને તેની એ જ કુદરતી અવસ્થામાં કાયમ માટે રાખી શકાશે. એક વિશિષ્ટ દવાનાં ત્રણ મિશ્રણમાં ફૂલોને વારાફરતી ડુબાડી રાખવાથી ફૂલોની નાજુકતા, તેનો કુદરતી રંગ અને નૈસર્ગિક આકાર કાયમ માટે જળવાઈ રહે છે. માત્ર ફૂલોની સુગંધ ચાલી જાય છે. ફૂલો ઉપરાંત વનસ્પતિજન્ય બીજા પદાર્થો જે આજ સુધી આલ્કોહૉલમાં રખાતા તે પણ આ નૂતન પદ્ધતિથી સરળતાથી કાયમ માટે જાળવી શકાશે.

એક નવી જાતનું ટાઇપ-રાઈટર શોધાયું છે જેમાં બોલેલા શબ્દોને સંગ્રહી રાખવા માટે એક વિશિષ્ટ સ્વરસંગ્રાહક રચના કરવામાં આવી છે. ઇંગ્લંડમાં હાલમાં જ ભરાએલા 'બ્રિટિશ ઈન્ડસ્ટ્રીઝ ફેર'માં આ યંત્રનો પ્રયોગ કરી બતાવવામાં આવ્યો હતો. બંગાળી ભાષાની એક કવિતા, ગૅલિક ભાષાનો ફકરો અને ચીની ભાષાનાં વાક્યો આ મશીન ચલાવતી એક કુમારીને લખાવવામાં આવ્યાં, અને અચરજ વચ્ચે તે કુમારિકાએ તે સર્વે લખાણને ફરીથી અક્ષરશઃ બરાબર વાંચી સંભળાવ્યું હતું. આમ આ મશીનની સહાયતાથી લઘુલિપિની જરૂરત ઘણી ઓછી થઈ જશે એમ લાગે છે.

અંગ્રેજીમાં એક કહેવત છે કે 'જરૂરિયાત એ શોધની જનની છે.' આ કહેવતની પ્રતીતિ યુદ્ધમાં જ્યારે જર્મની ચારે તરફથી ઘેરાઈ ગયું હતું ત્યારે થએલી. જર્મનીને જોઈતી વસ્તુઓ મળતી બંધ થઈ ત્યારે તેણે તે વસ્તુઓ બીજી રીતે દેશમાં જ ઉત્પન્ન કરવા માંડી. એ જ રીતે તેણે કોલસામાંથી સાબુને માટેનાં તેલો બનાવેલાં. ૬૦ ટન કોલસામાંથી એવું એક ટન તેલ બનતું. જે પદ્ધતિથી જર્મની તે બનાવતું એ પદ્ધતિમાં થોડો ફેરફાર કરીને હાલમાં ગ્રીનિચ ખાતે કોલસામાંથી ખાવા માટે વાપરી શકાય તેવું તેલ બનાવાયું છે; એટલે બજારમાં થોડાં વર્ષો પછી તલનું તેલ, મગફળીનું તેલ એ પ્રમાણે કોલસાનું તેલ વેચાય તો આશ્ચર્ય નહિ.

(અનુસંધાન પૃ. ૩૨૨થી) મુદ્દા તારવીએ: (૧) દરેક ચિત્રમાં એક એવી સરસતા હોય કે જેથી તે એકદમ આકર્ષે; (૨) આકર્ષણ કર્યા પછી તે નિરીક્ષણ કરવાની ફરજ પાડે; ને (૩) એ નિરીક્ષણમાંથી આનંદ ઉપજે.

સારા વક્તા કે ગાયકનો અવાજ એક વાર તો ગાજી ઊઠવો જોઈએ, તો જ તમે તેમાં ધ્યાનઆપી તેનો સંદેશ મનમાં ઉતારી શકો. એ જ રીતે ચિત્રની પણ તમારા મન ઉપર પહેલાં જોરદાર છાપ પડે તે પછી જ તમે અંદરની વસ્તુ પર વિચાર કરતા થાઓ છો. પણ આટલી સાધારણ ક્રિયા તો 'ન્યુસચિત્રો' કે 'ફેશનચિત્રો' પણ કરી શકે છે. પરંતુ સાચું ચિત્ર તો તેથી એક કદમ આગળ જાય છે. તે તમને તેની હયાતીમાં ભાગીદાર બનાવે છે. તમે અને એ ચિત્ર સખ્ય ભોગવો છો. ચિત્રમાંની આકર્ષક રેખાઓ કે બિન્દુઓ સાથે તમે તેમાં વિહરો છો. અને ચિત્રવિસ્તારમાં તમારી આંખ ફેરવીને એક સરસ સ્થાન પર રોકાઈ જાઓ છો. તે રોકાણ આગળ ચિત્રનો સંદેશ તમારું સ્વાગત કરે છે, અને તેનો ઉકેલ આપતી બીજી રસસામગ્રીનો ત્યાં સાથ પુરાય છે. ત્યારે ચિત્રમાંથી તમને વિચારવાનો ધ્વનિ મળે છે. તેમાંથી જુદા-જુદા આરોહઅવરોહને એક સુરાવટ આપી તમારી સાથે સંગતિનો મેળ જમાવે છે. આ રીતે જુદાજુદા ચિત્રમાં ભિન્નભિન્ન વિચારો, ભાવ ને સુરાવલિ તમે અનુભવતા થઈ જશો.

રોજના વહેવારમાં મળતાં મનુષ્યો અને દશ્યોને કલાકારોએ ચિત્રની તકતીમાં કેવા નવાનવા ભાવો તથા આકર્ષણ આપ્યાં છે તે જુઓ એટલે સમજાશે કે કલાકાર કોઈ અનેરી શક્તિથી પોતાની વસ્તુ તારવી લે છે અને પોતાનાં જ્ઞાન તેમજ અભ્યાસના બળથી તેમાં પોતાની કલ્પનાને મૂર્તિમંત કરે છે. અભ્યાસ અને સાધના વિના કોઇ માણસે કલાકૃતિ નિપજાવી હોય એવું બન્યું નથી.

કલાકારોના પણ બે વર્ગ છે: એક પોતાની શક્તિ અને જ્ઞાનના બળે જનસમુદાયને રુચે એવી કૃતિ કરીને ધન્યવાદ ને પ્રસિદ્ધિ મેળવે છે; બીજો લોકદૃષ્ટિની ઉપર જઇને પોતાની કલ્પનાની પાંખો ઉપર ઊંચે ઊડે છે, અને પોતાની નવસર્જિત શક્તિમાં આપણને ખેંચે છે. સાચો કલાકાર પોતાની કલામાં આત્મનિવેદન ને મનોમંથન પ્રગટ કર્યા વિના રહી શકતો નથી. ભલે તે કોઈ જૂની ને જાણીતી વસ્તુ હાથમાં લે; તોપણ પોતાની અનોખી રીતે રજૂ કરતાં તેમાં મૌલિકતા દાખવવાનો જ.

કૅમેરાથી ચિત્ર ઉપજાવનારાઓ ચિત્રકારોની પેઠે પોતાના કાગળ પરની રેખાઓ ભૂંસી કે ફેરવી શકતા નથી. તેથી તેને પોતાના ચિત્રની ગોઠવણ મનમાં જ કરી લેવી પડે છે અને તે પ્રમાણે કૅમેરાની બારીમાં ચિત્ર ગોઠવવું પડે છે. એ જ વખતે ચિત્રનું સમતોલપણું, પ્રમાણ અને રેખાઓની વ્યવસ્થાઓનો ખ્યાલ રાખી તાલમેળ અને તોડજોડ કરી નાખવા પડે છે. એ બધું સાચવી, ક્રિયાની માવજતથી તેને કાગળ પર ઉતારી, નજરે પડતાં જ જોનારને ઊમળકો આવે એવું ચિત્ર કરવું એ ફોટો-કલાકારની કસોટી છે.



શિવ પાર્વતી : ફોટો - દત્તા ખોપકર, એ. આર. પી. એસ. ('નિહારિકા'ના સૌજન્યથી.)

ફોટોગ્રાફી મારફત સૌંદર્ય અને ભાવદર્શન કરાવતી અનેક કૃતિઓ નિર્માણ કરીને આજે તેના ઉપાસકોએ તેને કલાનું સિદ્ધ સાધન ઠરાવી છે. તેમણે પોતાના પ્રતીતિકારક ચિત્રો ઉપજાવી આ યુગની કલાસમૃદ્ધિમાં જંગી ફાળો આપ્યો છે અને હજુ યે તે દિશામાં ખૂબ પ્રગતિ કરી રહ્યા છે.

અમદાવાદના ફોટો-ચિત્રકલા મંડળ 'નિહારિકા'એ પણ એ જ રીતે છેલ્લા બે દાયકામાં જે વિકાસ ને વિસ્તાર કર્યાં છે તેથી શહેર ને પ્રાંતની પ્રતિષ્ઠામાં વધારો થયો છે. મંડળના સભ્યો પોતાની શક્તિઓ ને જ્ઞાન વધારીને આંતરપ્રાન્તીય અને આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ તથા પદવીઓ પામ્યા છે.

મારી યાદ પ્રમાણે ૧૯૨૦ સુધી તો અમદાવાદમાં 'હૅન્ડ કૅમેરા' જેવું નામ નહોતું. શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં આવેલા અંગ્રેજ શિક્ષક મિ. સ્ટૅન્ડિંગે ગાંધીજીના મુક્ત હાસ્યની ઝડપેલી છબિ મેં પહેલી જોઈ ને મેં પૉકેટ કૅમેરા વસાવ્યો. ત્યાર પછીના બે દસકામાં ને ફોટોગ્રાફીમાં ચિત્રરચના

એટલો વિકાસ ને પ્રગતિ પામી કે શોખથી કૅમેરા વાપરનારા માટે નવું સ્વર્ગ ઊઘડ્યું.

ગુજરાતમાં 'કુમારે' પહેલી જ વાર ફોટોગ્રાફીને મહત્ત્વ આપી નિયમિત અંગ તરીકે દાખલ કરી, અને 'કુમાર કૅમેરા કલબ' નામથી એક મંડળ ફોટોગ્રાફીના પ્રયોગો અને ચિત્રપ્રકારો કેળવવા માંડ્યું. કુમાર કાર્યાલયમાં તેને અંગે શિખાઉ ફોટોગ્રાફરો માટે ડાર્કરૂમ, રસાયણો ને કૅમેરા વગેરેની સસ્તી ગોઠવણ રાખવામાં આવી હતી. તે પછી ત્યાં જ 'નિહારિકા' મંડળ સ્થપાયું, જેમાં મેજર બલવંત ભટ્ટે તેના સ્થાપનકાળથી ખૂબ ઉત્સાહપૂર્વક તેના પ્રમુખ તરીકે સંચાલન કર્યું હતું. આજે એ મૂળ કલબના આરંભ કરનારાઓ 'નિહારિકા'ના અગ્રભાગ લેતા ફોટોકલાકારો બની ગયા છે.

ફોટોગ્રાફી એ કૅમેરા વડે સધાતી માત્ર પ્રકાશની આલેખનશક્તિ જ નથી; પણ તે જગતની દૃશ્ય કલાઓમાં સર્જનાત્મક કાવ્યપૂર્ણ પ્રતિભાનું દર્શન કરાવતી સાધના તરીકે સ્થાન પામી છે. બીજી કલાઓની પેઠે તે સૌંદર્યપાત્રોનાં નિરૂપણ, માનસિક સંવેદન, સર્જન વગેરે ઉચ્ચ લક્ષણો રજૂ કરી શકે છે.

ઉત્તમ ચિત્ર માત્ર કૅમેરા, રસાયણો કે કાગળ પર આધાર રાખે એવો ભ્રમ હવે દૂર થવો જોઈએ. સર્જકતા, સંસ્કાર, વિચાર, બુદ્ધિ ને રસિકતાથી કલાકાર પોતાના પાત્ર કે દૃશ્યને નવી ભાત આપી શકે છે, ને એ જ ગુણ તેની કૃતિને કલાકોટિમાં મૂકી શકે તેમ છે. કેવળ સાધનો અને ક્રિયાકૌશલથી કાંઇ વળતું નથી.


ફોટોગ્રાફી એક દૃશ્ય કલા છે, અને બીજી દૃશ્ય કલાઓની જેમ તે દેશની સંસ્કૃતિ અને સંસ્કારનું યોગ્ય વાહન બનવાની પૂરી શક્યતા ધરાવે છે, તેથી તે રાષ્ટ્રીય શિક્ષણમાં ઉત્તેજન અને સન્માન મેળવવાનો હક ધરાવે છે. તેના વિકાસ અને સંવર્ધન માટે ઊંચી વિદ્યાશાળાની દેશમાં જરૂર છે; કારણ કે ફોટોગ્રાફી દ્વારા શિક્ષણ અને સંસ્કારના અનેક પ્રકારો તેમજ પ્રત્યક્ષ જ્ઞાનનું સાહિત્ય ઉપજાવી શકાય છે. પ્રજાની રસદૃષ્ટિ કેળવવા અને માભોમનાં દૃશ્યો પર પ્રેમ ઉપજાવવા ફોટો-કલાના ઉપાસકો રાષ્ટ્રજીવનના ખૂણે ખૂણે નજર નાખી, ભાવપૂર્ણ કલાપૂર્ણ ચિત્રો રજૂ કરતા રહેશે તો જનતા તેમાં પોતાનું સાચું દસ્તાવેજી પ્રતિબિંબ જોઈ શકશે. આપણી શાળાઓની ભીંતો પર જે કલ્પનાશૂન્ય અને હેતુશૂન્ય ચિત્રો મુકાય છે તેને બદલે ત્યાં સૌંદર્યપ્રેરક અને વિચારદાતા ફોટોચિત્રો અગત્યનો સંસ્કારપ્રસાદ આપી શકશે. વ્યાપાર રોજગાર ને ઉદ્યોગોમાં ફોટોચિત્રકળા અમર્યાદ સહાય કરી શકે તેમ છે; પણ તેમાં સિદ્ધહસ્ત કલાકારોને જ અવકાશ છે.

ફોટોગ્રાફીના પ્રદેશમાં હવે રંગનો પ્રકાર આયાત થઇ રહ્યો છે. તેથી ચિત્રનિર્માણના સિદ્ધાંતો ઘણી નવી રચના ને આયોજના માગી લેશે. રંગની પરિભાષા ઉતારવામાં જ ફોટોગ્રાફી તેના સાચા સ્વરૂપમાં રજૂ થઇ ગણાશે. એટલે ચિત્રકાર કરતાં યે આગળના પ્રદેશોમાં રંગની સૃષ્ટિની ઊંડી શોધમાં ઊતરવાનું રંગ ફોટોગ્રાફી પ્રાપ્ત કરે તો નવાઇ નહિ.

હવે તો હજારો માણસો ફોટોગ્રાફીના ક્ષેત્રમાં ઊતરી પડ્યા છે; પણ એટલું નક્કી કે અવલ દરજ્જાના માણસો જ આગળ રહેશે. જે ફોટોકલાકાર કલ્પના, ઉત્તમ અભિરુચિ, જ્ઞાન અને અનુભવ સાથે સચોટ કૌશલ્ય ને બુદ્ધિ ધરાવતો હશે તે જ દૃશ્ય કલાઓની અપાર સેવા કરી શકશે; એટલું જ નહિ પણ એવાઓના અભ્યુદય માટે બેશુમાર તકો અને વિશાળ ક્ષેત્ર રાહ જોતાં ઊભાં છે.

[અમદાવાદના ફોટો–ચિત્રકલા-મંડળ 'નિહારિકા'ના ચોથા અખિલ ભારતીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કરતાં આપેલું વ્યાખ્યાન.]

કલાપ્રકાર



ત્રણ સ્ત્રીઓ—શિલ્પી : હેન્રીમૂર (British I. Services)

કોઇપણ વસ્તુ કે દૃશ્ય, જેવાં દેખાય છે તેવાં જ આબેહૂબ નહિ પણ એના દર્શનથી મનના અદૃશ્ય પટ પર જે ચોટદાર છાપ પડે છે તે ઉતારી બતાવવી એ પ્રકારનું કલાવિધાન, પ્રાચીન કાળની માફક, આ યુગમાં પણ જે ફરી પ્રવર્તવા માંડ્યું છે તેનાં ઉદાહરણ તથા સમજણ વિવેચન અમે અવારનવાર 'કુમાર'માં આપતા રહ્યા છીએ. આ અંકના પૂઠા ઉપરનું કુ૦ શકુન્તલાબહેન દીવાનજીનું શિલ્પ એ પ્રકારના કલાસર્જનનો એક એવો નમૂનો છે, જે. એવા વિધાનમાં બહુ રસ અથવા સમજ ન પડતી હોય તેમને પ્રવેશ કરાવવા માટેનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે; કેમકે એવા કલાપ્રકારમાં ઘણીવાર જે વિચિત્રાં રૂપો જોવા મળે છે તેવું, નજરને છેક જ આંચકો આપનારું દર્શન આ શિલ્પનું નથી; પણ કલાકારની મનોસૃષ્ટિમાં નર્તકીના રૂપની જે એક મધુર છાપ પડી છે તેના માધુર્યનાં જ માત્ર તત્ત્વોને સાદી રીતે એમાં ઉતારી બતાવ્યાં છે.

એમાં ચહેરાનાં આંખ-મોં-નાક, હાથ કે પગનાં આંગળાં, કે વાળની સેંથી ઉતારી બતાવી નથી; કંચુકીનો નિર્દેશ પણ કર્યો નથી; ચણિયાના ઘેરની કરચલીઓ પણ વેગ દર્શાવવા માટે જરૂરી તેટલી જ દર્શાવી છે. એને એવી ઝીણીઝીણી વિગતો, પોતાને જે સમગ્ર રૂપની માધુર્યમૂર્તિ ઉતારવી છે તેના દર્શનમાં વિક્ષેપદાયક થઈ પડે!

એમાં તો નૃત્ય વેળા નર્તકીના દેહે જે લોલ હિલોળ લીધો, એની ડોક જે નમણી અદામાં ઢળી, એના દેહના વેગ અને વળાંકાએ કટિભંગ આગળથી બે સામસામી દિશાઓમાં લાવણ્યભરી રેખાઓમાં ગતિનું જે કાવ્ય રચ્યું, તેની પ્રવાહિતાને પત્થરમાં સ્થિર કરવાનો

પ્રયત્ન કર્યો છે. ચહેરો અંબોડો અને વક્ષપ્રદેશ, ઉદર ને નિતંબ, ચણિયાનો ઘેર ને કમાન રચતા હાથ, એ સ્થળોએ માધુર્યની જે લીલા રેલી રહી છે એનું માત્ર દર્શન કલાકારને કરાવવું છે. અને તે એણે સફળતાથી કરાવ્યું છે. એ કઈ નર્તકી હતી, ચહેરેમોરે કેવી હતી, એના વસ્ત્રોનાં રંગ ને વિગત કેવાં હતાં વગેરે સાથે દર્શકને કાંઇ નિસ્બત નથી; જોનારને પણ કોઇને તેની નિસ્બત હોતી નથી. ચિત્તના ફલક પર જે ચોટદાર છાપ પાડે છે તે તો તેમાં રહેલું નૃત્યનું શાશ્વત તત્ત્વ. એ તત્ત્વ શિલ્પલેખાએ ઉતારી લીધું ને એને રસનું એક અક્ષયપાત્ર બનાવી દીધું. એ મૂર્તિ ઘરમાં કોઈ સુંદર સ્થળે રાખો, અગર એની છાપ રોજ જ્યાં નજર પડતી હોય ત્યાં રાખો, અને સદાકાળ તમારી આંખ અને ચિત્તને માધુર્યનું સુખ આપ્યા કરશે.



ઘોડાનો શિકાર કરવા ટાંપી રહેલો સિંહ-ચિત્રકાર : સ્ટબ્સ (B. I. Services)

પોતે સંવેદન પામેલાં સૃષ્ટિનાં દશ્યોમાંના એવા શાશ્વત તત્ત્વનું જ માત્ર દર્શન કરાવવું, એ તત્ત્વની જ જે કંઈ વેગભરી, ચોટદાર છાપ પોતાના મનના ફલક પર અંકાઇ હોય તે જ માત્ર ઉતારી બતાવવી, અને એની એ ચોટને ઉતારવા જતાં–એ શાશ્વત તત્ત્વને તેના મૂળ રૂપમાં પકડવા જતાં બીજી વિગતો જો વંકાઈ જતી હોય, અપ્રતરંગી બની જતી હોય કે ભલે કદાચ પહેલી નજરને બેડોળ લાગે એવી બની જતી હોય તો તેમ પણ બનવા દેવું, એની પરવા ન કરતાં પોતે તો પેલા શાશ્વત તત્ત્વને જ ઉતારવા મથવું, એ પાકી માન્યતા ઉપર યુરોપ-અમેરિકાના ઘણા ચિત્રકારો-શિલ્પકારો મુસ્તાક રહીને અર્ધસ્વપ્નસૃષ્ટિ જેવાં પોતાની ચિત્તસૃષ્ટિનાં દર્શનો જ ઉતારવા આગ્રહ રાખે છે. એમની જે વિવિધ શૈલીઓ, પ્રકારો, પંથો આદિ ત્યાં પ્રવર્તે છે તેની વિગતમાં અહીં નહિ ઊતરીએ; પણ કુ૦ શકુન્તલાબહેનનું ઉપલું શિલ્પ જોયા પછી, એ જ પદ્ધતિને અનુષંગી, પણ દર્શનની વિચિત્રતામાં એનાથી ઘણું યે આગળ એવું, ત્યાંની પ્રવર્તમાન પદ્ધતિનું એક ઉદાહરણ સાથોસાથ જોઈ લઇએ.

ઉગણાં થોડા માસ પર ઈંગ્લંડમાં કલાપ્રદર્શનનો એક નવો પ્રકાર યોજાયો હતો. સામાન્યરીતે પ્રદર્શનો તો ચિત્રાલયોમાં કે મોટા ટાઉનહૉલોમાં ભરાય છે. ચિત્રોનાં પ્રદર્શનો તો એવાં સ્થાને જ હોય; અને મૂર્તિઓ તથા શિલ્પનાં પ્રદર્શનો પણ એવાં સુરક્ષિત સ્થાને જ રખાય છે. પણ યુરોપ અમેરિકાના બીજા દેશોમાં તો નગરઉદ્યાનો આદિ જાહેર સ્થળોમાં જનસામાન્યના રસાસ્વાદ માટે વિપુલતાથી શિલ્પમૂર્તિઓ વેરાય છે. ઈંગ્લંડમાં (કે આપણે ત્યાં આજે) એ રીતે રખાતી નથી. પ્રાચીન કાળમાં તો આપણાં દેવમંદિરો અને એવાં લોકસંપર્કનાં સ્થળો શિલ્પથી ભરચક રહેતાં.

લંડનના બૅટરસી-પાર્ક નામના જાણીતા ઉદ્યાનમાં, થોડા સમય ઉપર, ઇંગ્લંડનાં ચિત્રાલયો તથા કલાગારોમાંની કેટલીક ઉત્તમ શિલ્પકૃતિઓ જનસમાજને જોવા માટે ખુલ્લા આકાશ નીચે અને બગીચાના મનોરંજક વાતાવરણની રચનામાં સુઘટિતરીતે યોજીને મૂકવામાં આવી હતી. અને તેનું દર્શન જનતાને ચિત્રાગારોમાંના કૃત્રિમ પ્રકાશ તથા ગોંધાવનારા વાતાવરણમાંના શિલ્પદર્શન કરતાં અનેક રીતે વધુ રંજક અને સુખદ બન્યું હતું. નીલા આકાશ નીચે, લીલી વૃક્ષરાજિ અને વિવિધરંગી ફૂલઝાડો વચ્ચે, મુક્ત પવન અને તેજસ્વી સૂર્યપ્રકાશથી ન્હાતાં એ શિલ્પો કાઈ અભિનવ રસ અને રહસ્ય દાખવતાં લાગ્યાં હતાં. ઓરડાઓમાંનાં સ્થિર શિલ્પો અહીં નિસર્ગ વચ્ચે જાણે ચેતનામય બન્યાં હતાં.

એમાં રજૂ થએલાં શિલ્પોમાં, આપણે શરુમાં વિચારી ગયા તે પ્રકારનાં, માનવજીવનનાં દર્શનો અને ભાવોનાં શાશ્વત રૂપો પ્રકટ કરવામાં અગ્રણી ગણાતા ઈંગ્લંડના શિલ્પીઓ પૈકી હેનરી મૂરનું 'ત્રણ સ્ત્રીઓ'નું જે સમૂહશિલ્પ રજૂ થયું હતું તે એ કલાપ્રકારના એક નમૂના તરીકે આ સાથે પ્રકટ કર્યું છે. આપણને પહેલી નજરે તો માથા


હાડપિંજરનો અભ્યાસ : સ્ટબ્સ (British I. Services)

આસન તથા શયનના પ્રકાર

પ્રાચીન નાટ્યશાસ્ત્ર પરની લેખમાળા—હપતો ૨૭

ગયા હપતાઓમાં આપણે આપણાં ભારતીય નૃત્યોમાં રચાતી મુદ્રાઓ પાછળના સંકેતો તથા તેમાંનાં પાત્રોની ગતિ(ચાલ)ની પાછળ યોજાએલી અર્થભરી ઝીણવટો સમજ્યા. તે રીતે પાત્રોની બેસવા-સૂવાની વિવિધ પદ્ધતિઓ તથા પ્રકાર પણ યોજાયા છે, તે હવે જોઇએ.

લેખક
યોગેન્દ્ર
પ્રિયદર્શી

નાટ્યશાસ્ત્રમાં વિવિધ આસનો (બેઠકો) તથા શયન-પ્રકારો કે સુપ્ત સ્થાનો પણ દર્શાવ્યાં છે, જે જુદાજુદા અભિનયોમાં યોજાય છે.

આસનો : આસનો આઠ છે : (૧) સ્વસ્થ, (૨) મદાલસ, (૩) ક્રાન્ત, (૪) આકુંચિત, (૫) અસ્તાલસ, (૬) ઉત્કટ (૭) વિષ્કંભિત, (૮) જાનુગત. આ બધાંનાં નામ નાટ્યશાસ્ત્રમાં આપ્યાં નથી; એટલે ખૂટતાં નામ અન્ય ગ્રંથોને આધારે તથા તેનાં લક્ષણો પરથી યોજીને લીધેલાં છે. તેનાં લક્ષણ તથા વિનિયોગ નીચે મુજબ છે.

સ્વસ્થ: એક હાથ કમરે ને એક હાથ સાથળ પર રાખી પહોળા વળેલા પગે ટટાર બેસવું તે. સ્વસ્થતાપૂર્વક બેસવામાં તે યોજાય છે.

મદાલસ: એક પગ સહેજ પ્રસારીને તેમજ માથું એક પડખે રાખીને બેસવું તે. તે ચિન્તન (વિચાર) વગેરેમાં યોજાય છે.

ક્રાન્ત: બંને હાથ પર દાઢી ટેકવી માથું એક તરફ ઢાળી બેસવું તે. એથી મન તથા ઇંદ્રિયોની ગ્લાનિ, શોક પરાજય વગેરે દર્શાવાય છે.

આકુંચિત: ગોઠણો છાતીને અડે તેમ સર્વ અંગ સંકુચિત કરી ટૂંટિયું વાળી બેસવું તે. વ્યાધિ પીડા, અતિ નિદ્રા, વગેરેમાં યોજાય છે.

અસ્તાલસ: બન્ને હાથ શિથિલ પ્રસારિત રાખી ધનુષ્યને ટેકો દઇને બેસવું તે. એ મોહ, મૂર્ચ્છા, મદ (કેફ), ગ્લાનિ તથા વિષાદમાં યોજાય છે. મહાભારત યુદ્ધના પ્રારંભમાં અર્જુનને વિષાદ થઇ આવ્યો ત્યારે તે આ આસનથી રથમાં બેસી ગયો હતો.

ઉત્કટ: બંને પાની નિતંબને અડે તેમ બેસવું તે. પિતૃઓને નિવાપાંજલિ અર્પવામાં, જપ, સંધ્યા, આચમન વગેરેમાં તે યોજાય છે.

વિષ્કંભિત: ઉત્કટ આસનનો એક ગોઠણ ઊભો રાખી બેસવું તે. હોમ આદિ કરણોમાં તથા પ્રિયને પ્રસન્ન કરવામાં એ યોજાય છે.

જાનુગત: બંને ગોઠણ જમીનને અડાડી, મસ્તક નીચું રાખી બેસવું તે. એ દેવવંદન તથા યજ્ઞાદિ ક્રિયાઓમાં, ક્રોધ પામેલાને પ્રસન્ન કરવામાં અને શોક, આક્રંદ, ત્રાસ, યાચના વગેરેમાં યોજાય છે. મુનિઓના યમનિયમ વગેરે કર્મોમાં પણ આનો પ્રયોગ થાય છે.

આ ઉપરાંત અન્ય ગ્રંથોમાં 'મુક્તજાનુ' અને 'વિમુક્ત' એમ બે વધારાનાં નામો મળે છે, પરંતુ તે વિષ્કંભિત તથા જાનુગતનાં જ પૂરક હોવાથી ઉપરનામાં તેનો સમાવેશ થઇ જાય છે.

આસનવિધિ : વળી નાટકમાં જુદાંજુદાં પાત્રોને તેમનાં સ્થાન તથા મોભા પ્રમાણે જુદીજુદી કક્ષાનાં આસનો (બેઠકો) આપવામાં આવે છે. તેમાં કયા પાત્રને કયું આસન આપવું તેના પ્રકાર તથા વિધિ પણ નાટ્યશાસ્ત્રમાં જણાવેલા છે. એવાં આસનો અનેક પ્રકારનાં છે: જેમકે સિંહાસન, કાષ્ઠાસન, મુંડાસન, વેત્રાસન, કુથાસન વગેરે. આ આસનો મુખ્યત્વે રાજ્યસભામાં યોજાય છે.

સિંહાસન : દેવ તથા રાજા યા રાણી માટે સિંહાસન યોજાય છે. તે સુવર્ણજડિત અને રત્નો વગેરેથી આભૂષિત હોય છે અને તેના પાયા સિંહાકારના હોય છે.

મુંડાસન: સેનાપતિ, યુવરાજ વગેરે પાત્રો માટે આ આસન યોજાય છે. તે પાછળ કશા આધાર કે ટેકા વગરનું હોય છે.

કાષ્ઠાસન: બ્રાહ્મણો તેમજ રાજ્યગુરુ માટે લાકડાની બનેલી આ બેઠક યોજાય છે. હાલના બાજઠ, પાટલો વગેરે તેના જ પ્રકારો છે.

વેત્રાસન: પ્રધાને, પુરોહિત વગેરે માટે નેતરની બનેલી બેઠક.

કુથાસન : સ્ત્રીઓ, રાજકુમાર-રાજકુમારિકાઓ વગેરેને સાદડીનું આસન અપાય છે.

ભૂમ્યાસન : ચાકર કે નીચી કક્ષાના પાત્રોને ભૂમિનું જ આસન આપવું; અર્થાત્ તેમને જમીન પર બેસાડવા એમ કહ્યું છે.

ઉપરનો ક્રમ રાજ્યસભાનો છે. આ ઉપરાંત દિવ્યાસન, મયૂરાસન, મંડલાસન, પદ્માસન વગેરે આસનો પણ દર્શાવેલાં છે. તેમાં—

દિવ્યાસન : દેવી કે દિવ્ય સ્ત્રીઓ માટે યોજાય છે. આ આસન અલૌકિક પ્રકારનું વિસ્મયચકિત રચનાવાળું હોય છે.

મયૂરાસન : રાજ્યકુમારી કે ધનાઢ્ય વૈભવશાળી યૌવનાના આવાસમાં તેની યોજના કરાય છે. તે મયૂરકલાપ(મોરની કળા)ના આકારનું તથા કોતરણીથી સુશોભિત હોય છે.

મંડલાસન: તે ઉત્તમ સ્ત્રીઓ માટે યોજાય છે ને ગોળાકાર હોય છે.

પદ્માસન : બ્રાહ્મણ સ્ત્રીઓ વગેરે પાત્રોને તે અપાય છે.

ઉપરનાં આસનો સામાન્યરીતે સ્ત્રીઓમાં યોજાતાં હોય એમ લાગે છે, પણ તેનો ખાસ દૃઢ નિયમ હોવાનું જણાતું નથી. આ આસનો ઉપરાંત વળી ચર્માસન, દર્ભાસન વગેરે અનેક આસનો છે.

ચર્માસન : તેમાં 'વ્યાઘ્ર-ચર્માસન', 'મૃગ-ચર્માસન' વગેરે પ્રકારો છે અને તેનો ઉપયોગ યોગી તથા તપસ્વીઓમાં જોવામાં આવે છે.

દર્ભાસન: ઋષિમુનિઓનું આસન છે અને દર્ભ(એક પ્રકારના ઘાસ)માંથી તે બનાવેલું હોય છે. આ સિવાય પદ્માસન, ઇંદ્રાસન વગેરે દેવોનાં આસનોનાં નામ તો જાણીતાં છે. તે પણ અમુક ખાસ પ્રકારનાં કે વિશિષ્ટ રચનાવાળાં હોય છે.

યોગમાં જે 'પદ્માસન' વગેરે આસનો કહ્યાં છે તે આ આસનોથી સદંતર ભિન્ન છે. તે તો શરીરની અમુક રચનાઓ છે અને યોગમાં આવશ્યક શારીરિક તથા માનસિક શુદ્ધિ ને સ્વાસ્થ્ય મેળવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.●

અહીં દર્શાવેલાં આસનોનો નિયમ અન્ય સ્થળોએ જ જાણવો; પાત્ર પોતાના ઘરમાં તો મરજી મુજબ ગમે ત્યાં બેસે તેમાં કશો દોષ નથી. પરંતુ મુનિઓનું આસન તે ઘરમાં તેમજ બહાર તેમના નિયમ મુજબ એક જ પ્રકારનું રાખવું. (અનુસંધાન સામેના પાને)

● આ યોગાસનો વિષે એવું વિધાન છે કે તે વિવિધ પશુપક્ષીઓની બેઠકો કે તેમનાં અમુક હલનચલનમાંથી નિપજેલાં છે. સર્પાસન, મત્સ્યાસન, મયૂરાસન વગેરે નામો પણ તે જ સૂચવે છે. આપણા પ્રાચીન પુરુષોએ એક પણ વિષયને—ગૂઢમાં ગૂઢ વિષયને પણ છોડ્યો નથી. તેનું તત્ત્વ પામીને જ તેઓ જંપ્યા છે અને તેનો નિચોડ મૂકતા ગયા છે. આ યોગાસનો પણ તેમની એ તત્ત્વાલોચક દૃષ્ટિનું જ પરિણામ છે. પશુ-પક્ષીઓ પોતાની તમામ સ્ફૂર્તિ અને તાજગી તેમની અમુક બેઠકોમાંથી જ મેળવી લેતાં હોવાનું એમને જણાયું, એટલે તેમણે એ બેઠકોને માનવહિત માટે વિવિધ આસનો રૂપે પ્રચલિત કરી. સ્વાસ્થ્ય-રક્ષાના આ અજોડ સાધનની ઉમદા બક્ષિશ દ્વારા તેઓએ માનવજાતિની અપૂર્વ સેવા બજાવી છે.

સાહિત્ય અને શીલ (અનુસંધાન પૃ. ૩૨૪થી ચાલુ)

એમણે વળી એ ગ્રહોની ગતિ ઉપરાંત વક્રગતિ, દૃષ્ટિ ઉપરાંત સામસામી દૃષ્ટિ અને ખડાષ્ટક સ્થિતિ, એમના ઉચ્ચનીચ સ્વભાવો, એમના હોરાથી માંડીને મહાદશા પર્યંતના અમલ, વગેરે વગેરે જોડી જોડીને, વળી શિત્તેર વર્ષના એકસો આઠ વર્ષના અને એકસો વીસ વર્ષના અવધિ કલ્પીને તેમાં આ સર્વના સમાવેશ માટે મથતાં એમણે એવું તો કોકડું ગૂંચવ્યું છે કે એ ભૂલભૂલામણીને તપાસતાં કોઈપણ બે જોષી કોઇપણ પ્રશ્ન બનાવ કે માણસ વિશે એકમત થઇ જ ન શકે, અને યજમાન બાપડો પોતાને જે 'જોષ' રુચિ જાય, તેને જ સાચી ભવિષ્યવાણી માની બેસે ! આપણે રહ્યાં જંતુડાં. આપણું માનસ એવું છે કે કોઇકોઈ વાર તો આપણે અમુક બનાવ બનશે એમ માની બેસીએ છીએ અને તે માન્યતા જ એ બનવાનું કારણ બને છે. વધારે ચોખ્ખા શબ્દોમાં કહું તો, આપણા વિશે એ 'જોષ' આપણે સાંભળ્યો ન હોત, તો એ બનાવ બન્યો પણ ન જ હોત. એક જોષી મારા જેવા અશક્ત વયોવૃદ્ધને કહે કે ચાર માસ કે ચાર દિવસ પછીની ફલાણી હોરા ખૂબ સમાલજે, ને તે હું ખરેખર માનું, તો મારી એ શ્રદ્ધા જ એ હોરામાં મને મારી નાખે ! આવા બે દાખલા મેં જાતે પ્રત્યક્ષ પણ કરેલા છે; જોકે નામ ન આપી શકું; કેમ જે એવી મૂર્ખાઈ કરું તો એ ભવિષ્ય ભાખનારો જોષી હું તેને અમુક માણસનો ખૂની કહું છું, એ મુજબ મારા પર તહોમત પણ મૂકી શકે. અસ્તુ.

આમાં નિર્ણાયક મુદ્દાની બાબત આ છે કે યુરોપીય વિજ્ઞાન કોઇ પણ શક્તિ કે પદાર્થની કોઈ પણ ક્ષેત્રમાં કારણતા સ્વીકારતાં પહેલાં એ શક્તિ કે પદાર્થ એ ક્ષેત્રમાં કારણ રૂપે ખરે જ પ્રવર્તે છે કે કેમ, તેનો ચોખ્ખો પુરાવો માગે છે. પારિભાષિક શબ્દોમાં Vera causa છે એમ સાબિત ના કરી શકાય તે શક્તિ કે પદાર્થની તે ક્ષેત્રના બનાવોમાંના કોઇની પણ ઉત્પાદકતા પાશ્ચાત્ય વિજ્ઞાન સ્વીકારતું જ નથી. ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ન્યૂટન ત્યારે જ સ્થાપી શક્યો, જ્યારે તે પહેલાં એણે દરિયાની ભરતી અને ઓટના બનાવનાં ઉત્પાદક ખરેખર સૂર્ય અને ચંદ્રનાં આકર્ષણ છે એમ સાબિત કરી આપ્યું. જ્યોતિષના ગ્રહો એવા Vera causa છે તે સાબિતી એ શાસ્ત્રમાં કે બીજે ક્યાં ય કોઇએ પણ દીઠી કે સાંભળેલી નથી.

ઘણા માણસજંતુ પોતાના શીલની નબળાઇને લીધે જે બને છે તેનો ટોપલો નવ ગ્રહોને માથે સેરવી દઈ પોતાના શીલને દૃઢ કરવાના પુરુષાર્થથી દૂર ભાગે છે, તો ઘણા માણસજંતુઓ જે કંઈ થવાનું છે તે થયા જ કરે છે, તે પહેલેથી નિર્ણિત જ છે, તેમાં રતિભાર ફેર પડવાનો નથી, માણસ બાપડો કોણમાત્ર કે તેનો પુરુષાર્થ વળી એ નિર્માણને ફેરવી શકે, એવા ફિલસૂફી-આભાસને વળગે છે. આનું પારિભાષિક નામ અંગ્રેજીમાં fatalism ફેટલિઝમ છે. બેશક, મુસ્લિમોના જેવા નિર્માણવાદીઓ આપણે હિંદુઓ નથી. આપણે 'સોઽહં' એટલે કે આત્મા પણ પરમાત્મા જ છે, માણસ ઇશ્વર જ છે. નર પોતે નારાયણ છે વા નારાયણ બનવાનો અધિકારી છે, (તે પ્રમાણેનો પુરુષાર્થ ખેડે તો), એમ પણ માનનારા છીએ. નિર્માણવાદ પુરુષાર્થને મૂલમાંથી છેદી નાખે છે, ત્યારે સોઽહંવાદ પુરુષાર્થ જ બ્રહ્માંડમાં મોટામાં મોટી—અરે અમોઘ સર્વજિત્ શક્તિ છે એ શ્રદ્ધા ઉપર જ દૃઢાસન વાળીને બેઠો છે. તાત્પર્ય કે આ બે વાદ એકબીજાના હાડોહાડ વિરોધી છે; એકનો સ્વીકાર જ બીજાના અસ્વીકાર બરોબર છે. પરંતુ આપણી વિચારણા નખશિખ એકસરખી સીધી સંગીન અને વેધક ના પણ હોય. ઘણાઘણાની વિચારણા વચ્ચેથી ક્યાંક ને ક્યાંક ઠોકરાઇ પડે છે, ને આમ કયે બિંદુએ શા કારણથી બનવા પામ્યું તેની પણ ઘણાને ગમ પડતી નથી. પરિણામ આ જ આવે કે ઘણાઘણાની શ્રદ્ધા બે પરસ્પર વિરુદ્ધ માન્યતાઓને એકસાથે વળગે છે. ખાસ કરીને જ્યારે વિરોધ ઉગ્ર બને છે, કાં તું નહિ કાં હું નહિ એમ બંને એકબીજાનું ખૂન પીવા લગીના જહાલ બની જાય છે, ત્યારે આપણે મવાળ માનવજંતુ કાંઈ વચલો માર્ગ ('કૉમ્પ્રોમાઇઝ', વધારે જૂનો અને ચલણી પ્રયોગ 'વાયા મીડિયા') કે છટકબારી બડી હોશિયારીથી શોધીએ છીએ, અને તે આપણને મળી ગઇ, એમ માની બેસવાને પણ આપણે સમર્થ છીએ ! અરે ગીતા જેવા પવિત્ર ગ્રંથને પણ આપણા પક્ષમાં તાણીએ છીએ. ગીતામાં કહ્યું છે, તમે તમારા ઈષ્ટ દેવના ભક્ત ભલે રહો; તમારી ભક્તિ શુદ્ધ હશે તો એ તમારી નિખાલસ નમસ્કૃતિઓ મને સાચા દેવાધિદેવને પ્હોંચશે જ પ્હોંચશે. તમને તેનું ફળ મળશે જ મળશે. શી માનવજંતુની બુદ્ધિની આત્મવંચનાશક્તિ ! સાચો દેવાધિદેવ હોય તેનામાં જ આટલી હદ લગીનું ઔદાર્ય હોઇ શકે, માટે ખુલ્લું છે જે સાચો દેવાધિદેવ હું જ છું, તમે મને જ ભજો. અને ભક્તરાજ અર્જુનને આખરે તેમ કરતો પણ નિરૂપેલો છે. આ સર્વ પક્ષિલ પ્રચારક્રિયા છે; ફિલસૂફીનું તત્ત્વ એ હોઈ શકે નહિ. તથાપિ ઘણાઘણા એક પગ દૂધમાં એક દહીંમાં એવી પ્રવૃત્તિને જ વ્યવહારુ ગણે છે. જાણે કે હાલના સમયમાં એક ભાઇ સોવિયેત વિચારવ્યૂહ (આઇડીઑલૉજી) સ્વીકારે, બીજો ડિમૉક્રસી (વ્યક્તિસ્વાતંત્ર્યના પાયા પર ચણાતી પ્રજાસત્તા)નો, અને બંને આપસઆપસમાં ખાનગી સમજૂતી રાખે કે તારો પક્ષ જીતે તો તું મને બચાવી લેજે, ભલે મારા પક્ષનું ગમે તે થઇ જાય ! જ્યારે જ્યારે બે અત્યંત વિરોધી વિચારવ્યૂહો વચ્ચે ઝગડો વધી પડે છે ત્યારેત્યારે તે ધર્મયુદ્ધ ('ક્રૂઝેડ'—આરબી શબ્દ 'જેહાદ')નું ઘોર કારમું સ્વરૂપ ધારણ કરે છે, અને માણસની બુદ્ધિ નીતિ વફાદારી આદિની આકરામાં આકરી કસણીનો ઝમાનો પ્રકટ થાય છે. ઇંગ્લંદના ઈતિહાસમાં મેરી ક્વીન ઑવ સ્કૉટ્સ અને ઇલિઝાબેથથી માંડીને ઈ. ૧૬૮૮ લગીના યુગમાં, ફ્રાન્સના ઈતિહાસમાં અઢારમા સૈકાના મધ્યથી, આપણે આવા જ્વલેણ વિરોધ વિશે વાંચીએ છીએ, અને આ છેલ્લા બે વિશ્વવિગ્રહોમાં તો આપણે એ નજરોનજર પ્રત્યક્ષ કર્યું છે. સત્ય, અણિશુદ્ધ સંપૂર્ણ સત્ય શોધવું અને સત્યનું આગ્રહથી પાલન કરવું, બંને આપણા મોટામાં મોટા પુરુષાર્થ અથવા ધર્મ છે. ત્યારે સંપૂર્ણ અણિશુદ્ધ સત્ય મેળવવા જેટલી શક્તિ આપણામાં છે ખરી કે, એ સવાલ પણ અવ્વલ ગૌરવનો બની જાય છે. કેટલાક માને છે અને મનાવવા મથન કરે છે કે એ તમામ શક્તિ આપણામાં છે, અથવા તો ખીલવી શકાય એમ છે. વળી તેઓ માને છે અને મનાવવા મથે છે કે એ શક્તિઓના સદુપયોગથી જે સંપૂર્ણ અણિશુદ્ધ સત્ય પામીએ તે અમને તો મળી ચૂક્યું છે તે આ રહ્યું, તમે સ્વીકારો. જેમ જેમ તમે અમારી બતાવેલી પ્રક્રિયાઓ કરશો તેમતેમ તમને સંપૂર્ણ ખાતરી થયા વિના રહેનાર નથી. દરમિયાન શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો. ઘણાઘણાં ભાઇઓ આ માની લે છે, આને ગળી શકે છે, આવી શ્રદ્ધાને વળગી પડવા મથે છે. તેવાને માટે સત્યશોધનો પુરુષાર્થ રહેતો નથી. જે સત્ય મળી ગયું છે તેનું પાલન એ જ તેમને માટે મોટામાં મોટો પુરુષાર્થ છે, જેને મુકાબલે, જેની હરીફાઈમાં બીજા પુરુષાર્થો ઊતરતા અને ત્યાજ્ય છે; અથવા મોટામાં મોટા પુરુષાર્થના પેટામાં પાળી શકાતા હોય એટલા જ પાળવાના છે.

પરંતુ બીજા એવા પણ ઘણાઘણા છે જેઓ પ્રશ્ન કર્યા વિના રહી શકતા નથી કે શ્રદ્ધા પરાણે ઉગાડાય ખરી વારુ ? શ્રદ્ધા બેસી જાય

એ જુદી વાત; પરંતુ ના પણ બેસે. જે અણિશુદ્ધ અને સંપૂર્ણ સત્ય બુદ્ધિ જોઈ શકે નહિ, તેમાં તે એવું છે એ પ્રકારની શ્રદ્ધા શક્ય જ નથી. માટે સત્ય, સંપૂર્ણ અણિશુદ્ધ સત્ય, બુદ્ધિને એવું પ્રતીત થઇ જાય ત્યાં લગી શોધ્યા કરવાનો પુરુષાર્થ, તે જ સૌથી મોટો પુરુષાર્થ છે. અને તથાપિ એ જડતાં જન્મારો જાય, અનેક જન્મારા વહી જાય, શોધાતું આવતાં સત્યનો પ્રકાશ ધીરે ધીરે સૈકાઓ લગી પ્રાપ્તની દશા ન પણ મેળવે, પ્રાપ્તવ્યની દશા જ ચાલ્યા કરે, તો એ સૈકાઓ કે એથી પણ લાંબા કાલખંડ દરમિયાન, સત્યના જે સ્વરૂપને બુદ્ધિ ઓછામાં ઓછું અપૂર્ણ અને અશુદ્ધ ગણી શકે તેનું પાલન પણ આપણો તે તે કાળે મોટામાં મોટો ધર્મ વા પુરુષાર્થ ગણાવો ઘટે. એથી ઊતરતાં હોય તે સત્યનાં સ્વરૂપોને ભોગે પણ આ ચડિયાતાં સ્વરૂપનું પાલન અને તેની સ્થાપના જ આપણો મોટામાં મોટો પુરુષાર્થ છે; જ્યાં લગી આપણી બુદ્ધિ એથી પણ ચડિયાતાં સ્વરૂપને શોધી ના શકી હોય ત્યાં લગી.

વિવરણ જરા સંકુલ અને દુર્બોધ અને તેથી અપ્રતીતિકર થઈ જાય છે એ જાણું છું. પરંતુ (આવી સભાઓમાં લોકો આપણી માણભટ્ટની કથાઓ સાંભળતા અને એ આખ્યાનો કલાકો ઉપર કલાકો લગી સાંભળ્યા કરતા એ ઝમાના વહી ગયા છે.) વિષય ગમે તેવો રસિક કે આવશ્યક હોય તથાપિ આપણે અમુક કાળમર્યાદા સાચવવી જ પડે છે. અને એમ કરતાં આ વિવરણમાં કેટલાક અંકોડા છોડી દેવા પડે છે, તે અધિકારી (શ્રોતા કે) વાચક પોતપોતાની સ્વતંત્ર વિચારણાએ પોતાની મેળે સાંધી લેશે એમ રાખવું પ્રાપ્ત થાય છે.

વિષયને જરા જુદી રીતે મૂકું. વિષાદગ્રસ્ત અર્જુન તમામ ધર્મોનો પાયો કુલધર્મોમાં જુવે છે. પિત્રીઓની પોતાના લોકમાં સ્થિતિ, જાતિધર્મો. બધા જ ધર્મોનો પાયો કુલધર્મો, આ યુદ્ધ તે ધર્મોને ઉચ્છેદે છે, અને કુલધર્મોચ્છેદ ઉપરઉપરને પગથિયે છે તે તમામ કોટિના ધર્મોને પણ ઉચ્છેદે છે, આવો ઘોરાતિઘોર અધર્મ કેમ કરું? લડીશ જ નહિ. પાયો ટકતાં તે ઉપરની આખી ઇમારત રહેશે, અથવા ના પણ રહે; તથાપિ તે પાડવાના મહાપાતકનો ભાગી હું તો નહિ જ બનું.

જવાબમાં ગીતા નિરૂપે છે કે શ્રીકૃષ્ણ પોતે પરમાત્મા જ છે, પોતે અર્જુનને દિવ્ય દૃષ્ટિ આપે છે જે વડે તેને શ્રીકૃષ્ણના પોતા માટેના દાવાની સત્યતામાં શ્રદ્ધા બેસે છે ને એટલે શ્રીકૃષ્ણ જે જે બીજું કહે છે તે તમામ અર્જુન સ્વીકારી શકે છે. ગીતાનો આ શ્રદ્ધાવાદ જે ગળી શકે છે તેને તો ઉપર કહેવાઈ ગયું તેમ સત્યની શોધનો પુરુષાર્થ સમાપ્ત થઈ જાય છે, ને જે પરમ સત્ય હોવા વિશે શ્રદ્ધા જામે છે તેના પાલન-સ્થાપનનો પરમ પુરુષાર્થ જ ખેડવાનો રહે છે.

પરંતુ જેને આવી શ્રદ્ધા અશક્ય રહે છે, તેને ગીતા શું શું કહે છે તે જોઇએ. પ્રથમ કહે છે—વારંવાર કહે છે 'યુદ્ધસ્વ, ભારત!' હે ભારત, લડી લે. બીજું કહે છે, વહેતા સંસારમાંનો સંસારી વહ્યા વિના રહી જ ના શકે. શ્વાસોચ્છ્વાસ પણ કર્મ જ છે ને? કર્મ કરવાં જ પડશે. પણ કુશળતા મેળવીને કર્મો કર! યોગી બન. ત્રીજું ચોથું જે કહે છે તે ઉપર આવી ગયું. કહે છે, હું શ્રીકૃષ્ણ જ પરમ સત્ય પરમાત્મા છું. લે આ દિવ્ય દૃષ્ટિ. તે વડે જો. ખાતરી થશે અને શ્રદ્ધા બેસશે. અને શ્રદ્ધા બેસી ગઇ એટલે ચોથું કહે છે, મેં નિર્માણ કરી જ રાખેલું બનવાનું છે, એમાં મીનમેખ ફરનાર નથી, તારે માત્ર નિમિત્ત બનવાનું છે, મેં ઉપજાવેલ કોઇ પણ જીવને નિમિત્ત જ બનવાનું છે; તો મારા ભક્ત, મારા વહાલા ભક્ત, મને ભજ. એ જ તારો મોટામાં મોટો પુરુષાર્થ. અને અર્જુન તે સ્વીકારી લે છે. નષ્ટો મોહ; કરિષ્યે વચનં તવ, મેં તને મારા જેવો જ દીઠો. મારો સખા જ ગણ્યો એ ભૂલ માટે જો આ ગાલે તમાચા પર તમાચા મારું છું,—અને ગીતા પૂરી થાય છે.

માનવ બુદ્ધિને દિવ્ય દૃષ્ટિ–અગમનિગમની (મિસ્ટિકલ) બુઝ તો છે નહિ; એને તો ચર્મચક્ષુ જ છે; એટલે છેલ્લી બે વાત પ્રતીતિકર નથી, પરાણે ઉપજાવેલી શ્રદ્ધા અને તેની સાથે એ બધું આળપંપાળ છે. એટલે ગીતાના શબ્દો અને પંક્તિઓ જે વાચ્યાર્થ કહે છે તે બુદ્ધિને જ તરણોપાય ગણનારને પ્રતીતિકર નથી.

પરંતુ ગીતાનું મનન કરતાં આ ઉપરાંત એમાંથી એક બીજો ધ્વનિ પણ સંભળાવા માંડે છે. કોઇ વાચકને તે સ્પષ્ટ સંભળાય છે, કોઇને એટલો સ્પષ્ટ સંભળાતો નથી. પણ વત્તોઓછો સૌ સાંભળે એવો એમાં ધ્વનિ છે. અને ગીતાની અમરતા એ ધ્વનિ વડે જ છે. વૈષ્ણવ પંથના કે શ્રદ્ધાના કે અગમનિગમના કોઇ પણ રૂપના પ્રચારગ્રંથ લેખે બીજા એવા પ્રચારગ્રંથો કરતાં એની વિશેષતા નથી.

સત્ય શોધવું, આ બ્રહ્માંડને સમઝવું, એના ગર્ભમાં એનાં ઊંડાણોમાં શું તત્ત્વ છે તે પકડવું, એ જ મોટામાં મોટો પુરુષાર્થ છે. પરંતુ આ શોધ તો લાંબી લાંબી ચલાવ્યા જ કરવી પડે એવી છે. અને આપણે તો એમાં અમુક ક્ષણે અમુક પેઢીએ અમુક સ્થળકાળે જ છીએ, થોડો વખત જ હોઇએ છીએ, તથાપિ તે સમય દરમિયાન અને આપણા હજી અપૂર્ણ અશુદ્ધ જ્ઞાને પણ આપણને આચરવું તો પડે જ. સંસારનો ભાર, પ્રવાહમાં વહીએ છીએ તેનો ધક્કો, આપણે માથે પડે જ, આપણને વાગે જ; તેની બરદાસ્ત કર્યે જ છુટકો. તેનાથી વિમુખતા મનુષ્ય માટે અશક્ય છે. સત્યશોધ અધૂરી રહે છે તે દશામાં પણ આગ્રહી સત્યપાલન અને સત્યસ્થાપન આપણો મોટામાં મોટો પુરુષાર્થ છે.

વેદોક્ત આચારો જૂનવાણી થઇ ગયા છે. જૂનવાણી આચારવિચારવ્યૂહ અને નવા ફૂટતા પગભર થવા ને સર્વોપરિ થવાની ગહેચ્છાવાળા આચારવિચારવ્યૂહ વચ્ચે આ આસુરી સંપત ને દૈવી સંપત વચ્ચેના જેવો ધર્મવિગ્રહ છે. આ કૂઝેડ ચાલી રહ્યો છે, ચાલ્યા કરશે. આમાં કોઇ પણ વ્યક્તિએ કઈ બાજુ અપનાવવી કોના સંગે અને કોની સામે ઝગડવું એ જ સવાલોનો સવાલ છે.

સિંહાસનારૂઢ છે તે દેવો પડે છે, નવા દેવો ઊગે છે, સર્વોપરિ થવા મથે છે, સર્વોપરિ થવામાં છે. રુદ્રો મરુતો, વસુઓ, આદિત્યો, નરમેધ, પશુમેધ આદિ અસ્તાચલે ઊતરી રહ્યાં છે. ત્રિમૂર્તિ અને પરમાત્મા રક્તપાતશૂન્ય ઉપહારો, પ્રસાદો અને સ્થૂલ બાહ્યાચારોની પૂજાસેવાને બદલે સૂક્ષ્મ માનસિક ભક્તિ વગેરે વગેરેનો ઉદય થઇ રહ્યો છે. જોતજોતાંમાં એ મધ્યાકાશે તપશે એમ બુદ્ધિ પણ જોઇ શકે. એ નવાને સનાતન ગણવા, કે એ પણ જૂનાની જ જેમ ખરશે, અને એ બીજા સટની જગા ત્રીજો સટ લેશે, તે બુદ્ધિને અવ્યક્ત છે આ આદિ અવ્યક્ત અંત અવ્યક્ત માત્ર મધ્ય વ્યક્ત, એવા વિરાટ પ્રવાહ વચ્ચે માનવી ઊભો છે અને પૂરેપૂરી વ્યક્તિ થતાં પહેલાં તો એ પણ અવ્યક્તમાંથી જ આવેલો પાછો અવ્યક્તે વહી જશે. આવા માનવી માટે એ અહીં છે, તે દરમિયાન મોટામાં મોટો પુરુષાર્થ કયો? સ્થિતં પરિપાલયેત્ (અંગ્રેજી કાયદાની પરિભાષામાં factum valet,) એ એનો મોટામાં મોટો પુરુષાર્થ?–કે તમામ શક્તિઓ સંયોજીને એ સત્યશોધ કરી રહ્યો છે તેમાં એને જે નવાં સત્ય સ્વરૂપો દેખાવા માંડ્યાં છે, અમુક અંગોપાંગ સ્પષ્ટ, બાકીનાં માત્ર ઝાંખી રૂપે, તેમને વળગવું, તેમના પક્ષે વળગવું, બે વચ્ચે વિરોધ ઉગ્રતા ધારણ કરે, એકબીજાના સદંતર સંહાર માટે તરવાર પણ નીકળે તો (લડવું

અને, વગર લડયે પણ,) કપાઈ જવામાં સહર્ષ સોલ્લાસ તૈયાર રહેવું આ નવા પક્ષમાં—એ એનો મોટામાં મોટો પુરુષાર્થ? મારા અધીન મતે ગીતાની પ્રચારક ગુટકા લેખે ગમે તેટલી ત્રુટીઓ હશે, પુનરુક્તિઓ શબ્દાલુતા વાદાવાદી અને શુષ્કતાના કારણે ગમે તેટલી રસશૂન્યતા હશે, પણ ગીતા અમર છે એમાં આ પ્રશ્ન અને વળી તેનો સાચો ઉત્તર પણ ધ્વનિ રૂપે ભણાયો છે, તે કારણે.


પીંડે તે બ્રહ્માંડે: વ્યક્તિ માટે જે આદેશ તે સમષ્ટિ માટે પણ. માણસ જંતુનું જીવન કેવલ વ્યક્તિજીવન છે નહિ; હોઈ શકે જ નહિ. અમુક અમુક સમષ્ટિઓને વળગેલી જ એ વ્યક્તિઓ જીવે છે, જીવી શકે છે, ન અન્યથા. અર્થાત્ એના જીવનનો શક્ય તેટલો બધો વિકાસ, અને શક્ય તેટલું બધું આત્માભિભાવન (Self-realization, Self-elevation, Self-sublimation) એ જે જે સમષ્ટિઓને વળગેલો જીવે છે, તે સમષ્ટિઓનાં વિકાસ અને સમુત્ક્રાંતિ(evolution)ની સાથેસાથે અને તેટલી મગદૂરમાં જ શક્ય છે. કુલધર્મો વ્યક્તિને પાળવાના છે જ, કેમ કે વ્યક્તિ કુલનો જ એક અંશ છે. પણ કુલવ્યક્તિઓ જાતિસમષ્ટિના અંશ છે; જાતિઓ પ્રજાસમષ્ટિ અને રાષ્ટ્રસમષ્ટિના અંશ છે; પ્રજાવ્યક્તિઓ ને રાષ્ટ્રવ્યક્તિઓ જનતાસમષ્ટિના અંશ છે. વ્યક્તિ તે લઘુ જીવ, આશ્રિત જીવ; સમષ્ટિ તે મુકાબલે મોટો જીવ, વ્યક્તિનો આશ્રયદાતા. છૂટીછૂટી નાનીનાની સમષ્ટિઓમાંથી એક મોટી સમષ્ટિ રચાવામાં હોય, ત્યારે તે આગલી સમષ્ટિને આપણે સમષ્ટિ રૂપે જોઇ રહેવાની નથી, નવી મહત્તર બૃહત્તર સમષ્ટિની અનેકમાં એક અને આશ્રિત વ્યક્તિ રૂપે જોવાની છે. રાજા અને રાજકુટુંબ પ્રતિ આમરણાંત વફાદારીનો યુગ હતો. પ્રજાહિત માટે બનતું મથવા ને સાધવા તત્પર નાગરિકોના પ્રયાસે પ્રજાસ્મિતાઓ (nationalism) પ્રકટે, તે પ્રકટવામાં હોય તે પેઢીઓ દરમિયાન રાજકુટુંબને વફાદારી પણ ધર્મ છે, પ્રજાહિતવફાદારી પણ ધર્મ છે. જ્યારે પ્રજાની સભાન રાષ્ટ્ર લેખે પ્રકટ થવાની તૈયારી થાય, ત્યારે એ બે વફાદારીઓ ઝગડી પડે છે. વળી તે જ ન્યાયે અને આગળ ચાલતાં, પ્રજાવ્યક્તિઓ ને તેમની પ્રજાસ્મિતાઓમાંથી જનતાસ્મિતા ફૂટવાની તૈયારી થાય, ત્યારે પ્રજાસ્મિતાને પીગળાવી નાખવી પડે છે, તેને સ્થાને જનતાસ્મિતાનો અભિષેક કરવો એ નવો અને વ્યાપક ધર્મ ઉદય પામે છે. આ બેના ઝગડામાં પણ પ્રજાસ્મિતાને વળગી રહેવું તે પ્રગતિ કે સમુત્ક્રાંતિની દિશામાં પ્રયાણને ટેકો દેનારું નથી, પરંપરાને જ ટેકો દેનારું છે, અર્થાત્ પીછેહઠનું કાર્ય છે. ખરો પુરુષાર્થ, ઊંચામાં ઊંચો ધર્મ જનતાસ્મિતાના પક્ષમા ભળવું મથવું અને (લડવું પડે તો) આમરણાંત લડવું એમાં છે.

પ્રચારક સાહિત્ય પ્રચારક હોવાથી ઊતરતું કે થાબડભાણિયું (જે તેને વળગતું conservative, reactionary, unprogressive) ગણવાનું નથી. શીલ એટલે પુરુષાર્થપાલને દૃઢતા. સત્યશોધન મોટામાં મોટો પુરુષાર્થ છે. જે વખતે જે રૂપે સત્ય પ્રતીત થયું હોય તે રૂપ સત્ય, જૂનાં રૂપોથી સત્યતર. એ નિરૂપવામાં એ સ્વીકારાવવામાં, એ પળાવવામાં, એ સક્રિય જીવનવ્યવહારમાં મૂર્ત કરાવવામાં જે સાહિત્યનો ટેકો હોય તે શીલપોષક, શીલવર્ધક સાહિત્ય છે. વડીલો, કેળવણી, વાતાવરણાદિ શીલદૃઢતાનાં ગૌણ કારણો, પણ તેના સ્થાપનપરિપાલનમાં ટેકો દેનારાં અને સક્રિય ફાળો આપનારાં બનીને એવાં સાહિત્યની જ માફક પ્રગતિમાન અને સમુત્ક્રાંતિસહાયક ગણાવાને પાત્ર. એથી ઉલટા આશય ધરાવતાં કે વાંછતાં વડીલો કેળવણી આદિ એવાં સાહિત્યની જેમ ઊતરતી જાતનાં બલ્કે નુકસાનકારક જ ગણવાં પડે એવાં છે. ઇતિ શુભં ભૂયાત્.

કસોટી

નીચેના પ્રશ્નોના જવાબો શોધી ન શકો તો નીચે જ ઊંધા છાપ્યા છે.

(૧) જેલમાં ૬૪૨૫ નંબરના કેદીએ કંઇક તોફાન કરતાં જેલરે તેને એક વિચિત્ર સજા આપી. નીચેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે



૮ બારણાંવાળી એક ઓરડીમાં તેને પૂરીને કહ્યું, 'ક થી શરૂ કરીને તારે નંબરો ગણવાના છે. ક થી ઝ સુધી ૮ થશે; ત્યાંથી પાછા ગણવાનું શરૂ કરવાનું, જેથી જનો નંબર ૯ આવશે અને ક નો ૧૫; ફરી પાછું આગળ ગણતાં ખ નો ૧૬,—એમ ગણતાંગણતાં તારે તારો પોતાનો નંબર ૬૪૨૫ નંબર આવે ત્યાં સુધી ગણવાનું છે. એ નંબર જે બારણે આવે તે બારણાની કળ દાબતાં જ તે ઊઘડી જશે અને તું છૂટો થઇશ. પણ જો ભૂલથી બીજા બારણાને હાથ લગાડયો તો તારું મોત નક્કી છે, કારણ તે બારણામાંથી વીજળીનો પ્રવાહ વહે છે. પણ મુખ્ય વાત તો એ છે કે તારે તારો એ નિર્ણય ૩ મિનિટમાં જ કરવો પડશે.' કેદી બુદ્ધિશાળી હતો. તે વિચાર કરીને બે મિનિટમાં જ સાચો નિર્ણય કરીને બારણું ઉઘાડીને બહાર નીકળી ગયો. તો તેણે કયા અક્ષરવાળું બારણું ઉઘાડયું હશે?

(૨) નીચેનાંને તેમના કદના પ્રમાણમાં ગોઠવો જોઈએ: માઇક્રોબ, ઍટમ, સૂર્ય, પૃથ્વી, પ્રોટોન, ઈલેક્ટ્રોન, ખરતો તારો, ચંદ્ર, ગુરુ, ધ્રુવનો તારો.

(૩) કહેશો? (ક) કોને દાંત વધારે હોય છે—પૂર્ણ વિકસિત કૂતરાને કે મોટા માણસને? (ખ) કૈસર અને ઝાર એ બે નામો કયા પ્રખ્યાત નામ પરથી ઊતરી આવ્યાં છે? (ગ) અમેરિકાના પ્રેસિડેન્ટ, માર્શલ સ્ટાલીન અને ઇંગ્લંડના રાજા—એ ત્રણે જે જે સ્થળે રહે છે તે સ્થળોનાં નામ શાં? (ઘ) તમે રોજ ખાઓ છો એવી એક ચીજ કઇ છે જે નથી પ્રાણીજ કે નથી વનસ્પતિજન્ય પદાર્થ? (ચ) રોજ ૧૫ મિનિટ કસરત કરવાનું મેં નક્કી કર્યું. તે માટે તરવું, લાકડાં કાપવાં અને ટેકરી ચડવી એ પૈકી કઇ કસરત મારે કરવી જેથી તેમાં સૌથી વધુ શ્રમની જરૂર પડે? (છ) કરોળિયા, કીડી અને કાનખજૂરા એ પૈકી કયું જંતુ સંગઠિતરીતે યુદ્ધ ખેલે છે? (જ) લશ્કરનો કોઇ અધિકારી રસ્તે કોઇની સાથે વાતો કરતાં માન બતાવવા પોતાની ટોપી ઉતારે એ યોગ્ય ગણાય? (ઝ) આધુનિક ઑલિંપિક રમતોની ફરી શરૂઆત ક્યારે થએલી? (ટ) કયા પ્રખ્યાત ખેલાડીએ એક મહિનામાં ફક્ત પાંચ ઇનિંગ્સ રમીને ૧૦૦૦ ઉપર રન કરેલા?

કસોટીના જવાબ: (૧) ગ અક્ષરવાળું બારણું. સાતસાતની હારમાં બારણાં છે એમ ગણીને ૬૪૨૫ને સાતે ભાગતાં ૯૧૭ ફેરા થશે અને ૬ શેષ વધશે. ૯૧૭મો ફેરો ક થી શરૂ કરી જ આગળ પૂરો થશે. ત્યાંથી છેવટના ૬ આંકડા આગળ ગણતાં ગ આગળ ૬૪૨૫ નંબર પૂરા થશે. (૨) પ્રોટોન, ઈલેક્ટ્રોન, ઍટમ, માઇક્રોબ, ખરતો તારો, ચંદ્ર, પૃથ્વી, ગુરુ, સૂર્ય, ધ્રુવનો તારો. (૩) (ક) કૂતરાને. (ખ) સીઝર. (ગ) અમેરિકાના પ્રેસિડેન્ટ–વ્હાઈટ હાઉસ, સ્ટાલીન–ક્રેમલીન, ઇંગ્લંડના રાજા–બકિંગહામ પૅલેસ. (ઘ) મીઠું. (ચ) ટેકરી ચડવાની. (છ) કીડીઓ. (જ) ના, ટોપી એ ગણવેશ(uniform)નો ભાગ હોઇ તે બહાર નીકળ્યા પછી કદી પણ કાઢી શકાય નહિ. (ઝ) ૧૮૯૬માં. (ટ) ડબ્લ્યુ. એચ. પૉન્સફર્ડે, ૧૯૨૭ના ડિસેમ્બરમાં ૧૧૪૬ રન કરેલા, જેમાં સૌથી વધારે ૪૩૭ હતા.

૩૦૦મો અંક સલામત મેળવવા માટેની યોજના

દરેક અંક બહાર પડે કે તરત જ ગ્રાહકો તરફથી અંકો ગુમ થવાની ફરિયાદો આવવા માંડે છે; અને તે સતત ચાલુ છે.

સામાન્યતઃ અંકો ગેરવલ્લે થવાનાં જે કારણો હોઈ શકે તે દૂર કરવાની તો સંપૂર્ણ તકેદારી અમે રાખીએ છીએ: (૧) બધા જ ગ્રાહકોનાં નિઃશેષ સરનામાં દર મહીને, બે માણસો સામસામા બેસીને રજિસ્ટર ઉપરથી ચેક કરી જાય છે, અને કોઇના સરનામામાં ફેરફાર હોય તો તે સુધારી લેવામાં આવે છે; (૨) અંક પૅક થયા પછી, પોસ્ટ ઑફિસે નાખવા જતાં પહેલાં બધી રવાનગી ગણીને ગ્રાહકવાર અંકની સંખ્યા ટિકિટના હિસાબ સાથે ફરીથી ચેક કરી લેવામાં આવે છે.

અને આમ છતાં અંકો ગુમ થયાની ફરિયાદો તો આવ્યા જ કરે છે. કોઈ અંક એવો નથી ગયો કે જેને વિષે ફરિયાદ ન આવી હોય. તો પછી ૩૦૦મો ખાસ અંક તો એમાંથી શાનો મુક્ત રહી શકે?

ટપાલ ખાતું આ બાબતમાં કાંઈ કરી શકતું નથી; કરી શકે નહિ. રજિસ્ટર્ડ ન થઈ હોય તેવી વસ્તુઓ માલિકને પહોંચાડયાની સાબિતી આપવાની કાયદેસરની જવાબદારી તેની હોતી નથી. એટલે આવી કોઇ પણ ફરિયાદનો તેના તરફથી એક જ વ્યાજબી ઉત્તર મળે છે કે 'વસ્તુ પોસ્ટ થઈ હશે તો તે તેના માલિકને યથાસમય પહોંચાડવામાં આવી હશે.'

અમારે પક્ષે તો, અમારી પાસે જ્યાં સુધી અંકો સિલિકે હોય છે ત્યાં સુધી ગ્રાહકોને ફરી મોકલવા યત્ન કરીએ છીએ; પણ કાગળ–કરકસરને કારણે અંકોની વધારે નકલો કાઢી શકાતી નથી. આથી, નકલો ખૂટી ગયા પછી ગુમ થએલા અંકો અમે ભરપાઈ કરી શકતા નથી. અને ૩૦૦મા અંક માટે તો એ પણ શકય નહિ રહે; કેમકે કાગળના પ્રશ્નને લીધે એ અંકની સંખ્યાની મર્યાદા પરિમિત છે; એટલે ગુમ થએલો એ અંક તો બીલકુલ ભરપાઇ કરી આપવાનું અમે માથે લઈ શકીએ તેમ નથી.

તો પછી તમારા ૩૦૦મા અંકની સલામતી માટે તમે શું કરશો?

અમને એક રસ્તો સૂઝે છે:

તમારામાંના મોટા ભાગના ગ્રાહકોનાં લવાજમો ડિસેમ્બર આખરે એટલે કે **એ ૩૦૦મા અંક સાથે જ** પૂરાં થતાં હશે; અને તમે જાન્યુઆરીનો અંક વી. પી. થી મંગાવીને લવાજમ ચાલુ રાખવાના જ હશો. હવે, રજિસ્ટર્ડ કર્યા વિના તો અંક વી. પી. થઈ શકતો નથી, એટલે જાન્યુઆરી અંક ઉપર તો તમે રજિસ્ટરનો ખર્ચ કરવાના જ છો. તો પછી એ જ ખર્ચ ડિસેમ્બર અંક (૩૦૦મા અંક) ઉપર કરી તેની સલામતી સાધી લો તો?

એટલે અમે એમ સૂચવીએ છીએ કે—

(૧) આવતા વરસના લવાજમ માટે જાન્યુઆરીને બદલે તમારે ડિસેમ્બરનો **૩૦૦મો અંક** વી. પી.થી મંગાવવો. એ અંક વી. પી. હોવાથી તમને તે સલામત પહોંચાડવાની કાળજી પોસ્ટ ઑફિસ રાખવાની જ; કેમકે એનાં નાણાં એને તમારી પાસેથી મેળવવાનાં હશે; જ્યારે તમારે પક્ષે તો માત્ર વી. પી. એક માસ વહેલું મંગાવવાનું થાય એટલું જ.

(૨) જેઓ એજન્ટો મારફત કે મનીઑર્ડરથી લવાજમ મોકલે છે, તેઓ પણ આ વખતે તો અંક સલામત મેળવવા માટે વી. પી.ના આ ચાર આના વધુ ખર્ચ કરે એવી અમારી ભલામણ છે. એ ખર્ચ ખરેખર લેખે લાગ્યો ગણાશે; કેમકે અંક એથી સલામત તમારા હાથમાં આવશે. નહિતર એ મોંઘો અંક ફરી ભરપાઈ કરી આપવાનું અમારે માટે શકય નથી.

(૩) જેમનાં લવાજમ ડિસેમ્બર અંક સાથે પૂરાં થતાં નથી, પણ આવતા વરસના કોઈ વચગાળાને મહીને પૂરાં થાય છે તેમને ય અમારી ભલામણ છે કે તેઓ પણ આવતા વરસના બાકી રહેતા મહીનાઓનું ફાળે પડતું લવાજમ ભરપાઇ કરાવી તેટલી રકમના વી. પી.થી જ આ ૩૦૦મો અંક મંગાવી લે અને તેની સલામતી સાધી લે.

(૪) હિંદ બહાર વી. પી. થઇ શકતાં ન હોવાથી જે પરદેશના ગ્રાહકો રજિસ્ટર્ડથી મંગાવવા ઇચ્છતા હોય તેઓ ૬ પેન્સનો પોસ્ટલ ઑર્ડર મોકલે.

૩૦૦મા અંકની તમારી નકલ ચોક્કસાઇપૂર્વક તમારા જ હાથમાં આવે એ માટેનો અમને સૂઝ્યો તે ઓછામાં ઓછો ખર્ચાળ અને વધુમાં વધુ સરળ માર્ગ અમે તમને બતાવ્યો છે. તમારે માત્ર કરવાનું એટલું જ કે **આ અંક મળ્યે તરત જ એક પોસ્ટ કાર્ડ લખીને આવતો અંક તમારા નીકળતા હિસાબે વી. પી. કરવાનું અમને લખી જણાવવું.**

પંદરમી ડિસેમ્બરે ૩૦૦મો અંક બહાર પડશે. અમે ૧૪મી ડિસેમ્બરની છેલ્લી ટપાલ સુધી તમારા પત્રની રાહ જોઇશું. અને જો કાંઇ ખબર નહિ આવ્યા હોય તો પછી ઈશ્વરને ભરોસે તમારો અંક સાદી ટપાલથી તમને પોસ્ટ કરી દઈશું.

ફરી કહીએ છીએ કે આ ઓછામાં ઓછા ખર્ચાળ અને વધુમાં વધુ સલામત માર્ગ પર વિચાર કરીને તરત નિર્ણય કરશો.

Our Friends Abroad

પત્રમિત્રોની સંસ્થાઓ

આજકાલ પત્રમિત્રોને લગતી ઘણી સંસ્થાઓ નીકળી છે અને રોજ નવી નવી નીકળતી જ જાય છે. આ સંસ્થાઓ તેના સભ્યો પાસેથી વાર્ષિક કે માસિક અમુક ફી લઇ તેમનો પરદેશના પત્રમિત્રો સાથે પરસ્પર સંબંધ બંધાવી આપે છે તથા એકબીજાને વિશિષ્ટ દેશોનાં પત્રમિત્રોનાં સરનામાં તથા તેમના શોખની માહિતી પૂરી પાડે છે. આવી ઘણી સંસ્થાઓ તરફથી પોતાની જાહેરાત 'કુમાર'ના પત્રમિત્ર-વિભાગમાં કરવાની વિનતિ કરતા પત્રો અમારી પર આવે છે.

પરંતુ શરૂથી જ અમે સામુદાયિક પાયા પર આવું કાર્ય કરતી કોઇ પણ સંસ્થા, ક્લબ, મંડળ કે વ્યક્તિની આવી જાહેરાત 'કુમાર'માં નહિ કરવાની નીતિ રાખી છે. તેનાં બે કારણો છે: એક એ કે આ વિભાગનો ઉદ્દેશ પત્રમિત્રોને કેવળ વ્યક્તિગત સહાય કે માર્ગદર્શન આપવાનો છે; અને બીજું એ કે એવી જાહેરાત કરવા પાછળ મોટું ભયસ્થાન એ રહેલું હોય છે કે કેટલીક સારી સંસ્થાઓ સાથે માત્ર પૈસા કે પ્રસિદ્ધિ મેળવવા સારુ જ વેપારી ધોરણે કાર્ય કરતી લેભાગૂ સંસ્થાની પણ જાહેરાત થવાનો સંભવ રહેલો હોય છે. કોઈપણ સંસ્થાની પ્રામાણિકતા કે સચ્ચાઇ કસી જોવાનું અમારી પાસે કોઈ સાધન નહિ હોવાથી અમે કોઇ સંસ્થાની 'કુમાર'માં જાહેરાત નહિ કરવાનું ધોરણ શરૂઆતથી જ રાખ્યું છે. આ માટે અમારે કેટલાક અમારા અંગત મિત્રો તથા પરિચિતોને પણ નાખુશ કરવા પડ્યા છે.

અને અમે સેવેલો આ ભય સાચો પાડતા કેટલાક કિસ્સાઓ અમને જાણવા પણ મળે છે. કેટલીક સંસ્થાઓ અગાઉથી અમુક ફી લઇ પછી કંઈ જવાબ જ આપતી નથી એવી ફરીયાદ અમને મળી છે. બીજા પણ ઘણાંને એવા અનુભવ થયા હશે. આ કારણે આજે જ્યારે પત્રમૈત્રીનો રસ પ્રજામાં વધુ ને વધુ કેળવાતો અને ફેલાતો જાય છે તે વખતે ઉત્સાહી પત્રમિત્રો આગળ અમે લાલ બત્તી ધરવાની ફરજ માનીએ છીએ. અનેક પત્રમિત્રો મેળવવાની ઇચ્છાથી ફી ભરીને કોઈ પણ સંસ્થા કે ક્લબમાં જોડાતાં પહેલાં તેમણે તે સંસ્થા વિષે પૂરી ખાત્રી તથા ચોકસાઈ કરી લેવી આવશ્યક છે. તેમ કરી જો પૂરો વિશ્વાસ પડે તો જ તેવી સંસ્થામાં જોડાવું સલાહભર્યું છે, જેથી પાછળથી અસંતોષ કે કચવાટનું કોઇ કારણ ન રહે.

જર્મનીનાં વધુ સરનામાં

નીચે આપેલાં બધાં સરનામાં જર્મનીના શિક્ષકોના હોઈ તેમનો મુખ્ય રસ કેળવણી તથા તેને લગતા વિષયો છે.

(1) Paul Sander, 3 Tischenderfstrasse, (1 ob) Lengen/Vogtl. Germany-Russian Zone-Age 32; (2) Eva Marie France, 10 Grobroigtsberg/Sachsen, Uber Frieberg/Schule, Germany-Russian Zone—Girl, 22; (3) Gerhard Ehnert, 10 Rosswein/Sa, Markt 13, Germany-Russian Zone-34; (4) Inge Woyack, Dresdan No. 32, Gleinaer Str. 58, Germany-Russian Zone-Girl 25; (5) Christa Gebhardt, 19 Stahfurt, Al exandrastr 13, Sachsen, Germany—Russian Zone, 21; (6) Gorhard Sdrindlev, (1 ob) Neusornaig Kr. aschatz Germany-Russian Zone; (7) Ruth Heymlt, 1 ob Glaughau, Saxony, Hoffnung 73, Germany-Russian Zone-Girl, 22; (8) Horse Lampe, Hsl eb dn/Saale, Burstr 32. (19) Land Sachsen Anhalt, Deutschland Germany-Russian Zone-21: (9) Editha Feix, (10a) Wilsdruff /Sa Ander Schule 1/1 Germany-Russian Zone-Girl, 22; (10) Helmut Rodel (1 Oa) Krummenhenneursdort, b. Freiberg in Sadisen, Germany-Russian Zone-22; (11) Kate Leonuards, Scltsenstrasse 13, Leipsig C.I. Germany-Russian Zone; (12) Heina Samsiel, Harferd/Westf. Salzuferstr, 109 b, Germany-British Zone; (13) Daddy Kessler, Lessing/Krs. Weissenfels Am Anger 13, Germany-British Zone-Girl, 28; (14) Ursul a Lichtenstein, (24b) Mubel/Mrs. Schleswig, Schleswig-Holstein, Germany-British Zone-Girl, 21; (15) Ursul a Heuer, Krefl der Str. i 8, Berlin N. W. 21; Germany—Girl, 23; (16) Erna Hoffmann, Lehrerin, 13b Wengen/Kr. Neuburg a. d. Germany U. S. Zone Girl, 25; (17) Gerhard Mayer, stuttgart-O Metzstr 62, Deustehiand/Wurttemberg, Germany U. S. Zone-30. (ઉલ્લેખ : બટુક નાયક, સૂરત)

આ વિભાગમાં નામ નોંધાવવા ઈચ્છનારે એક પોસ્ટકાર્ડ પર (અંગ્રેજી પહેલી એબીસીડીમાં જ) પોતાનું પૂરું નામ, પૂરું સરનામું, ઉંમર, શોખ તથા ક્યાં સુધી ભણેલા છે તે સર્વ વિગત જણાવી નીચે પોતાના વાલીની સહી કરાવી પછી જ તે કાર્ડ અમારી પર મોકલવું. ઉપરની કોઈ પણ વિગત જણાવવી રહી ગઈ હશે તેવાં પત્ર પર ધ્યાન અપાતું નથી.

INDIAN PEN FRIENDS

(144) Jayakant S. Saiyadh ,1001, Vagheshwari's Pol, Raipur, Ahmedabad—18, Stamps, travelling. (145) Chandrakant H. Parekh c/o. Indarchand Joharimal, 541 Burtoll Street, Burrach Bazar, Calcutta-7—21, stamps, photography; (146) Jashavant Pandya, c/o Dr. R. K. Pandya, Station Plot, Gondal (Saurashtra)—16, Astronomy, swimming, Foot-ball; (147) Rohitkumar Chunilal Desai c/o Chunilal U. Desai, Bardoli House, 168 D, Vincent Road, Dadar, Bomday-14—19, Photography, touring, reeding; (148) Dipendra Ratilal Thakore, Bhutnath Falia, Broach, B.B.C.I—20, Dancing music, photography, economics; (149) Mohanlal Raghubhai Patel, Chotru Falta, P. O. Vesma, via Maroli—17, Drawing, photography, sports; (150) Pravinkumar V. Shah, Rughnathji Mandir Rd, Vankaner (saurashtra)—18, Science, politics; (151) Rasiklal Mohanlal Sheth, 370 sandhurst Rd, Bombay-4—20, Stamps, touriug, swimming; (152) Ambalal Desaibhai Patel, P.O. Kosindar Ta. Sankheda, Baroda State—15, Touring, photography, stamps, (153) Chandrakant Memtora, c/o Dr. Jayant Khatri, Opp. Moti Haveli, Mandvi, Cutch—18, Coins.



જેવી વહે શરદની સુપ્રસન્ન ગંગા,
બંને તટે સભર, ગંભીર, નિસ્તરંગા;
એવી સમૃદ્ધ, ઊજળી પુરુષાર્થધારા,
વ્હેજો ભરી જીવનજાહ્નવીના કિનારા.
જાગો પ્રજા દૃઢ, બલિષ્ઠ, પ્રફુલ્લ યૌવને,
હોમાનલે પુનિત ભારતનાં તપોવને. —નાથાલાલ દવે

સંગીત મહામહોદય પં૦ ઓમ્‌કારનાથજી ઠાકુર

ગુજરાત બહાર ગુજરાત વિષે એવી છાપ છે કે એ સંગીતશત્રુ છે. બૈજુ બાવરા, તાના રીરી, હલકભર્યાં લોકગીતો ને પરપ્રાન્તીઓને મુગ્ધ કરનાર ગરબાનો રાસનૃત્યનો પ્રકાર, એ બધાંનું નામ દઈદઈને આપણી સંગીતપ્રિયતા પુરવાર કરવા મથીએ તોપણ એટલું સાચું છે કે દેશના પૂર્વ ઉત્તર ને દક્ષિણ ભાગમાં જેવી સંગીતની ઉપાસના ને ઘરાણાની પરંપરા છે તેવી ગુજરાતમાં નથી. ગાંધીજી સરખા સમસ્ત જીવનના વિધાયક નેતાની પ્રેરણાથી જીવનના બીજાં ક્ષેત્રોની જેમ આપણે કલાભિમુખ પણ થયા છીએ. છતાં આપણે ઊજળા તો અમુક અમુક વ્યક્તિઓના પુરુષાર્થ વડે જ છીએ. સંગીતની દિશામાં આપણે ઊજળા છીએ તે પંડિત શ્રી ઓમ્‌કારનાથજી ઠાકુરની પ્રતિભા અને પુરુષાર્થ વડે.

પંડિતજીના આખા જીવનમાંથી આ બે શબ્દો ઝટ સ્ફુરી રહે છે: પ્રતિભા અને પુરુષાર્થ. ગરીબ ઘરમાં એ જન્મ્યા હતા કે નહિ એ સવાલ અલગ છે, પણ ઊછર્યા હતા તો પિતાની સ્વેચ્છાએ વ્હોરેલી નિર્ધનતામાં જ. આણંદ તાલુકાના જહાજ ગામમાં પ્રણવોપાસક શ્રી ગૌરીશંકર ઠાકુરને ત્યાં ૧૮૯૭ના જૂનની ૨૪મીએ પંડિતજીનો જન્મ થયો. એમનાં માતુશ્રીનું નામ ઝવેરબા. રાશિ ને પિતાની પ્રણવોપાસનાનો મેળ સરસરીતે મળી રહેતાં એમનું નામ ઓમ્‌કારનાથ પાડ્યું. ભરૂચમાં નર્મદાતટે પિતાએ બાંધેલી મઢૂલીમાં એ ઊછર્યા, ભણ્યા ને પિતૃસેવા કરી. એમની નમણી આકૃતિથી મોહીને અકિંચન પિતાને એક ધનવાને તેમને દત્તકતરીકે આપી દેવા કહ્યું ત્યારે પિતાએ ગૌરવયુક્ત જવાબ આપેલો કે 'એ કોઇ ધનવાનનો દત્તક નહિ બને પણ કળાધર થઇ ધનવાનોને નમાવશે.' પિતાની એ ભાવના યશસ્વી પુત્રે ચરિતાર્થ કરી.


પં૦ ઓમ્‌કારનાથજી (સ્કેચ : ર. મ. રાવળ)

બાળપણથી જ ઓમ્‌કારનાથજી સંગીત પાછળ ઘેલા હતા. કંઠ તો સૌને મુગ્ધ કરે તેવો હતો જ; ને આસપાસમાં કોઈ ગાયક આવી ચડે તો તે એની પાસે જઇ પણ પહોંચ્યા હોય જ છતાં રીતસરની સાધનાનો યોગ પંડિતજીને એમની પંદર વર્ષની ઉંમરે જ મળી શકયો. શ્રી ડુંગાજી નામના એક પારસી સદ્‌ગૃહસ્થે એમના ગાનથી મુગ્ધ થઇ એમને મહાન સંગીતાચાર્ય શ્રી વિષ્ણુ દિગંબરજીના મુંબાઇના ગાંધર્વ મહાવિદ્યાલયમાં સંગીતનો અભ્યાસ વધારવાનો પ્રબંધ કરી આપ્યો. ત્યાં પણ પાંચ વર્ષનો અભ્યાસક્રમ ત્રણ વર્ષમાં પૂરો કરી દઇને એમણે ગુરુની કૃપા અને પ્રીતિ



માસમાસનાં પંખી

૩૫–ચિલોત્રો

જેની પત્નીપરાયણતાનો જોટો જગમાં જડવો મુશ્કેલ છે એવું આ અજબ પંખી લોકસમાજમાં એના એક બીજા ગુણનેં લીધે પણ જાણીતું છે, કે એનાં માંસલોહીમાં સ્ત્રીઓના સુવારોગને મટાડવાનો અદ્‌ભુત ગુણ છે. આથી એની અબાધિત હત્યા થાય છે. જોકે ગાઢ વૃક્ષ ઘટાનો રહેનારો, અને આપણી પાસે થઇને ઊડી જાય છતાં પાંખનો ફફડાટ પણ ન સંભળાય એવી નીરવતા તથા રંગહીનતા ધરાવતો હોઈ એને શોધવો બહુ દુષ્કર છે.

માદા ઈંડાં મૂકવાની થયે ઘેરી ઘટામાં ઊંચા ઝાડની કોઈ ઊંડી બખોલ શોધી કાઢી તેમાં માદા ચાર ઇંડાં મૂકી તે સેવવા બેસે, એટલે નર એ બખોલનું મોં છાણ, કાદવ વગેરેથી પૂરી માત્ર પોતાની ચાંચ પેસી શકે એટલું છિદ્ર બાકી રાખે છે. પછી એ ફલાહારી પંખી, ખોરાક શોધીશોધીને પોતાના ગળામાં સમાય તેટલો ભરી લાવી, માળાના છિદ્રમાં ચાંચ પરોવી, અંદર ચાંચ ફાડી બેઠેલી માદાને (અને બચ્ચાં સેવાતાં જાય તેમ તેમને પણ) ખવડાવતો જાય છે. સવારથી સાંજ સુધી અવિરતપણે ચાલતા તેના આ પરિશ્રમથી; બે મહીનાને અંતે બચ્ચાં ઊડવાલાયક થયે દરનું દ્વાર ચાંચથી તોડી પાડી કુટુંબને તે બહાર કાઢે છે ત્યારે તે અરધો થઈ ગયો હોય છે.

શરીર મેલા ભૂખરા રંગનું; પાંખો નાની પણ પૂછડી ૧ ફૂટ; ચાંચ ૪ ઈંચ લાંબી, પહોળી, સખત, કઠોર ને કાળી; ને તેના પર વળી ૧॥ ઇંચનો ચપટો બેઠા ઘાટનો હાડકાનો લોચો; આવા વિચિત્ર રૂપરંગના આ પંખીની હિંદમાં થતી પંદરેક જાતોમાં મોટામાંમોટી ૪॥ ફૂટની, પણ આપણે ત્યાં આબુ, ઈડર, રાજપીપળા, દાહોદ, ગીર વગેરે વનસ્થલીઓમાં બે ફૂટની થાય છે. ('વનેચર')

સંપાદન કર્યાં. તે દિવસોમાં કાઠિયાવાડની એક નાટકકંપનીએ એમના સંગીતથી મુગ્ધ થઇને એમને મહિને ૪૦૦ રૂપિયા આપીને નોકરીએ રાખવાની ઈચ્છા દર્શાવેલી. પંડિતજીના વડીલ બંધુએ પણ કુટુંબને ગરીબીના બોજામાંથી મુક્ત કરવાની દૃષ્ટિથી એ સ્વીકારી લેવાની આજ્ઞા કરેલી. પણ પંડિતજી સ્વભાવે કલાકાર હતા; સોદાગર નહિ. એ પોતાની પ્રતિભાનું લીલામ શાના થવા દે? એ તો પોતાની ઉપાસનાને વરેલા હતા. એટલે પં. વિષ્ણુ દિગંબરજીને વાત કરી તેમની સહાયદ્વારા એ આપત્તિમાંથી છૂટયા. આયુષ્યના વીસમા વર્ષે એમના ગુરુએ એમને લાહોરના ગાંધર્વ મહાવિદ્યાલયના આચાર્યપદે નિયુક્ત કર્યાં. પછી તો એમણે ઉત્તરોત્તર પોતાની કલાનો કેવો ઉત્કર્ષ સાધ્યો એનો જ ઇતિહાસ કહેવાનો રહે છે. રાતદિવસ પંડિતજીને હૈયે સંગીતના ઉદ્ધારની જ તમન્ના વસતી રહેતી. એમના પુરુષાર્થથી સંગીત વિષેની આદરબુદ્ધિ પ્રજામાં વધી, એટલું જ નહિ, પંજાબનાં પ્રતિષ્ઠિત કુટુંબોની પરદાનશીન બાનુઓમાં પણ એમણે સંગીતનો પ્રચાર કર્યો. એનું એક કારણ એ પણ છે કે પંડિતજીએ જીવનનો સર્વતોમુખી વિકાસ સાધ્યો છે. જોકે એ પોતે તો કહે છે કે 'હું તો દેવી સરસ્વતીના એક જ સ્તનને ધાવ્યો છું', પણ સ્વરસિદ્ધિની સાથોસાથ શબ્દોપાસના પણ એમણે ઓછી નથી કરી. એ રૂંવેરૂંવે સંસ્કારી છે. એમના પોતાના જ ઊંચા આદરણીય સંસ્કારી વ્યક્તિત્વથી અને વાક્પ્રભાવ તથા બુદ્ધિપ્રભાવથી એમણે સંગીતકલાનું માન અનેકશઃ વધાર્યું છે.

'એમનો કંઠ બુલંદ છતાં કર્ણપ્રિય ને હૃદયસ્પર્શી છે. એમનું ગળું એકવાર ઝીણામાં ઝીણો અને બુલંદમાં બુલંદ અવાજ કાઢી શકે છે ને ચાર સપ્તકમાં ફરી શકે છે. હિંદના કોઇ પણ હયાત ગાયકની આટલી 'રેન્જ' હોય એમ જાણમાં નથી. તેઓ સાધારણ રીતે પંચમથી ગાય છે. કોઈ પણ મોટી સભાનો દરેક સભાજન વગર મહેનતે એમને સાંભળી શકે એવો જોરદાર અને વેધક અવાજ તેઓ ધરાવે છે. એમના ગળાનું માધુર્ય એવું છે કે એમના ઉચ્ચ સંગીતને સમજવા અશક્ત હોય તેને પણ ગાયન ન સમજવા છતાં યે તે સાંભળવાની ફરજ પાડે છે—એને મહેફિલ છોડી જવા દેતું નથી. અવાજની કુદરતી બક્ષિશ અને વિદ્વત્તાનો અસાધારણ સંયોગ એમનામાં થયો છે.

પંડિતજીની ગાયકીનું પુરાણું ને મશહૂર ઘરાણું હદુખાં હસનખાંનું છે. પંડિતજી ખાસ કરીને ખ્યાલના ગાયક છે; જોકે ઠુમરી ટપ્પા ને ધ્રુપદ પણ તેઓ સફળ રીતે ગાઇ શકે છે. દોઢ કે બે કલાક સુધી વૈવિધ્યપૂર્ણરીતે એક જ રાગને ગાઈ તે રાગનું હૂબહૂ સ્વરૂપ ખડું કરનાર હિન્દુસ્તાનની ગણીગાંઠી વ્યક્તિઓમાં પંડિતજી એક છે. બુદ્ધિને અસર કરનાર તાન કરતાં આત્માને અડકનાર 'આલાપ'ને પંડિતજી વધુ મહત્ત્વ આપે છે. ભાવવાહી સંગીત સાંભળવાની જિજ્ઞાસાવાળાને પ્રો૦ ખરે પંડિતજીનું જ નામ નિર્દેશતા. અને એકવાર એમનું ભાવપૂર્ણ સંગીત સાંભળી દિલિપકુમાર રૉયે પણ એમની પાસે અભ્યાસ કરવાની ઈંતેજારી દર્શાવી હતી.'

સંગીતના પ્રચાર અર્થે એમણે ઘણી સંસ્થાઓ સ્થાપી છે, ઘણાં વ્યાખ્યાનો આપ્યાં છે, પણ એ કરતાં ય વિશેષ તો પોતાની અનવરત સાધનાથી એમણે સમર્થ દૃષ્ટાન્ત પૂરું પાડયું છે. એમની ઉન્નત કલાનો પ્રભાવ કેવો મોટો છે એ તો એમને વિષે જે આખ્યાયિકાઓ ચાલે છે તે પરથી પણ સમજાશે. નેપાળના મહારાજાએ 'સંગીત મહોદય'નો, કાશી સંસ્કૃત વિદ્યાલયે 'ગાનસમ્રાટ'નો, બંગીય સાક્ષરોએ 'સંગીત માર્તંડ'નો અને પં૦ માલવીયજીએ એમને 'સંગીત પ્રભાકર'નો ઈલકાબ આપ્યો છે. એમની કલાની મહત્તા પુરવાર કરવા માટે આટલું પૂરતું થશે. પોતાના ગુરુની આજ્ઞાથી દુનિયાના બીજા દેશોને પણ ભારતીય સંગીતકલાનો પરિચય આપવા તેમણે ૧૯૩૩માં યુરોપના દેશોની યાત્રા કરી હતી.

ગુજરાત સાહિત્ય સભાએ ઈ. ૧૯૪૩માં એમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અર્પીને ગુજરાત વતી એમનું બહુમાન કરેલું, અને હમણાં મુંબાઈમાં એમની સુવર્ણજયંતી પણ ઊજવાઇ. આયુષ્યનાં પચાસ વર્ષ પૂરાં થવા છતાં પંડિતજીની સંગીતોપાસના હજી યે અખંડ ચાલુ છે. વળી સંગીતશાસ્ત્રનો એક પ્રમાણભૂત ગ્રંથ નિર્માણ કરવાની પ્રવૃત્તિ પણ એમણે હમણાં હાથ ધરી છે.

પંડિતજી ઘણું જીવે અને દેશમાં તેમજ ગુજરાતમાં સંગીતકલાને ઘર ઘર પહોંચતી કરે એવી અભિલાષા.

માલદીવ ટાપુઓ



હિંદના નૈઋત્ય ખૂણામાં હિંદી મહાસાગરમાં આવેલા નાના નાના અસંખ્ય ટાપુઓનો આ સમૂહ હવે આઝાદ હિંદના સંરક્ષણની દૃષ્ટિથી ઘણું અગત્યનું સ્થાન ધરાવે છે. પણ તેમને વિષે આપણે બહુ ઓછું જાણીએ છીએ. કુલ લગભગ ૨૦૦૦ ટાપુઓના બનેલા આ પ્રદેશની વસતિ ફક્ત ૮૦ હજારની જ છે. ત્યાંના બધા જ લોકો ઇસ્લામ ધર્મ પાળે છે ને ત્યાં સુલતાનનું રાજ્ય હોઇ તેનું નામ અમીન અબ્દુલ મજિદ દીદી છે. રાજ્યની રાજધાની માલે ટાપુ છે, જ્યાં સુલતાન રહે છે. ત્યાંની મુખ્ય નિકાસ નારિયેળ, કોપરું, દોરડાં, છીપો, કાચબાની ઢાલ વગેરે છે.

વિષુવવૃત્તના પ્રદેશમાં આવેલા આ ટાપુઓમાં અપાર સૃષ્ટિસૌંદર્ય તથા સમૃદ્ધ કાચી સંપત્તિ પડી છે; અને એ ટાપુઓને હિંદ તથા સીલોન જોડે લાંબા કાળથી સંબંધ હોઇ માલદીવના ખારવાઓ જૂના સમયથી આપણે ત્યાં પ્રસિદ્ધ છે. આજે તો રાજ્યની ભાષા અરેબિક અને રાજધર્મ ઇસ્લામ છે, પણ ત્યાં ઘણે ઠેકાણે મળી આવતા બૌદ્ધ સ્તૂપો અને મંદિરોના અવશેષો પરથી લાગે છે કે એક કાળે આ ટાપુ ઉપર પણ બૌદ્ધ ધર્મ પ્રવર્ત્યો હશે અને તે સીલોનના સિંહાલી લોકોએ જ્યારે આ ટાપુ પર પહેલો વસવાટ કરેલો ત્યારના અવશેષ રૂપ લાગે છે. માલદીવની ભાષામાં સિંહાલી ભાષાનું જે પ્રાબલ્ય છે તે પણ અહીં સિંહાલી લોકોના આગમનનું સમર્થન કરે છે. વળી અહીંની જૂની 'ઍવેલા આકુરુ' નામની લિપિ પણ સીલોનની જૂની લિપિ 'ઇલુ' સાથે મળતી આવે છે. એ 'એવેલા આકુરુ'નું 'દીવ આકુરુ'માં રૂપાંતર થયું અને પાછળથી ૧૭મી સદીમાં ઈસ્લામની અસર ઘેરી બનતાં તે 'તાના' લિપિ બની, જે અરેબિયન અને ફારસીનું મિશ્રણ હોઇ તેની માફક જ જમણેથી ડાબી બાજુ લખાય છે. કેળવણી માટે માલદીવવાસીઓ સીલોન જાય છે. માલદીવના હાલના કાયદા અનુસાર કોઈ પણ પરદેશી ત્યાં જમીન ખરીદી શકતો નથી. ત્યાંનો મોટો વેપાર ધરાવતા વહોરાઓ પણ ત્યાં પરદેશી તરીકે જ રહે છે.

માલદીવની ઐતિહાસિક તવારીખ ઘણા જૂના કાળથી શરુ થાય છે. પ્રાચીન કાળમાં માલદીવનો હિંદની માફક અરબસ્તાનની જોડે પણ વેપાર હતો. તે કાળે ઘણા અરબો માલદીવમાં વસવાટ કરવા લાગ્યા અને તેમનું પ્રાબલ્ય વધ્યું. આજ સુધી ત્યાં ૮૩ સુલતાનો થઇ ગયા. હાલમાં હુરા વંશના હાથમાં રાજસત્તાનાં સૂત્રો છે. ૧૯૩૪માં થએલી શાંત રાજક્રાંતિમાં ત્યાંના સુલતાન મહંમદ શમ-

શુદીન ત્રીજાને પદભ્રષ્ટ કરીને તેના પુત્ર હસનને સુલતાન બનાવવામાં આવેલો. સુલતાન ત્યાં 'ઉત્તમ પાદ' (Noble Feet) અથવા 'સુવર્ણ પાદ' (Golden Feet) તરીકે ઓળખાય છે.

ઈ. ૧૫૧૮થી પોર્ચુગીઝોએ આ સમૃદ્ધ ટાપુઓ ઉપર હુમલા શરૂ કરીને તેને જીતી લેવાના પ્રયત્ન શરૂ કર્યા. ત્યાંના એક ખ્રિસ્તી ધર્મ સ્વીકારેલા સુલતાન નવમા હસનની મદદથી ૧૫૫૮માં માલે ટાપુ તેમણે કબજે કરી લીધો અને પોર્ચુગીઝ ગવર્નરે પોતાને ત્યાંના સુલતાન તરીકે જાહેર કર્યો. ૧૭ વર્ષ સુધી આ પોર્ટુગીઝ અમલ રહ્યો. તે દરમિયાન તેમના અત્યાચારોથી પ્રજા ત્રાહીત્રાહી પોકારી ગઈ. એ ગુલામગીરીમાંથી માલદીવને મુક્ત કર્યું મહમદ નામના ઉટીમુ ટાપુ પર જન્મેલા એક મૌલવીના પુત્રે. મિકોની ટાપુ પર ઊછરેલા એ મહમદે માલદીવીઓની એક ટુકડી ઊભી કરીને ગેરીલા પદ્ધતિનું યુદ્ધ શરૂ કર્યું અને ઘણાખરા ટાપુ જીતી લીધા. છેવટે ૧૫૭૩માં માલે ટાપુ પણ જીતી લઇ પોર્ચુગીઝ ગવર્નરને ઠાર કર્યો. લોકોએ મહમદને સુલતાન બનાવ્યો, જેણે ૨૪ વર્ષ રાજ્ય કર્યું. આજે પણ લોકો તે મુક્તિના દિવસને રાષ્ટ્રીય તહેવાર તરીકે ઊજવે છે. પણ ત્યાર પછી એક નવી આપત્તિ શરૂ થઈ. મલબાર કાંઠાના મોપલા ચાંચિયાઓ આ ટાપુ ઉપર હુમલા કરીને લોકોને ત્રાસ આપવા લાગ્યા. આથી માલદ્વીપના સુલતાને સીલોનમાં રાજ્ય કરતા બ્રિટિશ ગવર્નર પાસે રક્ષણની માગણી કરી અને તેના ચિહ્ન તરીકે ભેટ સોગાદો મોકલવા માંડી. આમ ૧૬૪૫થી ત્યાંના સુલતાન બ્રિટિશોના ખંડિયા બન્યા. અંતે ૧૮૮૭માં થએલા કરાર અનુસાર સુલતાન તરફથી દર વર્ષે ભારે વિધિપૂર્વક કોલંબોમાં બ્રિટિશ ગવર્નરને ખંડણી મોકલાવા લાગી. એ કરાર હમણાં થોડા દિવસ પર જ દૂર થઇ નવા કરારો થયા, જેનાથી માલદીવમાં નવા યુગનો પ્રારંભ થયો છે.

અમેરિકાનાં છાપાં

છાપાંઓ અને સામયિકોની જેટલી વિપુલ સંખ્યા તથા ફેલાવો અમેરિકામાં છે તેટલો બીજે ક્યાંય નથી. ઈ. ૧૯૪૬માં અમેરિકામાં લગભગ ૧૨,૦૦૦ દૈનિકો અને ૬,૦૦૦ બીજાં સામયિકો હતાં! અમેરિકાની લોકસંખ્યા કેવળ ૧૩ કરોડ હોવા છતાં ત્યાં માત્ર રવિવારનાં છાપાંઓનું કુલ વેચાણ ૪ કરોડ ઉપર છે! છાપાંઓના તાજા વધારા તો ત્યાં દિવસમાં કેટલી યે વાર નીકળતા જ હોય છે. તાજું છાપું તથા સેંકડો રંગબેરંગી માસિકો વેચનારી નાનીનાની દુકાનો તો શહેરની પ્રત્યેક શેરીને નાકે છે. જે હજારો માસિકો અમેરિકામાં નીકળે છે તેમાં કેવળ એક વિશિષ્ટ વિષયને લગતાં અનેક માસિકો છે. દા. ત. ટિકિટસંગ્રહ અને સિક્કાસંગ્રહને લગતાં ત્યાં ૧૨ સામયિકો છે, ધોબીના ધંધાનાં ૧૫, દૂધને લગતાં ૧૮, ચૉકલેટ તથા મિઠાઇના હલવાઇ-ધંધાનાં ૧૬, વિમાનવિદ્યા માટેનાં ૪૨ અને મરણોત્તર સમારંભને લગતાં પણ ૧૦ સામયિકો ત્યાં નીકળે છે!

બધાં દૈનિકોમાં સૌથી વધુ ફેલાવો ત્યાં 'ડેઈલી ન્યૂઝ'નો છે—૪૫ લાખ! દરરોજ તેનો ૬૦ પાનાંનો અંક નીકળે છે, પણ કિંમત માત્ર ૧ આનો. ખૂન, મારામારી, લૂંટફાટ, છૂટાછેડા ઇત્યાદિ ખબરો તેમાં મબલખ ફોટોગ્રાફો સહિત આપવામાં આવે છે. અને આ વિશાળ છાપાંઓનો વ્યવહાર પણ કેટલો પ્રચંડ હોય છે! ૬ થી ૧૦ માળના એક એક આખા મકાનમાં તેનું કામ ચાલે છે.

એવો જ મોટો વ્યાપક ફેલાવો ધરાવનાર 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ'ના માત્ર મુખ્ય સંપાદકો તરીકે જ ૧૩ માણસો છે. એ સિવાય દરેક વિભાગના સંપાદક અને લેખકો તો જુદા જ. જગતના દરેક પ્રમુખ દેશમાં 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ'ના ખાસ ખબરપત્રીઓ છે. તેમાં રોજ આવતા હાસ્યવિભાગના ૧૮ લેખકો છે, વેપારવિભાગના ૨૨, રમત-

દેવદીવાળી

કાર્તિકી પૂનમે આવતો આ તહેવાર આપણે ત્યાં તો દીવાળીની નાની આવૃત્તિ જેવો જ ઉજવાય છે. દિવસે લોકો વસ્ત્રાલંકાર પહેરી દેવદર્શને જાય છે ને રાત્રે દીવા પ્રગટાવી દારૂખાનું ફોડે છે.

પણ પુરાણમાં આ તહેવારની ઉત્પત્તિની કથા એવી છે કે પૂર્વે ત્રિપુર નામનો રાક્ષસ ઘણો ઉન્મત્ત થઈ દેવોને હેરાન કરવા લાગ્યો. દેવો પોતા પર હુમલો ન કરે તે માટે તેણે પોતાની રાજધાનીની ચોતરફ ત્રણ જબરદસ્ત દીવાલો બંધાવીને તેની પાછળ સુરક્ષિત થઇ બેઠો. મૂળે જ બળવાન એવા આ ત્રિપુરોના સરદારને દીવાલોનું રક્ષણ મળતાં તેના ત્રાસ વધવા લાગ્યા. ઈન્દ્રાદિ દેવોનું પણ તેની આગળ કંઈ ચાલતું નહિ. આથી પોતાનું રક્ષણ કેવી રીતે કરવું એની ચિંતામાં પડેલા દેવોએ દેવર્ષિ નારદની સલાહ પૂછી. નારદે તેમને શંકરને શરણે જવા સૂચવ્યું. દેવોએ ભગવાન શંકર પાસે જઈ પોતાને બચાવવા વીનવતાં, શંકરે ત્રિપુરાસુરનો નાશ કરી દેવોને ભયમુક્ત કર્યા. કારતક માસની પૂનમને દિવસે આ વિજય મળવાથી તે દિવસે દેવોએ મોટો ઓચ્છવ કર્યો અને દીપોત્સવ કરી આનંદ પ્રદર્શિત કર્યો. આથી જ આ તહેવાર દેવદીવાળી—દેવોની દીવાળી કહેવાય છે. તેનું બીજું નામ ત્રિપુરી પૂર્ણિમા પણ છે.

શાસ્ત્રમાં આ દિવસે સર્વ શિવાલયોમાં દીપોત્સવ કરી મૂર્તિનો વરઘોડો કાઢવાનું લખ્યું છે. સ્ત્રીઓ ત્યારે કુષ્માંડ (કોળું) ને દીપનું દાન કરે છે. કેટલેક સ્થળે આ દિવસને શિવના પુત્ર કાર્તિકેયનો જન્મદિન માની તેની મૂર્તિની પૂજા તથા દીપોત્સવ કરવાનો રિવાજ છે.

દક્ષિણ હિંદમાં તો આ દિવસે કૃતિકા-મહોત્સવ ખૂબ ઠાઠમાઠથી ઊજવવામાં આવે છે. શિવ પ્રીત્યર્થે ઊજવાતા આ તહેવારમાં રોશની, વરઘોડો અને મહાપૂજા ઉપરાંત મોટી આતશબાજી કરવામાં આવે છે. લગભગ ૨૦ હાથ ઊંચો થાંભલો દેવળ સામે ઊભો કરી કપુર આદિ ઝટ સળગી ઊઠે તેવી વસ્તુઓથી તેને સળગાવવામાં આવે છે. જ્યાં ટેકરીઓ પર દેવાલય હોય છે ત્યાં તો આખા કારતક મહિના દરમ્યાન ખડકો પર દીવા પ્રગટાવવામાં આવે છે, જેને લીધે આસપાસના પ્રદેશમાં અવર્ણનીય શોભા વ્યાપી રહે છે. તામિલ લોકોમાં કહેવત છે કે, 'કાર્તિકે કંકાપુર મળે ઈલ્લે'; એટલે કે 'કૃતિકોત્સવ પછી વરસાદ શાનો?' આથી એમ લાગે છે આ તહેવાર વર્ષાઋતુની સમાપ્તિ સૂચવનારો હશે.

પુરાણકથા પરથી પ્રચલિત થએલા લાગતા આ તહેવારનો જો તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ તો જણાય છે કે અસુર અને દેવ, ત્રિપુર અને શંકર વગેરે શબ્દો માત્ર લાક્ષણિક છે. અસુર એટલે કે ક્રોધ, લોભ, મોહાદિ બળવાન થઈ દેવોને એટલે કે ઇન્દ્રિયોને હેરાન કરવા લાગ્યા ત્યારે દેવો (ઈન્દ્રિયો) શિવ(આત્મા)ને શરણે ગયા; એટલે કે ઈન્દ્રિયો તેમાં લીન થઈ ગઈ. આથી શિવે (આત્માએ) તરત જ ત્રિપુર(ત્રણ શરીરો: સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ)માં રહેલા કામાદિ અસૂરોનો નાશ કર્યો. આમ, આ તહેવારનો આદેશ તો કામ ક્રોધાદિ જીતીને જિતેન્દ્રિય થાઓ એવો ઉદાત્ત છે.

ગમતના ૧૭, મહિલાવિભાગના ૭, રેડિયોવિભાગના ૮ અને પુસ્તક વિભાગના ૭. દર રવિવારે ૨૫૦ પાનાંનો નીકળતો તેનો દળદાર અંક પત્રકારજગતમાં વિશિષ્ટ ગણાય છે. આટલો દળદાર હોવા છતાં તેની કિંમત માત્ર પાંચ આના હતી. અત્યારે તે વધારીને ૭ા આના કરવામાં આવી છે. તે અંકમાં ૧૨ તો વિવિધ વિભાગો અપાય છે.

'ટાઈમ', 'લાઈફ' અને 'ફૉર્ચ્યુન' પ્રકટ કરનારી 'ટાઇમ ઈનકૉર્પોરેટેડ' નામની સંસ્થાએ ગયા વર્ષે ૪૦ કરોડ રૂપિયાનો કુલ નફો કરેલો, અને નફા પરનો કર વગેરે બાદ કરતાં ચોખ્ખો નફો રાા કરોડ રૂપિયા રહેલો. આવો જંગી નફો આજ સુધી કોઇ પણ સામાયિકોની સંસ્થાએ મેળવ્યો નથી. ત્યાંનાં પત્રોને જાહેરાતમાંથી ઘણી આવક થાય છે. ન્યૂ યૉર્ક ટાઇમ્સમાં આખું પાનું ભરીને એક જ દિવસ માટે જાહેરખબર આપવી હોય તો ૧૨ હજાર રૂપિયા ખરચ થાય! અને અઠવાડિયામાં બેત્રણ વાર તો આવી મોટી જાહેરાત ન્યૂ યૉર્ક ટાઇમ્સમાં દેખાય જ છે. (કિર્લોસ્કર)

ટિકિટ-વેચાણ માટેનો એક અજબ વિમાન-પ્રવાસ

ટિકિટસંગ્રહનો શોખ દિનપ્રતિદિન આજે ઝપાટાથી લોકપ્રિય થતો જાય છે. કુમારો અને કુમારીઓ, જુવાનો અને વૃદ્ધો, સૌ કોઈ તેમાં અત્યંત રસ લે છે. તે સૌની નવીનવી ટિકિટો પ્રાપ્ત કરવાની ઇચ્છા પૂર્ણ કરવા તથા ટિકિટના વેચાણ માટે મોટીમોટી વેપારી સંસ્થાઓ પણ નીકળી છે. તેની મારફત વૈવિધ્યવાળી ટિકિટો મેળવવા ઉપરાંત આર્થિક દૃષ્ટિએ પણ મોટો લાભ થઇ શકે છે. હાલમાં જ ઇંગ્લંડના જાણીતા ટિકિટસંગ્રહના શોખીન રોબર્ટ ડારાકોટી (Robert Darracotti) ટિકિટોના વેચાણ માટે જગતભરના વિમાન-પ્રવાસે નીકળ્યા છે. લંડનથી વિમાન મારફત ઊપડેલા આ ફિલેટલિસ્ટની યોજના તો પોતાના જંગી પ્રવાસ દરમ્યાન બે કરોડ ટિકિટોનું વેચાણ કરવાની છે. તે માટે તેમણે ૫૦૦૦ વિવિધ નમૂનાઓ સાથે લીધા છે. તે બધાના વેચાણમાંથી લગભગ ૮ લાખ રૂપિયા કમાવાની તેઓ આશા રાખે છે! જગતભરના મુખ્યમુખ્ય પ્રદેશોને આવરી લેતા તેમના ૩૧,૦૦૦ માઈલ લાંબા એ પ્રવાસમાં તેઓ ૧૫૦ ઠેકાણે ઊતરવાના છે, જેમાં અમેરિકા, ફીજી બેટ, ન્યૂઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, સિંગાપુર, બ્રહ્મદેશ, હિંદ, મિસર આદિ દેશોનો સમાવેશ થાય છે. મિ. ડારાકોટીની મોટી આશા ઇંગ્લંડના રાજાની લગ્નની રજતજયંતીની સ્મારક ટિકિટો છે. ૫૩૦ રૂપિયે સેટ પ્રમાણે તે ટિકિટો વેચીને તેઓ ૫ થી ૬ લાખ રૂપિયા કમાવાની આશા રાખે છે. ટિકિટસંગ્રહના શોખ પાછળ પણ જો વિશિષ્ટ દૃષ્ટિ, કુનેહ તથા સાહસ હોય તો કેવી પ્રગતિ કરી શકાય છે તેનો શ્રી ડારાકોટી એક દાખલો છે.

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ ખડકીના યુદ્ધમાં અંગ્રેજોને હાથે બાજીરાવ પેશ્વાની હાર, ૧૮૧૭
તા. ૫ દેશબંધુ ચિત્તરંજન દાસનો જન્મ, ૧૮૭૦
તા. ૮ પહેલો બોલ્શેવિક બળવો પેટ્રોગ્રાડમાં શરૂ થયો, ૧૯૧૭
તા. ૧૪ પંડિત જવાહરલાલ નેહરુનો જન્મ, ૧૮૮૯
તા. ૧૭ યુરોપનો ટૂંકો જળમાર્ગ સુએઝની નહેર ખુલ્લી મુકાઇ, ૧૮૬૯
તા. ૨૪ ડચ નૌકાસફરી ટાસ્માને ટાસ્માનિયા ટાપુ શોધ્યો, ૧૬૪૨
તા. ૨૮ આલ્બેનિયા તુર્કસ્તાનથી સ્વતંત્ર થયું, ૧૯૧૨
તા. ૨૯ ભોંસલે પાસેથી અંગ્રેજોએ ગ્વાલિયર જીતી લીધું, ૧૮૦૩
તા. ૩૦ 'ગુલિવર્સ ટ્રાવેલ્સ'ના લેખક જૉનાથન સ્વિફ્ટનો જન્મ, ૧૬૬૭

આ માસની વ્યક્તિવિશેષ: મહેન્દ્રલાલ સરકાર



હિંદમાં વૈજ્ઞાનિક કેળવણીનો ખ્યાલ લોકપ્રિય કરનાર પહેલા હિંદી, અને સત્ય તથા શુદ્ધજ્ઞાન માટે આકરી તપસ્યા કરનાર ડૉ. મહેન્દ્રલાલનો જન્મ બંગાળના હાવરા જિલ્લાના પૈકપુરા ગામડામાં ખેડૂત કુટુંબમાં ૧૮૩૩ની બીજી નવેમ્બરે થએલો. નાનપણમાં માતપિતા ગુમાવતાં તે કલકત્તે મોસાળમાં ઊછર્યા ને પ્રાથમિક તથા અંગ્રેજી શિક્ષણમાં તેજસ્વિતા બતાવી ૧૮૪૯માં સ્કૉલરશિપ મેળવી કૉલેજમાં ગયા. ત્યાં હક્સ્લે ને મિલના ગ્રંથોના વાચનથી તેમને વૈજ્ઞાનિક જ્ઞાનની એવી તીવ્ર તૃષા જાગી કે એ કૉલેજની ઊજળી કારકિર્દી છોડી વિજ્ઞાનનું થોડુંઘણું જ્ઞાન આપતી મૅડિકલ કૉલેજમાં દાખલ થયા. ત્યાં અવિરત શ્રમથી અભ્યાસ કરી એકેએક વિષયમાં ઈનામો જીતતા જઈ તે ઊચ્ચ કક્ષાએ એમ. ડી. થયા, અને તબીબી ધંધો શરુ કરતાંવેંત તેમાં ઝળકી ઊઠી ૩૦ વર્ષની વયે તો કલકત્તામાં પ્રખ્યાત થઇ ગયા.

એ સમયે બ્રિટિશ તબીબી મંડળ આગળ તેમણે હોમીઓપથી પદ્ધતિ સામે આક્રમણ કરતું એક વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. પણ તે પછી 'હોમીઓપથીનું તત્ત્વજ્ઞાન' નામનું પુસ્તક એક મિત્રે એમને મોકલ્યું. તે વાંચતાં તે પદ્ધતિની સત્યતાની પ્રતીતિ થતાં એ જ તબીબી મંડળની વાર્ષિક સભામાં નીડરપણે હોમીઓપથી પરની પોતાની શ્રદ્ધા જાહેર કરતું ભાષણ આપ્યું. એ સમયે તેમનો ખૂબ તિરસ્કાર થયો અને પરિણામે તેમનો ધંધો પડી ભાંગ્યો. પણ સત્યને ખાતર લેશમાત્ર ન ડરતાં પોતાની માન્યતાને મક્કમપણે વળગી રહી તેમણે હોમીઓપથીની પ્રૅક્ટિસ જ ચાલુ રાખી, જે ધીમેધીમે ફરી એવી જામી ગઈ કે હોમીઓપથીના તે ધન્વંતરી ગણાવા લાગ્યા.

આ પછી એમણે 'કલકત્તા જર્નલ ઑવ મેડીસીન' નામનું પત્ર કાઢી ચુનંદા મિત્રો અને જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓનું એક નાનું મંડળ સ્થાપ્યું, જે બીજમાંથી જતે દહાડે શુદ્ધ વિજ્ઞાનના પ્રયોગો, સંશોધન તથા વિતરણ માટે કામ કરતા 'વિજ્ઞાન વિકાસ મંડળ'નો ઉદ્ભવ થયો. એ વેળા અમુક તકસાધુઓ ક્રિયાત્મક વિજ્ઞાનની વધુ અગત્ય સમજાવતા સામે પડયા, પણ ડૉ. સરકાર મક્કમ રહ્યા. એકાદ દસકા પછી લીગ તો નાશ પામી અને વિજ્ઞાનમંડળ આજે જગતનું અગત્યનું શોધખોળ-મથક થઈ પડયું છે.

સરકાર તથા પ્રજા બંને તરફથી બહુમાન મેળવી તેમણે આખર અવસ્થા શાંત એકાગ્ર વિજ્ઞાનસેવામાં એટલી જ ધગશથી ગાળી ને ૭૧ વર્ષનું લાંબું આયુષ ભોગવી ઈ. ૧૯૦૩માં અવસાન પામ્યા.

નથી દુઃખદ આંસુએ સભર પાત્ર આ સૃષ્ટિનું
રહ્યું જ અહીં અશ્રુમાં વિરલ એક શ્રદ્ધા-ધનુ
—ચન્દ્રવદન મહેતા

પ્રખ્યાત વૈજ્ઞાનિક સર આઇઝેક ન્યૂટનને ત્યાં એક મળવા આવેલા પરોણાએ કલાક સુધી રાહ જોવા છતાં જ્યારે ન્યૂટન ન આવ્યો ત્યારે ટેબલ પર નોકરે લાવી મૂકેલો ન્યૂટનનો નાસ્તો પોતે જ ખાઇ લઇ, નોકરને ફરી ન્યૂટન માટે બીજો બનાવવા કહ્યું. પણ ભાગ્યવશાત્ ફરી નાસ્તો તૈયાર થાય તે પહેલાં જ ન્યૂટન આવ્યો અને પરોણાની માફી માગી કહ્યું, 'હું ઘણો થાકી ગયો હોવાથી વાંધો ન હોય તો હું થોડો નાસ્તો કરી લઉં.' આમ કહી ટેબલ પર પડેલા વાસણ ઉપરનું ઢાંકણું ઉઘાડ્યું, અને જરા પણ આશ્ચર્ય બતાવ્યા વિના સહાસ્ય મુદ્રાથી પરોણા તરફ ફરી કહ્યું, 'જોયું? કેવો ભૂલકણો છું? મેં નાસ્તો લીધો હતો એ જ હું ભૂલી ગયો!'

કહેવતોના અર્થ: 'વાટ્યું ઓસડ ને મૂંડ્યા જતિ'—ઓસડ વટાઇને એકરસ ભૂકો કે પ્રવાહી થઈ ગયા પછી એમાં કઈકઈ ચીજો પડી હોય છે તે જેમ પારખી શકાતી નથી, તથા માણસે વૈરાગ્ય લીધા બાદ તેના પૂર્વ જન્મની ન્યાતજાત જેમ પામી શકાતી નથી, તેમ, સમાજમાંની કોઈ બાબતની અગમ્યતા દર્શાવવી હોય ત્યારે આ કહેવત વપરાય છે.

અનેકાર્થી શબ્દ: મેર = માળાનો શરૂઆતનો મોટો મણકો; આગેવાન અથવા શિરોમણિ; મુકુટ; જેના ઉપર ચલમ રહે તે હુક્કાનો ડોયો; તાંબાનું એક મોટું વાસણ; એક જીવડું; સોરઠની એક જાતિ; મેરૂ પર્વત.

ગણિતગમ્મત

કુમારના ૨૯૫મા અંકમાં ૧થી૯ સુધીના બધા જ અંકને પ્રત્યેકને એકએક જ વખત વાપરીને જુદાંજુદાં ગણિત-ચિહ્નોના ઉપયોગ કરીને જુદીજુદી રીતે ૧૦૦ મેળવી બતાવ્યા છે. તેમાં બીજી પણ કેટલીક રીતે નીચે પ્રમાણે ૧૦૦ મેળવી શકાય છે:

(૧) ૯૫૬-૮૭૩+૨^{૪}+૧=૧૦૦
(૨) ૯૬૫-૮૭૪+૩×(૨+૧)=૧૦૦
(૩) ૯૮-૫૩+૪૬+૭+૨×૧=૧૦૦
(૪) ૧×[(૯×૮)+(૭×૬)+(૩×૨)-(૪×૫)] =૧૦૦

—મ. ના. ખત્રી

ઉત્તર ધ્રુવ કરતાં દક્ષિણ ધ્રુવનો પ્રદેશ વધુ ઠંડો છે, કારણકે તે પ્રદેશ સમુદ્રની સપાટીથી ૧૦ હજાર ફૂટ ઊંચો છે.




ટીપુ સુલતાનના સમયનો મ્હૈસુર રાજ્યનો શ્રીરંગપટ્ટનનો ત્રાંબાનો સિક્કો; જેની એક તરફ હાથી અને બીજી તરફ ફારસી લિપિમાં 'ઝર્બ પટ્ટન' અક્ષરો લખેલા છે.

દૂધ પાણીવાળું છે કે નહિ તે તપાસવાની કસોટી એ છે કે તેમાં તદ્દન સ્વચ્છ સોય ડુબાડીને બહાર કાઢવી. જો તે તદ્દન ચોખ્ખા રૂપમાં જ બહાર આવે તો દૂધ પાણીવાળું જ સમજવું. પણ જો દૂધ ચોખ્ખું હશે તો થોડુંક તો સોયને ચોંટશે. વળી પાણીવાળું દૂધ વાસણને જ્યાં અડે છે તે કિનારી આગળ તેનો રંગ ભુરાશપડતો હોય છે.

શક્કરિયાં ખોદ્યા પછી જલદી બગડી જાય છે. તેને સાચવવાની રીત એ છે કે એક પીપમાં નીચે રેતીનું થર પાથરી ઉપર શક્કરિયાં અને લાકડાના વહેરના થર વારાફરતી પાથરી છેક ટોચ સુધી ભરી દેવાં. આ રીતે ૪થી૫ માસ એક પણ શક્કરિયું બગડ્યા વિના સાચવી શકાશે.

સળગતી સગડી પર મીઠું છાંટીને તેમાંથી નીકળતો વાયુ શ્વાસમાં લેવાથી સળેખમ, ખમખમા ને ઇન્ફ્લુએન્ઝા મટી શકે છે.



એક જાડો તાર અને કૅમિસ્ટને ત્યાં મળતી ઍડહેઝિવ ટેઈપ નામની ચીકણી પટ્ટી વડે કોટ લટકાવવા માટેનો ઘરગથ્થુ હૅન્ગર ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બનાવી શકાય. તાર પાતળો હોય તો તેને બેવડો કરી લેવો.

પોતાની અલ્પતાનું દર્શન કરવું એ મહાન થવાનો આરંભ છે. વિખુટું પડેલું સમુદ્રબિંદુ પોતાને સમુદ્ર કહે તો સુકાઈ જાય; પણ પોતાની બિંદુતા સ્વીકારે તો સમુદ્રભણી પ્રયાણ કરે ને તેમાં લય પામી સમુદ્ર બને. —ગાંધીજી

કલાકણિકા



ઇરાનનાં ઈ.સ. પૂર્વે ૫૦૦ એટલેકે અઢીહજાર વરસ પહેલાંના સમયનાં ઘોડાનાં માથાની આકૃતિવાળાં સોનાનાં એરીંગ.

ચીનની ૨૦ ફૂટ ઊંચી અને ૧૫૦૦ માઈલ લાંબી વિખ્યાત દીવાલ ચીનના શહેનશાહ ચીન શિહ હુાગ ટી એ ઈ. પૂ. ૨૧૪માં ઉત્તર તરફના જંગલી લોકોથી બચવા બંધાવેલી.

વિમાનમાંથી પક્ષીઓની ગતિ માપતાં એમ જણાયું છે કે કાગડાઓ કલાકના ૩૧ થી ૩૫ માઇલની ગતિએ ઊડે છે. હંસ (Ducks) ૪૪ થી ૫૦ માઈલની અને પ્લોવર્સ (Plovers) ૪૦ થી ૪૧ માઇલની ગતિએ ઊડે છે. અબાબીલ કલાકના ૧૦૦ માઈલ કાપતી મનાય છે. ૧૦ થી ૧૨ હજાર ફૂટ સુધી પંખીઓ દેખાય છે. પણ ૫૦૦૦ ફૂટથી ઊંચે તેઓ ભાગ્યે જ જણાય છે.

જગતનું સૌથી ઊંચું મકાન ન્યૂયૉર્કનું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ ૧૨૪૮ ફૂટ ઊંચું છે. તેનાથી બીજા નંબરે આવતું ૧૦૪૬ ફૂટ ઊંચું ન્યૂયૉર્કનું ક્રાઇસ્લર બિલ્ડિંગ છે. ત્રીજે નંબરે આવતો પારીસનો એફેલ ટાવર ૯૮૪ ફૂટ ઊંચો છે.

ધુમ્મસ (Fog) હોય છે ત્યારે સૂર્ય લાલ શાથી દેખાય છે?

ધુમ્મસ સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર પડતો અટકાવે છે, પણ તે બધો જ પ્રકાશ અટકાવી શકતું નથી. સૂર્યમાંથી નીકળતાં 'શૉર્ટ વેવ' કિરણો તે અટકાવીને વિખેરી નાખે છે, પણ 'લૉંગ વેવ' કિરણો તો તેમાંથી પણ સોંસરાં નીકળી જઈ શકે છે. અને લાલ રંગનાં કિરણો એ સૌથી વધુ 'લૉંગ વેવ' કિરણો હોવાથી ધુમ્મસને વખતે આપણે ફક્ત તે જ જોવા પામીએ છીએ. આથી સૂર્ય લાલ દેખાય છે.

'શત્રુથી ડર્યા વગર રણભૂમિ ઉપર પ્રાણ પણ અર્પણ કરવા તૈયાર થવું જોઈએ અને એ વસ્તુ રાષ્ટ્રીય ભાવનાથી થઈ શકે છે એ કબૂલ કરવું જોઈએ. પણ મૂળથી જ જો માણસ દુષ્ટ હશે તો બીજા દેશના લોકો સાથે વર્તતી વખતે તેના લોભને થોભ નહિ રહે. આથી માનવજાતનું અપરંપાર નુકસાન થયાના દાખલાઓ ઇતિહાસમાં મળી આવે છે. જિત લોકો સાથે સંબંધ આવતાં જ સત્તાધારી સાધુ-પુરુષ પણ પોતાના શીલથી ચ્યૂત થાય છે. સ્વરાજ્યમાં પણ જો સત્તાધારી લોકો શીલવંત એટલે કે નિષ્પાપ નહિ હોય તો પ્રજાજન ઉપર જુલમ જ થશે અને પ્રજા દુઃખીદુઃખી થએલી દેખાશે. સ્વ-રાજ્ય હોય કે પરરાજ્ય હોય, લોકોનું કલ્યાણ થાય એ હેતુથી વર્તનારા સત્તાધારી જ જોઇએ. આવા શીલવાન—નિષ્પાપ સત્તા-ધારી નિર્માણ કરવાનો કયો માર્ગ છે ? પરમેશ્વરનો ભય જેને લાગે છે તેના હાથથી બનતાં સુધી ગેરવ્યાજબી કાર્ય થતું નથી... આત્મ-શુદ્ધિની જરૂર છે તે આ માટે જ. જે લોકો સ્વભાવથી દુષ્ટ છે તેમનું દુષ્ટપણું ઓછું કરવાની તાકાત એકલા દેશાભિમાનમાં નથી. તે દેશા-ભિમાની હશે તો રાષ્ટ્રનો બચાવ કરવા લડશે ખરો. પણ આપણા રાષ્ટ્રની બહાર બીજાઓ સાથે વર્તતી વખતે તેમની અકડાઇ જ જણાઇ આવશે. પરમેશ્વરની ભક્તિ અને દેશાભિમાન એ બેમાં આ મોટો ફરક છે.' એક કાળે સશસ્ત્ર ક્રાંતિની તૈયારી કરવા નેપાળ ગએલા ખાડિલકર પાછળથી સત્ય અને અહિંસાના નિઃસીમ ઉપાસક કેમ બન્યા તે પર ઉપરની તેમની મનોવૃત્તિ સારો પ્રકાશ ફેંકે છે.

ખાડિલકરનાં અંતનાં વર્ષો સાંસારિક દૃષ્ટિએ દુઃખમાં વીત્યાં. પત્નીની માંદગી, મોટા પુત્રની પત્નીનું મૃત્યુ, નાના પુત્રનું મૃત્યુ ઈત્યાદિ આપત્તિઓ સાથે તેમને અર્ધાંગ વાયુનો રોગ થયો અને આંખો પણ નબળી પડી. પણ જાતે ઇશ્વરપરાયણ અને કર્મયોગી હોવાથી તેમને કશું જ મનદુઃખ થયું નહિ. અને ગયા ઑગસ્ટની ૨૬મી તારીખે, કૃષ્ણજન્માષ્ટમીને દિવસે, ચિત્તની પરમ શાંતિમાં, તેમના શૌર્ય ને શીલભર્યા આત્માએ દેહનો ત્યાગ કર્યો.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા 'આપણી વનસ્પતિ'નો ૨૧મો હપતો

લેખકઃ **જયંતીલાલ દેવશંકર ઓઝા** એમ.એસસી.

અરીઠા



ઘરગથ્થુ ઉપયોગની આ વનસ્પતિને હિંદભરમાં કોણ નહિ જાણતું હોય? તેને સંસ્કૃતમાં અરિષ્ટક અને હિંદી તેમજ મરાઠીમાં'રીઠા'કહે છે.અંગ્રેજીમાં તે Soap-nut Tree અગર Soap-Berry Tree નામથી ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ 'સૅપિન્ડસ ટ્રાઈફૉલીએટસ્'. (Sapindus trifoliatus Linn.)

અરીઠાનું વૃક્ષ હિંદનું વતની છે અને તે મધ્ય, પશ્ચિમ તથા ખાસ કરીને દક્ષિણ હિંદ-માં સારા પ્રમાણમાં ઉગાડવામાં આવે છે.

આ સુંદર વૃક્ષ મધ્યમ કદનું થાય છે. તેનાં પાન સંયુક્ત અને દાંડીવાળાં હોય છે. દરેક સંયુક્ત પાન ૪ થી ૬ નાનાં પાનનું બનેલું હોય છે. આ નાનાં પાન સામસામાં ગોઠ-વાએલાં, ૩ થી ૯ ઈંચ લાંબાં, અને ૧ થી ૪ ઈંચ પહોળાં, તળિયે તેમજ ટોચે સાંકડાં થતાં, ઉપરની બાજુએ લીસાં અને નીચેની બાજુએ નરમ રૂંવાંટીવાળાં હોય છે.


આ નવેમ્બર–ડીસેમ્બર માસમાં તેને ફૂલ બેસે છે. તે બહુ નાનાં, આછાં સફેદ, બૂરી રૂંવાંટીવાળાં ને શાખાઓના છેડે સમૂહમાં આવેલાં હોય છે. (જુઓ ચિત્ર) તેનાં ફળ ગર્ભવાળાં, ૨ અગર (સામાન્ય રીતે) ૩ ભા-ગવાળાં, અને તાજાં હોય ત્યારે રૂંવાંટીવાળાં પરંતુ પાકાં થતાં લીસાં અને કરચલીવાળાં થાય છે. માર્ચ માસમાં તે ફળ પાકે છે અને તેના દરેક ભાગમાં એક બીજ હોય છે. આ બીજ કાળાં, લીસાં, કઠણ, ગોળ અને મોટા વટાણા જેવડાં હોય છે. અરીઠાનું વૃક્ષ બીજ વડે તેમજ કાપકલમથી પણ ઊગે છે.

અરીઠાના ફળમાં 'સેપોનિન' નામનું રાસાયનિક તત્ત્વ હોય છે, તેથી તે ધોવાના કામમાં બહુ ઉપયોગમાં લેવાય છે. તાજાં કે સૂકાં ફળમાંથી બીજ કાઢી, બાકીની છાલ તથા ગર્ભને પાણીમાં થોડો વખત ભીંજવી તેને મસળવાથી સાબુની જેમ ફીણ વળે છે. આ પાણીથી રેશમી તથા ગરમ કપડાં તેમજ માથાના વાળ ધોવાય છે, ને ધોવાના સાબુ કરતાં તે અનેકગણું વધારે કામ આપે છે. અરીઠાથી ધોએલાં રેશમી કપડાં પર રંગ ચડાવતાં રંગ તેજદાર બને છે.

અરીઠાનું લાકડું કઠણ હોઈ તેનો ઉપયોગ ગાડાં તેમજ બીજાં ઉપયોગી સાધનો બના-વવામાં થાય છે.

આયુર્વેદ તેમજ યુનાની દવામાં પણ અરીઠાનો ઉપયોગ થાય છે. તેનું ફળ તીક્ષ્ણ, ઉષ્ણ, વિષઘ્ન (ઝેરને મારનારું) અને વામક (ઉલટી કરાવનારું) ગણાય છે. તે ત્રિદોષને મટાડે છે અને સ્ત્રીઓની યોનિ માટે ઉત્તે-જક ગણાય છે. મરડો, કૉલેરા, પક્ષઘાત, હિસ્ટીરિયા, બાળકોનાં વાઈનાં દર્દ, સ્ત્રીઓ-ની યોનિના દુખાવા વગેરેમાં અરીઠાના ફળનો ઉપયોગ થાય છે. તેનું બીજ સ્વાદિષ્ટ હોય છે અને તે બાળકના જન્મ સમયે યો-નિને ઉત્તેજવા માટે તેમજ સ્ત્રીઓને ઋતુ સાફ આવે તે માટે વાપરવામાં આવે છે. અરીઠાનું ફળ પૌષ્ટિક ગણાય છે અને દમ, શ્વાસ તેમજ ખાંસીમાં તેનો ઉપયોગ થાય છે. 'નિઘંટરત્નાકર'માં જણાવ્યા પ્રમાણે અરીઠાનું ફળ પાણીમાં વાટી સર્પદંશ પર વપરાય છે. વળી 'સુબોધવૈદક'માં જણાવ્યા પ્રમાણે વીંછીના દંશ પર અરીઠાના ફળનો ભૂકો ખવડાવાય છે અને તેના બીજને બા-ળીને તેના ધુમાડાનો શ્વાસ લેવાય છે. પરંતુ આધુનિક નિષ્ણાતો કાયસ અને મ્હસ્કરના મત પ્રમાણે અરીઠાના ફળ સર્પદંશ તેમજ વીંછીના દંશ ઉપર બીનઅસરકારક છે.

અરીઠાના બીજમાંથી ચરબી જેવું તેલ નીકળે છે અને તે સાબુ બનાવવામાં વપ-રાય છે. તેના વૃક્ષના મૂળની તેમજ થડની છાલમાં પણ રાસાયનિક તત્ત્વ 'સેપોનિન' હોય છે, અને તેમાં પણ ફળમાં રહેલા તત્ત્વ જેવા જ ગુણ રહેલા છે.



તુલસીવિવાહ ચિત્રકાર · વિનયચંદ્ર ત્રિવેદી